Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૬૮
તા.૦૬-૧૧-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૫ સૂર્યાસ્ત : ૦૬:૦૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૪.૨ | વડોદરા | ૩૪.૦ |
| અમદાવાદ | ૩૨.૮ | સુરત | ૩૩.૪ |
| ગાંધીનગર | ૩૪.૦ | નલિયા | ૩૫.૮ |

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# કોઈ 'પંજો' ગરીબોનો હક નહીં છીનવી શકે : મોદી

### વચેટિયાઓના ૫૭૦૦૦ કરોડ રૂપિયા પર તાળા મુક્યા છે : હિમાચલમાં કોંગ્રેસ મેદાન છોડીને ભાગી ચુકી છે : મોટા નેતાઓ તો દેખાતા નથી : હિમાચલમાં ચૂંટણી એક તરફી રહેશે

ઉના

હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઝંઝાવતી રેલીઓ શરૂ થઈ ચુકી છે. આજે પણ મોદી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. આજે ઉનામાં ચૂંટણી રેલીને સંબોધન કરતા મોદીએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ ઉપર પ્રહારો કરતા તેમણે કહ્યું હતું કે, આ વખતે વિધાનસભા ચૂંટણી લડવામાં મજા આવી રહી નથી. કારણ કે કોંગ્રેસ પાર્ટી પહેલાથી જ મેદાન છોડીને ભાગી ચુકી છે. કોંગ્રેસ પાર્ટીના નેતાઓ હિમાચલમાં દેખાઈ રહ્યા નથી. મિડિયામાં પણ ભાજપ અંગે જ સમાચારો આવી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓ કોઈ જગ્યાએ દેખાઈ રહ્યા નથી. તેમણે ઉમેર્યું હતું કે, મોદી ઉપર ચારેબાજુથી પ્રહાર કરવામાં આ લોકો લાગેલા છે. હિમાચલ પ્રદેશમાં ચૂંટણી સંપૂર્ણપણે એક તરફી બની ચુકી છે. પ્રજાને કોંગ્રેસના ઈરાદા અંગે માહિતી મળી ચુકી છે. આજે સામાન્ય મતદારો પણ અંતર સમજી રહ્યા છે. કામ કરનાર સરકાર કયા પ્રકારની હોય છે અને નબળી સરકાર કયા પ્રકારની હોય છે. મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહારો કરતા કહ્યું હતું કે જયારે રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે તેઓ કહેતા હતા કે દિલ્હીથી એક રૂપિયો નિકળે છે તો ગામમાં જતા જતાં ૧૫ પૈસા થઈ જાય છે. મોદીએ કહ્યું હતું કે, રૂપિયાના ૧૫ પૈસા અધવચ્ચે જ કોંગ્રેસ પાર્ટીના લોકો બનાવી દેતા હતા.



### બેરોજગારીના મુદ્દે આકરા પ્રહારો

## વધતી કિંમતોને કાબૂમાં ન કરી શકતા હોય તો સીટ ખાલી કરો : રાહુલ

નવીદિલ્હી

ચૂંટણી માહોલમાં કોંગ્રેસ પાર્ટી અને ખાસ કરીને રાહુલ ગાંધી તરફથી ભાજપ સરકાર ઉપર એક પછી એક તીખા હુમલા કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે વધતીજતી કિંમતો અને બેરોજગારીના મુદ્દા ઉપર મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર જો કિંમતો અને બેરોજગારીને કાબૂ કરવામાં સફળ રહેતી નથી તો પોતાની સીટ છોડી દેવી જોઈએ. રાહુલે કહ્યું હતું કે, એલપીજીની કિંમતોમાં વધારો થયો છે. એક લેખની સાથે રાહુલે ટ્વિટ કરતા કહ્યું છે કે, ગેસની કિંમતોમાં વધારો થયો છે. ચીજવસ્તુઓની કિંમતો સતત વધી રહી છે. માત્ર ભાષણો આપવામાં આવી રહ્યા છે. કામ થઈ રહ્યા નથી. અત્રે નોંધનીય છે કે, રાંધણ ગેસની કિંમતમાં બુધવારના દિવસે પ્રતિ સિલિન્ડર ૪.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. જુલાઈ ૨૦૧૬માં સરકારે આના પર સબસિડી ખતમ કરવા માટે દર મહિને કિંમતો વધારવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી હજુ સુધી ૧૯ વખત રેટમાં વધારો કરવામાં આવી ચુક્યો છે. ગેસની કિંમતો વધારવાના મુદ્દે કોંગ્રેસ સહિત અનેક રાજકીય પક્ષો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, કેન્દ્રની સરકાર પ્રજાની સાથે વિશ્વાસઘાત કરી રહી છે. ગુજરાતના વલસાડમાં રાહુલ ગાંધીએ હાલમાં જ એક રેલીમાં આક્ષેપ કરતા કહ્યું હતું કે, મેક ઈન ઈન્ડિયાના મેઝિક તરીકે આ બાબત છે કે, ભારતમાં દરેક ૨૪ કલાકમાં માત્ર ૪૫૦ યુવાનોને રોજગારી મળી રહી છે જ્યારે ચીનમાં દરરોજ ૫૦૦૦૦ લોકોને નોકરીની તકો મળી રહી છે.

### જીએસટી કાઉન્સિલની બેઠકમાં અંતિમ નિર્ણય લેવાશે

## રોજ ઉપયોગમાં આવતી વસ્તુ ઉપર ટેક્સ ઘટાડાશે

### નાના અને મધ્યમ કારોબારીઓની ફરિયાદની ગંભીર નોંધ લેવાઈ

નવીદિલ્હી

નાણાંપ્રધાન અરૂણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક નવમી અને ૧૦મી નવેમ્બરના દિવસે ગુવાહાટીમાં મળનાર છે. જેમાં સરકાર નાના કારોબારીઓ અને વેપારીઓને પડી રહેલી તકલીફોનો ઉકેલ લાવી શકે છે. આ ઉપરાંત આ બેઠકમાં સામાન્ય ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓ પર ટેક્સ ઘટાડી દઈને સામાન્ય લોકોને મોટી રાહત આપવામાં આવે તેવી શક્યતા છે. વેપારીઓ માટે તેમાં ટેક્સ રાહતની જાહેરાત કરવામાં આવી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે કહી ચુક્યા છે કે આગામી જીએસટીની બેઠકમાં નિર્ણયોને લઈને સર્વસંમતિ થઈ ગઈ છે. સરકાર દેશના અર્થતંત્રને મજબુત કરવા માટે અને કારોબારીઓને મદદ કરવા માટે તમામ પગલા લેશે. એમ માનવામાં આવે છે કે બેઠકમાં હાથથી બનેલા ફર્નિચર, પ્લાસ્ટિક પેદાશો તેમજ શેમ્પુ જેવી દરરોજ ઉપયોગમાં આવતી ચીજો પર જીએસટીના દરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. સરકારી અધિકારીઓએ કહ્યુ છે કે કેટલીક સામાન્ય ઉપયોગમાં આવતી વસ્તુઓ પર ૨૮ ટકા જીએસટીના દને ઘટાડી દેવા માટે વિચારણા કરવામાં આવશે. નાના અને મધ્યમ એકમોને રાહત આપવા માટે સમિતિ એવા ક્ષેત્રોમાં કરવેરાના દરને વધારે તર્કસંગત બનાવશે જ્યાં જીએસટી લાગુ થયા બાદ ટેક્શેસન રેટ વધી રહ્યા છે. પહેલાની પરોક્ષ કરવેરા વ્યવસ્થા અથવા તો ઈનડાયરેક્ટ ટેક્સમાં આના પર ચાર્જના દરમાં છુટછાટ હતી. અથવા તો નીચલા દરેથી મુલ્યવર્ધિત કરવેરા લાગુ થતા હતા. જીએસટી વ્યવસ્થા આ વર્ષે જ અમલી કરવામાં આવી હતી.

## પદ્માવતી ફિલ્મને લઈને અંતે મામલો ગુજરાત હાઈકોર્ટમાં

અમદાવાદ

બોલીવુડના જાણીતા નિર્દેશક સંજય લીલા ભણશાલીની પદ્માવતી ફિલ્મને લઈ ગુજરાત સહિત સમગ્ર દેશભરના રાજપૂત સમાજમાં વિરોધનો વંટોળ ફુંકાયો છે ત્યારે પદ્માવતી ફિલ્મનું રિલીઝ ગુજરાત સહિત દેશભરમાં અટકાવવા દાદ માંગતી બહુ મહત્વની જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે, જેની સુનાવણી આગામી દિવસોમાં નીકળે તેવી શકયતા છે. શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજ શેખાવતે કરેલી જાહેરહિતની રિટ અરજીમાં પ્રતિવાદી પક્ષકારો તરીકે કેન્દ્ર સરકાર, રાજય સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબ ીએફસી), ભણશાલી પ્રોડકશન-મુંબઈ અને વાયાકોમ ૧૮ મોશન પિક્ચર્સ-મુંબઈને દર્શાવવામાં આવ્યા છે.

### રાજકોટ, સુરતમાં શરૂઆતમાં પ્રચાર કરશે

## ગુજરાતમાં ૯મીથી નરેન્દ્ર મોદીનો ઝંઝાવતી પ્રચાર

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુંકાઈ ચુક્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરવા તૈયારી કરી ચુક્યા છે. મળેલી માહિતી મુજબ મોદી નવમી નવેમ્બરથી વિધિવતરીતે ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. અલબત્ત વડાપ્રધાનની ઓફિસ તરફથી રાજ્ય ભાજપને અંતિમ માહિત મળી શકી નથી પરંતુ જાણકાર સુત્રોના કહેવા મુજબ વડાપ્રધાન મોદી નવમી નવેમ્બરે સુરતમાં પ્રચાર કરનાર છે જ્યારે ૧૦મી નવેમ્બરે રાજકોટ ખાતે પહોંચી શકે છે. મોદી આ બંને શહેરોમાં જાહેર સભાઓ કરશે. તાજેતરના સમયમાં જ આ બંને શહેરોમાં મોટાપાયે અંધાધૂંધી જુદા જુદા વિષયોને લઈને થઈ ચુકી છે. આવી સ્થિતિમાં મોદી ઉપર હવે મુખ્ય આધાર છે. સુરત અને અન્યત્ર ભાજપને લઈને હાલમાં નારાજગી પણ દેખાઈ રહી છે. ભાજપ માટે ચૂંટણી પ્રચારની બાબત આ જગ્યાએ મુશ્કેલરુપ દેખાઈ રહ છે પરંતુ આક્રમક ઝંઝાવાતી પ્રચાર કરવા માટે મોદી સુસજ્જ થઈ ચુક્યા છે. હાલ મોદી હિમાચલમાં પ્રચાર કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે.

### નારણપુરા વિધાનસભા મતક્ષેત્રમાં ધમધમાટ

## ગુજરાત ચૂંટણી : મંગળવારથી અમિત શાહ ડોર ટુ ડોર પ્રચાર કરશે

### રાષ્ટ્ર પ્રમુખના લોકસંપર્ક રાઉન્ડને લઈને ભાજપના કાર્યકરો અને આગેવાનો દ્વારા તડામાર તૈયારી : ૧૦૪થી વધુ બોટલ લોહી એકત્રિત કરવાનો કાર્યક્રમ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે હાલ ગુજરાતમાં ધામા નાંખ્યા છે. તા.૭મી નવેમ્બરથી તેઓ અમદાવાદના ખાસ કરીને તેમના નારણપુરા વિધાનસભા સહિતના મતક્ષેત્રમાં રૂબરૂ ફરી મતદારોથી માંડી પાયાના કાર્યકરોને મળી ભાજપના ચૂંટણી પ્રચાર અભિયાન હાથ ધરશે. અમિત શાહના આ લોકસંપર્ક રાઉન્ડને લઈ નારણપુરા વિધાનસભા મતક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં ભાજપના કાર્યકરો અને આગેવાનો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ કરી દેવાઈ છે. ખાસ કરીને વિસ્તારમાં મોદીના સંકલ્પ અભિયાન અને અમિત શાહની સૂચના મુજબ, સ્વચ્છતા અભિયાનનો અમલ કરાવાઈ રહ્યો છે અને કયાંય ગંદકી કે અસ્વચ્છતા ના રહે તેનું ધ્યાન રખાઈ રહ્યું છે. રાજયભરમાં પણ આ પ્રકારે લોકસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવશે. બીજીબાજુ, નારણપુરા વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના જન્મદિનની થેલેસેમિયાના બાળકોના લાભાર્થે રકતદાન શિબિર યોજી ૧૦૪થી વધુ બોટલ લોહી એકત્ર કરી રેડક્રોસ સંસ્થાને અર્પણ કરાયું હતુ અને આ રીતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની બર્થ ડેની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી. નવા વાડજ વોર્ડના મંત્રી રમેશભાઈ ગીડવાણી, સ્થાનિક કોર્પોરેટર જીગ્નેશ પટેલ, આર.ડી.દેસાઈ સહિતના આગેવાનોના નેજા હેઠળ પંડિત દિનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ આયોજિત રકતદાન શિબિરમાં મહિલાઓ, યુવાનો સહિત ભાજપના કાર્યકરો-આગેવાનોએ સારી એવી સંખ્યામાં થેલેસેમિયાના બાળકોના લાભાર્થે રકતદાન કર્યું હતું. દરમ્યાન ભાજપ અત્યારે જે પ્રકારે પાટીદાર આંદોલન, કોંગ્રેસ, દલિતો સહિતના પરિબળો સામે લડત આપી રહ્યું છે, તેને લઈ પાયાના અને સંનિષ્ઠ કાર્યકરોનો ઉત્સાહ ઓછો ના થાય કે તેઓમાં કોઈ નિરાશાનું વાતાવરણ અસર ના કરે તે હેતુથી ખુદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતમાં ધામા નાંખ્યા છે. દક્ષિણ ગુજરાત સહિતના ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર બાદ અમિત શાહ તા.૭મીથી શહેરી વિસ્તારમાં ખાસ કરીને અમદાવાદના તેમના નારણપુરા વિધાનસભા મતક્ષેત્ર સહિતના વિસ્તારોમાં ડોર ટુ ડોર ફરીને મતદારોથી લઈ પાયાના કાર્યકરો, આગેવાનોને રૂબરૂમાં મળી તેમને ભાજપના વિકાસનો ઈતિહાસ સમજાવશે.

## હાર્દિક પટેલ મુશ્કેલીમાં : યુવા પાટીદાર બ્રિગેડ દ્વારા ચેતવણી

અમદાવાદ

તાજેતરમાં જ પાટીદાર સમાજની છ વિવિધ સંસ્થાઓના વડીલ આગેવા નોએ એક મંચ પર જાહેરમાં આવી પાસના નેતા હાર્દિક પટેલ આણિમંડળીનો ખુલ્લો વિરોધ કર્યો હતો અને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન હવે પ્રાઈવેટ અનામત આંદોલન બની ગયું છે ત્યારે હવે યુવા પાટીદાર બ્રિગેડે પણ હાર્દિક પટેલ સામે બાંયો ચડાવી છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સરદાર કલ્પરથ સહિતની સંસ્થાઓના યુવા પાટીદાર આગેવાનોએ પણ આજે એક મંચ પર આવી હાર્દિક પટેલનો વિરોધ કરી તેને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, જો હાર્દિક પટેલ કોંગ્રેસની પાટલીમાં બેસી પાટીદાર અનામત આંદોલનને બદલે પર્સનલ આંદોલન ચલાવશે તો, પાટીદાર યુવાઓનું તેને કોઈપણ સંજોગોમાં સમર્થન રહેશે નહી. યુવા પાટીદાર બ્રિગેડે હાર્દિક પટેલને અંગત રાજકીય સ્વાર્થમાં રાજકીય રોટલો શેકવાનો પ્રયાસ કરાશે તો, પાટીદાર યુવાઓ તરફથી હવે જડબાતોડ જવાબ અપાશે એવી ચેતવણી પણ આપી હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સરદાર કલ્પરથ સહિતની પાટીદાર સંસ્થાઓના પાટીદાર યુવા આગેવાનો સંજય પટેલ, હરેશ પટેલ, કમલ વાટલીયા અને દિલીપ મામાએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજની પાટીદાર આયોગની રચના, પાટીદાર અનામત આંદોલન દરમ્યાન થયેલા તમામ કેસો પરત ખેંચવા, પોલીસ અત્યાચાર કરનાર કસૂરવાર અધિકારીઓ સામે નિવૃત્ત હાઈકોર્ટ જજના વડપણ હેઠળ તપાસ પંચની રચના અને આંદોલન દરમ્યાન શહીદ થયેલા પાટીદાર જવાનોના પરિવારોને વળતર સહિતની માંગણીઓ રાજય સરકારે સ્વીકારી લીધી છે. પાસ, એસપીજી સહિતના પાટીદાર સમાજના નેતાઓની હાજરીમાં આ સમગ્ર મામલે સરકાર સાથે સમાધાન થઈ ગયું છે, તેથી હવે પાટીદાર અનામત આંદોલન ચાલુ રાખવાનો કોઈ અર્થ રહેતો નથી.

### વિચાર વૈભવ...

## સાચા ગુરુ

જાપાનમાં એક મહાન ઝેનગુરૂ થઈ ગયા. નામ એમનું બાંકી. આશ્રમમાં દૂર દૂરથી ઘણા વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા. ગુરૂ બાંકી ખૂબ જ પ્રેમથી એમને ફિલસૂફી તેમજ ઝેનનું જ્ઞાન આપતા.

એક વખત એક વિદ્યાર્થી ચોરી કરતાં રંગે હાથ પકડાઈ ગયો. અન્ય વિદ્યાર્થીઓ એને પકડીને ગુરૂ બાંકી પાસે લઈ ગયા. બધાને એમ હતું કે ગુરૂ એ ચોર વિદ્યાર્થીને ખિજાશે અથવા તો આશ્રમમાંથી જ કાઢી મુકશે. પરંતુ તે બધાની નવાઈ વચ્ચે ગુરૂએ તો ચોરી એ સારી વાત ન કહેવાય એટલું જ બોલીને બીજી વાતો શરૂ કરી દીધી. એ વિદ્યાર્થીને ઠપકાના બે ઉગ્ર શબ્દો પણ ન કહ્યા. અરે! એમણે તો જાણે આખી વાતને જ ઉડાવી દીધી!

બધા વિદ્યાર્થીઓને ગુરૂનું આવું વલણ જોઈને નવાઈ લાગી. ગુરૂએ એક વાકયથી વધારે ચોરી અંગે કાંઈ કહ્યું પણ નહી એ વાતનો થોડોક આઘાત પણ એમને લાગ્યો. છતાં થોડીક ગણભણ પછી આ બધું ભૂલીને સૌ ભણવામાં લાગી ગયા.

આ તરફ પેલા ચોર વિદ્યાર્થીને મજા પડી ગઈ. ગુરૂના આવા વલણથી એની હિંમત વધી ગઈ. આ ગુરૂ તો ખિજાતા નથી અને શિક્ષા પણ કરતા નથી એ વિચારમાત્રથી એના મનમાંથી ચોરીની બીક જ નીકળી ગઈ. એણે બીજી વખત કોઈપણ જાતના ડર વગર બિન્દાસપણે ચોરી કરી.

ફરી વખત બધા વિદ્યાર્થીઓ એને પકડીને ગુરૂ બાંકી પાસે લઈ ગયા. આ વખતે બધાને હતું કે હવે તો ગુરૂ એને બરાબરની શિક્ષા કરશે જ. એકાદ વખત આવી મહાન વ્યકિત જવા દે, પરંતુ વારંવારની ભૂલ તો માફ ન જ કરે. પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે બબ્બે વખત રંગે હાથ પકડાવા છતાં એ ચોરને ગુરૂએ ફકત એટલું જ કહ્યું, 'બેટા! ચોરી એ સારી વાત ન કહેવાય. એ એક ખુબ જ ખરાબ આદત છે!'

ફરી વખત ગુરૂએ પેલાને કાંઈ જ શિક્ષા ન કરી. એનાથી આ વખતે પણ બધાને નવાઈ અને આઘાત તો લાગ્યાં જ, ઉપરાંત ગુસ્સો પણ એટલો જ આવ્યો. ખુલ્લેઆમ વટથી ફરતા અને મનફાવે ત્યારે ચોરી કરતા એ વિદ્યાર્થીને ગુરૂએ જાણે એણે જાહેરમાં છીંક ખાધી હોય અને ટોકતા હોય એટલું જ ટોક્યો. એનાથી એ બધા અત્યંત નારાજ થઈ ગયા. દરેકના મનમાં અત્યંત ગુસ્સો હતો, પરંતુ ગુરૂ સામે બોલવાની કોઈની હિંમત નહોતી. એટલે થોડીક ગુસપુસ કરીને બધા છુટા પડ્યા.

બધા વીખરાઈ તો ગયા, પરંતુ કોઈનો ગુસ્સો શાંત થવાનું નામ નહોતો લેતો. એટલે એ રાતે બધા ફરીથી ભેગા થયા. ઘણી બધી ચર્ચાઓના અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે કોઈએ ગુરૂ સાથે દલીલોમાં ન ઊતરવું, પરંતુ સમગ્ર વાત અને સૌના વિચારો તેમજ લાગણી એક કાગળમાં ઉતારી બધા વતી એ કાગળ ગુરૂને આપી દેવો. પછી ગુરૂએ જે કરવું હોય તે કરશે. એમ છતાં જો ગુરૂ કોઈ યોગ્ય નિર્ણય ન કરે તો પત્રમાં લખ્યા મુજબ આગળ પગલાં ભરવાં.

આટલું નક્કી કરી બધાએ પેલા ચોર વિદ્યાર્થી તેમજ એણે કરેલી ચોરીની અથથી ઈતિ સુધીની બધી વાત એક કાગળમાં વિગતે લખી. અન્ય વિદ્યાર્થીઓની લાગણી અને રોષ પણ એમાં વર્ણવ્યાં. જો એ ચોર વિદ્યાર્થીને શિક્ષા કરીને કાઢી મુકવામાં નહીં આવે તો બાકીના બધા વિદ્યાર્થીઓ આશ્રમ છોડીને જતા રહેવાનું પસંદ કરશે એવું પણ છેલ્લે લખ્યું. સવારે ઊઠીને બધાએ સૌથી પહેલું કામ એ કાગળ ગુરૂ બાંકીને પહોંચાડવાનું કર્યું.

ગુરૂ બાંકીએ એ કાગળ લઈને એમાંની વિગત નિરાંતે વાંચી. પછી બધા પર એક પ્રેમભરી નજર ફેરવી. જરાક હસ્યા અને કહ્યું, 'મારા વહાલા શિષ્યો! તમે સૌ ખુબ જ શાણા છો. અત્યંત સમજુ છો. સાચું શું અને ખોટું શું એની તમને સૌને બરાબર સમજણ પડે છે. તમે બીજે ભણશો કે બીજે ગમે ત્યાં જશો તો પણ તમારું ભવિષ્ય તો ઉજ્જવળ જ રહેવાનું છે. એટલે તમને બધાને આશ્રમ છોડીને જતા હું નહીં રોકું! તમારે સૌને જવું હોય તો તમે જઈ શકો છો.' એટલું કહી ગુરૂ બે ક્ષણ માટે અટકયા.

બધા શિષ્યો આઘાત સાથે એકબીજા સામે જોવા લાગ્યા. એમના માનવામાં નહોતું આવતું કે ગુરૂ આ શું કહી રહ્યા છે!

'પરંતુ મારા વહાલા શિષ્યો!' ગુરૂ આગળ બોલ્યા, 'જે વિદ્યાર્થીએ ચોરી કરી છે, એને તો એ ખબર પણ નથી કે ચોરી કરવી એ ખરાબ છે! જેને હજુ સારું શું અને ખરાબ શું, સાચું શું, અને ખોટું શું એની પણ ખબર ન હોય એનો સાથ હું કેવી રીતે છોડી દઉં? એને સાચા રસ્તાની સમજણ આપવા માટે તો એનાં માતાપિતાએ મારી પાસે મોકલ્યો છે. હું જ એને અહીંથી કાઢી મૂકીશ તો પછી સાચા - ખોટાની સમજણ એને કોણ આપશે? એની જિંદગી તો એક ચોર કે ગુનેગારની જ બની જશે! નહીં નહીં હું એવું તો ન જ કરી શકું. મારે તો એને સાચા રસ્તા પર લાવવાનો છે. મારું એ કામ પૂરું ન થાય ત્યાં સુધી હું એને ન છોડી શકું. એને સારાસારની સમજણ આવે ત્યાં સુધી હું આશ્રમમાં જ રાખીશ. મારી આટલી વાત સાંભળ્યા પછી પણ જો તમારે સૌને આશ્રમ છોડીનું જવું હોય તો જઈ શકો છો. હું તમારામાંથી કોઈને પણ નહીં રોકું! પરંતુ પેલાને તો હું નહીં જ જવા દઉં!'

બધા વિદ્યાર્થીઓ ચૂપ થઈ ગયા. પેલો ચોર વિદ્યાર્થી અચાનક જ કાંઈક સત્ય સમજાયું હોય એમ દોડીને ગુરૂ બાંકીના પગમાં ઢગલો થઈ ગયો. એની આંખો કહેતી હતી કે એમાં રહેલ પાણી એ ખાલી આંસુ નહોતાં, પરંતુ ગુરૂના પ્રેમથી એના મનમાં જે પસ્તાવાનું ઝરણું ફૂટી નીકળ્યું હતું એ આંખો દ્વારા વહી રહ્યું હતું!

- ડો.આઈ.કે.વીજળીવાળા









## સૂર્યોદય - ૬.૪૫ સૂર્યાસ્ત - ૬.૦૪

## તિથિદર્શન
કારતક વદ-૩ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ :ત્રીજ સોમવાર નક્ષત્રઃ રોહીણી સાંજે ૭.૫૦ પછી મૃગશીર્ષ યોગ : પરીઘ કરણ:વણીજ  આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### જલમગ્નિવિષં શસ્ત્ર ક્ષુદ્‌વ્યાધિઃ પતનં ગીરેઃ નિમિત્તં કિંચિદાસાધ દહીં પ્રામાન્વિમુંચતિ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’ નો આ શ્લોક છે.  જળ- અગ્નિ- વિષ-ઝેર, હથિયાર, ભૂખ- રોગ- બીમારી- વ્યાધિ, અથવા પર્વત પરથી કે  ક્યાંકથી પણ પ્રયોજન- નિમિત્ત- કારણથી સૌ કોઈ માનવ- પ્રાણી- પશુ- પંખીઓ મૃત્યુ પામે છે, મૃત્યુ- મૃત્યુના દેવ યમરાજ કે ઈશ્વર પોતે મરણનું કારણ બનતા નથી. મૃત્યુનું નિમિત્ત ઉપર જણાવેલી ઘટનામાંથી જ કોઈ બને છે. વિધિ-વિધાતા પૂર્વજન્મનાં કર્મો પ્રમાણે નિશ્ચિત શ્વાસ લઈને (સંખ્યા) ભરીને આપણને મોકલ્યા છે. સંત- મહાત્માઓ આ ‘શ્વાસ’ ને ગણતરીપૂર્વક રોકીને ધ્યાન- સમાધિ દ્વારા ઓછા- સંયમથી વાપરે છે. અને વર્ષોથી, વર્ષો સુધી જીવી જાય છે. જ્યારે આપણે તેલથી તરબતર મસાલા ખાઈ દમ- શ્વાસ દ્વારા ‘ધમણ’ ચલાવી શ્વાસ પહેલા વાપરી નાખીએ. ભગવાન પોતે કોઈને લાકડી કે શસ્ત્ર લઈને ‘મારતો’ નથી. માનવી જાતે જ પોતાનાં કર્મો- દુષ્કર્મો- પાપ- પુણ્યથી ઈશ્વરને ‘કારણ’ શોધીને આપે છે. મરનારના બેસણાં પર કોઈ પૂછે શું થયું હતું? ત્યારે કોઈ ‘ભગવાને ખૂન કર્યું’ એમ કહેતું જ નથી. રોગ- દોષ- એટેક બધાનું  નિમિત્ત’ માનવી જ જાતે જ ઊભાં કરે છે, હજારો વર્ષ જીવનારા મહર્ષિ પણ હજુ હિમાલય- જૂનાગઢમાં  છે જ.

## દલાલ સ્ટ્રીટમાં તીવ્ર તેજી રહે તેવા સંકેત : પરિણામો ઉપર નજર હશે

મુંબઈ

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા કારોબાર દરમિયાન કેટલાક પરિબળોની અસર સીધી રીતે જોવા મળી શકે છે. જેમાં જીએસટી કાઉન્સિલની ગુવાહાટીમા મળનાર બેઠક, ત્રિમાસિક ગાળાના પરિણામો અને અન્ય પરિબળોની અસર જોવા મળી શકે છે. ફાયનાન્સિયલ પરિણામો ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે. આના કારણે બજારની દિશા નક્કી કરવામાં આવી શકે છે. જે અગ્રણી કંપનીઓ દ્વારા તેમના પરિણામ જાહેર કરવામાં આવનાર છે તેમાં સિપ્લાનો પણ સમાવેશ થાય છે. તેના પરિણામ મંગળવારના દિવસે જાહેર કરવામાં આવનાર છે. તાતા મોટર્સ, ઓરોબિન્દો ફાર્મા દ્વારા ગુરૂવારના દિવસે તેના પરિણામ  જાહેર કરવામાં આવનાર છે.

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

પારસી કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાસની જન્મજયંતી છે.  તેઓ વિજ્ઞાન, તત્વજ્ઞાન, જયોતિષશાસ્ત્ર, હસ્તરેખાશાસ્ત્ર, અધ્યાત્મ, હિંદુ ધર્મશાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા અને યોગના ઉપાસક હતા.  એમનો જન્મ ૬-૧૧-૧૮૮૧ ના રોજ દમણમાં થયો હતો. તેમણે ‘બાદલ’ તખલ્લુસથી કવિતાઓ લખી છે.  વીસમી સદીના પૂર્વાધમાં ગુજરાતી કવિઓમાં મોખરાનું સ્થાન ભોગવનાર કવિઓમાં સર્વશ્રી નરસિંહરાવ અને ન્હાનાનલાલની હરોળમાં ત્રીજા કવિ તરીકે જો કોઈનું નામ મુકી શકાય તેમ હોય તો તે શ્રી ખબરદારનું. તેમણે ખૂબ જ લખ્યું છે. કાવ્યો, વિવેચનો, અનુવાદો વગેરે, પરંતુ કવિ તરીકે જ તેઓ ગુજરાતી સાહિત્યમાં અમરત્વ પામ્યા છે.

આ યશસ્વી કવિનું ૩૦-૭-૧૯૫૩ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**
આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ**
આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન**
આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક**
આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ**
આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા**
આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા**
આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક**
આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન**
આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર**
આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ**
આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન**
આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

- કનકચંદ્ર સી. વ્યાસ

બનાસકાંઠા જિલ્લાની કડવી વાસ્તવિક્તા

# જિલ્લામાં દારૂ બંધીના અમલના જવાબદારો રાત્રી દરમિયાન નશામાં રહેતા હોવાની રાવ !

### જિલ્લામાં સબ સલામતના દાવા વચ્ચે ગુનાહિત પ્રવૃતિમાં વધારો

પ્રતિનિધિ   છાપી

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત પ્રવૃતિઓમાં વધારા સાથે નશાબંધીનો અમલ નબળો પડતો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં જેની પાસે નશાબંધીનો અમલ કરવાની સઘળી જવાબદારી છે તે અમલદારો રાત્રિ સમયે નશામાં ધૂત હોવાનું જાણવા મળી રહ્યું છે. વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીની તારીખો જાહેર થવાની સાથે જ સરહદી બનાસ કાંઠામાં પડોશી રાજયના રાજસ્થાનમાંથી ચૂંટણી પૂર્વે વિદેશી દારૂની ખેપો વધવા લાગી છે. ચૂંટણી પૂર્વે ઠેરઠેર સામાજીક મિટીંગોના સંભવિત ઉમેદવારો તેમજ પાર્ટી લેવલની મિટીંગ યોજવામાં આવવાની સાથે દારૂની મહેફીલો પણ આપવામાં આવી રહી છે. જોકે આ તમામ બાબતો વચ્ચે જિલ્લા પોલીસ ઉપર નશાબંધીનો કડક અમલ કરાવાની જવાબદારી છે તે કર્મીઓ રાત્રિ ફરજ દરમિયાન નશામાં ધૂત બની આમ પ્રજાને રંજાડતા હોવાની પણ લોકોમાં ફરીયાદ ઉઠી રહી છે આ બાબતે લોકો ફરીયાદ પણ કરી શકતા ન હોવાનું જાણવા મળે છે. જિલ્લાના એક એક ગામથી વાકેફ અને જિલ્લામાં એક નિષ્ઠાવાન પોલીસ .

અનુસંધાન પાના નં.૬

## આસોદર ગામે દેવદિવાળીની રાત્રીએ રણછોડરાય મંદિર દિપમાળાઓની રોશનીથી ઝગમગયુ



પ્રતિનિધિ   આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામે શ્રી રણછોડરાયજી ના મંદિરે દેવ દિવાળી ની રાત્રિ એ દિપમાળાઓની રોશનીથી ઝગમગયુ અતિપવિત્ર અને પાવન નગરી ગણાતા એવા આસોદર ગામમાં  ઢીમા ધરણીધર ભગવાનના નાના ભાઈ એવાશ્રી રણછોડરાયજી નુ અતિપ્રાચીન મંદિર આવેલુ છે.  ત્યાં દર વર્ષે ની જેમ આ વર્ષે દેવદિવાળી ની રાત્રિ એ આસોદર ગામના તેમજ આજુબાજુ પંથકના લોકો તેમના મૃતક સ્વજનોતેમજ જીવીત વ્યક્તિ ઓ ની પાછળ ૩૬૫ દિવડા ની દિપમાળા ભરવા મોટી સંખ્યામાં ઉમટયા હતા.  પોતાના પૂર્વજોના આત્માને શોન્તિ મળી રહે તે માટે સ્વજનો દેવદીવાળી ના દિવસે પોતાના સગાંવહાલાં સાથે મોટી સંખ્યામાં દીપમાળા ભરવા મોટી સંખ્યામાં ઉમટે છે.રાત્રીના સમયે મંદિરનો નજારો જોવાનો લ્હાવો કંઈ ઔર હોય છે.મંદિર ના પૂજારી રામાનંદી સાધુ પરિવાર દ્વારા પૂજા અને આરતી કરવામો આવે છે. આસોદર ગામમાં શ્રી રણછોડ રાયજી નુ ભવ્ય મંદિર આવેલુ છે. તેમજ દર પુનમ નો મેળો ભરાય છે.

## બાપલા  દુધ મ્ડલી માં વી.વી.પેટ મશીનનુ પ્રદર્શન યોજાયુ

પ્રતિનિધિ   બાપલા

ધાનેરા તાલુકા ના બાપલાની દુધ મંડલી માં ધાનેરા મામલતદાર કચેરીદ્વારા વી.વી પેટ મશીન નુ પ્રદશન કરવામાં આવયુ હતુ.વી.વી.પેટ મશીન ની સમજ આપી પોતે કયા ઉમેદવારને મત આપ્યો તે સાત મીનીટ સુધી જોઇ શકાશે.જે પરસગે બાપલા સરપંચ વૈજંતિબેન હરેશભાઈ શાહ, હરેશભાઈ શાહ,બાપલાના તલાટી ભુરાભાઈ પટેલ, બાપલા દૂધમંડલીના મંતરી મફાભાઈ પટેલ,માંનાભાઈ પટેલ, કિર્તીભાઈ વકિલ તેમજ ગામની પરજા હાજર રહી વી.વી.પેટ મશીન અંગે  વધુ જાણકારી મેલવી લોકોને જાગરુત કર્યો  હતા.

## નોટબંધીના કારણે કાશ્મીરમાં ફંડિંગ મામલે ખુલાસો થયો છે

ઉના, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધીના કારણે કાશ્મીરમાં ફેલાયેલા આતંકવાદ ઉપર બ્રેક મુકવામાં સફળતા મળી હોવાનો દાવો આજે કર્યો હતો. હવાલા કાંડને લઈને ઘણી બાબતોનો ખુલાસો થઈ ચુક્યો છે.  કાશ્મીરમાં પાકિસ્તાનથી આવનાર ફંડ અંગેની સમગ્ર માહિતી મળી ચુકી છે પરંતુ આનાથી કોંગ્રેસને પરેશાની થઈ છે. તેઓ બ્લેક ડે મનાવવાની તૈયારી કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ૮મી તારીખથી દેશભરમાં આંદોલન કરવાની તૈયારીમાં છે પરંતુ અમે ઈમાનદારી માટેના આંદોલનને જારી રાખીશું. તેમણે એમ પણ કહ્યું હતું કે, ત્રણ લાખ કંપનીઓ ઉપર તાળા મુકી ચુક્યા છે. જે માત્ર કાગળ ઉપર હતી.

## ખીમાણા ગામે આઈશ્રી ખોડિયાર માતાજીના મંદિરે હવન યોજાયો




પ્રતિનિધી   ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે પૌરાણિક આઈશ્રી ખોડીયાર માતાજીનું સ્થાનક આવેલ છે. જ્યાં મંદિરના પટાંગણમાં વર્ષગાંઠ (સાલગીરી) નિમિત્તે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમાર ગલાબજી પરિવાર દ્વારા જીર્ણોધ્ધાર કરીને ભવ્ય મંદિર બનાવેલ છે. જ્યાં દર સાલે ગલાબજીના પરિવાર દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યજ્ઞમાં બેસવાનો લાભ પરમાર હેમાજી ગલાબજી, પરમાર જોરાજી ચેનાજી, પરમાર લક્ષ્મણજી વાઘાજીએ લીધેલ હતો અને યજ્ઞના શાસ્ત્રી તરીકે જોષી જેસુંગભાઈ તથા જોષી વિપુલભાઈ દ્વારા શાસ્રોક્ત વિધિથી યજ્ઞમાં આહ-ુતિ અપાવી હતી.

આ પ્રસંગે બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહી યજ્ઞના દર્શનનો લાભ લીધો હતો. તેમજ બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે પરમ પુજય મહંતશ્રી શ્યામનારાયણ ગીરીબાપુ, સરપંચ ફતુજી પરમાર, માજી સરપંચ પરમાર સુખાજી, પીરાજી, છગનજી પરમાર, શંભુજી પરમાર, અભેસિંહ પરમાર, દેવુસિંહ પરમાર, વિષ્ણુભાઈ મોદી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બુઢણપુર ખાતે દશનામ ગૌસ્વામી સમાજનું સ્નેહમિલન યોજાયું

### ગૌસ્વામી સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવા સમાજની હાકલ

થરાદ

થરાદના બુઢણપુરમાં અતિત ફાર્મહાઉસ ખાતે અખિલ ગુજરાત પ્રમુખની ઉપસ્થિતમાં થરાદ તાલુકા દશનામ ગૌસ્વામી સમાજનું પ્રથમ સ્નેહમિલન યોજાયું હતું.જેમાં ગૌસ્વામી સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવાની સાથે શિક્ષણ પર ભાર આપવા હાકલ કરવામાં આવી હતી.




થરાદના બુઢણપુરમાં ઉત્તર ગુજરાત પ્રદેશ મહામંડળ દશનામ ગૌસ્વામી સમાજના સંગઠન મંત્રી રેવાગર શાંતીગર ગૌસ્વામી (અતિત)ના ફાર્મ હાઉસમુકામે રવિવારે થરાદ તાલુકા દશનામ ગૌસ્વામી સમાજનું પ્રથમ સ્નેહમિલન યોજાયું હતું.જેમાં અખિલ ગુજરાત ગૌસ્વામી સમાજ પ્રમુખ મહંત શ્રીદોલતપુરી, કાકરેજ તાલુકા ભાજપ મહામંત્રી હંસપુરી શિહોરી, દિનેશપુરી તથા આસોદર મઠના મહંત શ્રી રેવાપુરી બાપજી અને થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં સમાજના આગેવાનો, અને યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત સમાજના મહેમાનોનું સાફો, સાલ, અને ફુલહારથી થરાદ તાલુકા દશનામ ગોસ્વામી સમાજ ના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું.ત્યાર બાદ પ્રાસંગિક પ્રવચનમાં સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવાની સાથે વ્યસન અને કુરીવાજોથી દુર રહી બાળકોના શિક્ષણ પર ભાર આપવા હાકલ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલે પણ ભારતીય જનતા પાર્ટીની થરાદ વિધાનસભા ચૂંટણીને કમળ અને પંજા લડાઈ ગણાવી ભાજપના ઉમેદવારને મત આપવાની સમાજ આગળ વિનંતી કરી હતી. બુઢણપુરના સરપંચ રમેશગીરી જે અતિત, પુર્વ સરપંચ રેવાગીરી એસ અતિત, ભીખાગીરી એચ અતિત અને ચંદનપુરી અતિતે કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

## સાચા આનંદની શોધ

ચાણક્યએ કહ્યું છે કે, આનંદ એ દૈવી ઔષધ છે દરેકે તેમાં રોજ સ્નાન કરવું જોઈએ પણ આનંદની સાચી સંકલ્પના હજી આપણે સમજી શકતા નથી.માટે જ આનંદની શોધ માટે વલખા મારીએ છીએ.જંગલમાં રહેતુ હરણ કસ્તુરીની શોધમાં આમતેમ ભટકતું રહે છે.બેબાકળુ બની જંગલો ઝાડીઓ ડુંગરા કંદરાઓમાં ભટકતું રહે છે.પરંતુ ક્યાંય તેને કસ્તુરી મળતી નથી.આમ જતે મૃગજળ પાછળ દોટ મુકે છે રણમાં ક્યાંય ક્યાંય સુધી તે દોડ્યા કેર છે. ભટક્યા કરે છે.પણ તે તેને મળતું નથી.એ જળ એની તરસ છીપાવતા નથી.હરણ જે કસ્તુરી મેળવવા માટે ભટકે છે. તે તેની અંદર જ છુપાયેલી છે તેનામાં જ સમાયેલી છે એ વાત એને સમજાઈ જાય તો તેને કસ્તુરીની શોધમાં ભટકવું ન પડે.

આપણે પણ આ હરખની માફક જ ખુશી મેળવવા માટે બે ઘડીનો આનંદ મેળવવા માટે બહાર ભટકીએ છીએ.કોઈ વ્યક્તિ રડવા માટે કે દુઃખ માટે કે નિરાશા, હતાશા માટે ઝંખતો હોય એવું જોયું છે ?ગરીબ હોય કે ધનવાન, બાળક હોય, યુવાન હોય કે વૃધ્ધ હોય અથવા સ્ત્રી હોય કે પુરુષ હોય દરેકને આનંદ જોઈએ છે. આનંદની પ્રાપ્તી એ આપણી જરૂરીયાત છે પરંતુ આપણે પણ હરણની માફક આનંદના ઝરણાંને બહાર શોધીએ છીએ.બાહ્ય જગત અને એની સાથે જોડાયેલી ભૌતિક સુખ સુવિધાઓમાં આપણે આનંદને શોધ્યા કરીએ છીએ, સવારથી સાંજ મથ્યા કરીએ છીએ.

**મન-દર્પણ**

બાળક જન્મે છે ત્યારથી ધીરે ધીરે એનો વિકાસ થાય છે બાળકમાંથી એ યુવાન બને છે.અને ત્યાર બાદ વૃધ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે.મૃત્યુ પર્વત વ્યક્તિના જન્મથી માંડીને ઘણા બધા ફેરફારો થાય છે.શરીરના તો ખરાંજ પણ મનના પણ એટલા જ.આ ફેરફારોની સાથે સાથે તેના આનંદની મેળવવાના માધ્યમો પણ બદલાય છે.બાળક પહેલા રમકડાં, જુદી જુદી રમતો, ખાવાની ચીજ વસ્તુઓથી આનંદ મેળવે છે.ધીમે ધીમે તે યુવાન થાય છે તો એની જરૂરીયાતો બદલાય છે.તેની ભુખ બદલાઈ જાય છે.શારીરિક, માનસીક, આર્થિક વગેરે ભુખ બસ એને સંતોષવા માટે મથ્યા જ કરે છે. પ્રથમ બાળક સ્વરૂપે હોય ત્યારે માતાના ખોળામાં તેને આખી દુનિયાનો બધોજ આનંદ મળી જાય છે. પણ થોડુક મોટુ થાય પછી એટલે કે શિશુમાંથી પુષ્ઠ બનતા તેને ભાઈબંધો અને બહેનપણીઓ સાથે આનંદ મેળવે છે.પછી તેને ઘરના સભ્યોમાં કે માની ગોદમાં આનંદ નથી મળતો.તે વધારે ને વધારે બહાર ભટકે છે.પોતાની ઈન્દ્રીયોની તૃપ્તી માટે વિષય રૂપી અજવાળાનાં ફસાઈને જ્યાં ત્યાં ભટક્યા કરે છે.તેને જ તે આનંદ માનવા લાગે છે.પણ તે ક્ષણિક સુખ પુરૂ થતા પાછો હતો ત્યાંનો ત્યાં આવી જાય છે.પરણ્યાની પહેલી રાત્રે પત્ની મળ્યાનો આનંદ, પતિ પત્નિના જીવનમાં બાળકનું આગમન થાય એટલો તેનો આનંદ પણ આ બધા આનંદ થોડા સમયમાં ઉતરી જાય છે પાછો માનવી નવા આનંદની શોધમાં ભટકવા લાગે છે.

આર્થિક ભૌતિક સુખ સગવડ મેળવવા પાછળની દોટ, સમાજમાં પ્રતિષ્ઠા, આબરૂ મેળવવા માણસ તનતોડ મહેનત કરે છે.આ બધુજ મધ્યમાં આનંદ મેળવવા માટે છે.માણસ તેનું સમગ્ર જીવન આનંદ મેળવવામાં ખર્ચી નાખે છે.આખી જીંદગી મથ્યા કરે છે પણ આનંદ સ્થિર તેના જીવનમાં રહેતો નથી.શા માટે ? કારણ કે માનવી સાચા આનંદને જાણતો નથી? ભૌતિક સુખ સગવડ, માન મરતબો આપણને આનંદ આપે છે.પણ તે આનંદ ક્ષણિક હોય છે. એનાથી આપણને સંતોષ નથી થતો કારણ કે એ સાચો આનંદ નથી માટે.

આપણે આપણા શરીરમાં જે આત્મા બેઠેલો છે એજ આનદનું બીજ છે.એને ઓળખી જઈએ એટલે એ બીજ ક્યારે વટવૃક્ષ બની ખીલી જાય અને જીવન આનંદ આનંદ થઈ જાય એનો ખ્યાલ રહેતો નથી.સંતો, મહાપુરૂષો પાસે નહોતા, પુરતાં કપડા, સંતો, મોટા મહેલો, બગીચા કે ધનનાં  ઢગલા તેમ-છતાં એ સદા આનંદી અને નિરોગી રહેતા હતા શા માટે ? કારણ કે તેઓ આત્માના સાચા આનંદને ઓળખી ચુક્યા હતા.આનંદમાં રહેનાર વ્યક્તિને કોઈ રોગ થતા નથી.મનમાં ઉદ્વેગ, શેષ, નિરાશા, ઈર્ષા, ભરેલાં હશે તો એ બધા વિષ રોગોના ઢગલાને નોતરશે અને જો મન આનંદમાં હશે.નિજાનંદમાં હશે તો બધા રોગોને દુર ભગાડી મુકશે.આનંદ એ તો દેવી ઔષધ છે.આપણે સતત મનને ખુશ કરવા માટે આંધળી દોટ મુકીએ છીએ.પણ વિચાર કરીએ તો સત્ય સમજાય છે કે સાચો આનંદ આપણા આત્મામાં જ છુપાયેલો છે.

- મંજુ પ્રજાપતિ

# થરાદમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજનું સ્નેહમિલન યોજાયું




થરાદ

થરાદમાં શ્રીમાળી બ્રાહ્મણસમાજ દ્વારા શહેરના શ્રીજાગેશ્વર મહાદેવના મંદીરમાં રવિવારે સ્નેહમિલન અને તેજસ્વી વિધાર્થીઓનો ઈનામ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.બે દિવસીય કાર્યક્રમમાં શનિવારની રાત્રે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં પુજ્ય બાલબ્રહ્મચારી મહારાજ શ્રી વાલજીબાપુ (રાંટીલા), પાલિકાના મહીલા પ્રમુખ સુમિત્રાબેન દવે,સમાજના યુવા પ્રમુખ દિપકભાઇ ઓઝા સહિત બહોળી સંખ્યામાં સમાજના આગેવાનો અને યુવકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં સમાજના બાળકોને ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં સહભાગી થનાર દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# ડીસામાં ક્ષત્રિય જાગીરદાર સમાજનું સ્નેહમિલન યોજાયું



ભરત સુંદેશા

## ક્ષત્રિય સમાજની વિધાનસભા ચૂંટણીમાં સમાવેશ કરવા માંગ

ડીસા

વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ દરેક સમાજ શક્તિ પ્રદર્શન કરી પોતાના અસ્તિત્વનો પરચો બતાવી રહ્યા છે ત્યારે બનાસકાંઠામાં પણ ક્ષત્રિય જાગીરદાર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ ડીસા આખોલ ખાતે યોજાયો હતો જેમાં જો રાજકીય પક્ષો ટીકીટ નહીં આપે તો નુકશાન ભોગવવાની તૈયારી રાખવી પડશે તેમ જાગીરદાર સમજે ચીમકી ઉચ્ચારી છે.

બનાસકાંઠાના ડીસા ખાતે ક્ષત્રિય જાગીરદાર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમના નામે શક્તિ પ્રદર્શન યોજાયું હતું. બનાસકાંઠા જિલ્લામાં ક્ષત્રિય સમાજ કુલ ૩૦ ટકા જેટલી મત બેન્ક ધરાવે છે પરંતુ તેમની દરેક રાજકીય પક્ષ દ્વારા અવગણના કરાતી હોવાથી ક્ષત્રિય સમાજ એકજુથ થયો છે આ બાબતે ગુજરાત ક્ષત્રીય મંચના અધ્યક્ષ બહાદુરસીંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા તેમને ટીકીટ નહીં આપવામાં આવે તો માત્ર ડીસા જ નહીં પરંતુ બનાસકાંઠાની તમામ નવ બેઠકો પર રાજકીય પક્ષોએ નુકશાન ભોગવવુ પડશે તેમ જણાવ્યું હતું.

આ બાબતે ક્ષત્રીય સમાજના યુવા અગ્રણી અર્જુનસીંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ડીસા ખાતે યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ એકજુથ થયો છે અને ક્ષત્રિય સમાજ સાથે દરેક રાજકીય પક્ષો દ્વારા અન્યાય કરવામાં આવી રહ્યો છે જેથી હવે સમાજના યુવાનો પણ પીછેહઠ કરે તેમ નથી અને જો રાજકીય પક્ષો દ્વારા ક્ષત્રિય સમાજની અવગણના કરવામાં આવશે તો તમામ વિધાન સભાની બેઠકો પર અસર કરશે તેમ ચીમકી ઉચ્ચારી હતી.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરાના જડીયા મેળામાં મારામારી : એકને ઈજા

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના જડીયા ગામે દેવદિવાળીના દિવસે ભરાતા કાત્યોકના મેળામાં લોકો ધાર્મિક આસ્થા સાથે ફરવા માટે આવે છે. ગતરોજ મેળામાં બોર ઓપરેટર રમેશભાઈ મફાભાઈ રબારી પાણીની વ્યવસ્થામાં હતા. તે દરમ્યાન આરોપી કમલેશભાઈ કાળાભાઈ ભીલે મેળામાં ગીરદીના કારણે ધક્કો કેમ મારે છે તેમ કહી માર મારવા લાગેલ. તથા તેના અન્ય બે સાગરીતો બળવંતભાઈ અરજણભાઈ ભીલનું થાવર તથા હરીભાઈ મું. ધરણોધર વાળાએ પોતાની પાસેના શેરડીના સોઠાથી માર મારી ભાગી છુટ્યા હતા. ત્યારબાદ રમેશભાઈના ભાઈને ખબર પડતા રમેશભાઈને સરકારી દવાખાને દાખલ કરી ધાનેરા પોલીસને જાણ કરતાં પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# થરાદમાં વૈકુંઠધામ મંદિરે ત્રિદિવસીય દિવ્ય સત્સંગ યોજાયો



(વિષ્ણુ દવે)

થરાદ

થરાદના ગાયત્રી મંદિર પાસે આવેલા રામાનુજ નગરમાં આવેલા શ્રી વૈકુંઠધામ મંદિરમાં શુક્રવારથી ત્રિ દિવસીય કથા જ્ઞાનયજ્ઞ અને દિવ્ય સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાસપીઠ પર થરાદના બળીયા હનુમાન મંદિરના સેવક અને જાણીતા કથાકાર મોન્ટુ મહારા-જે અમૃતવાણીનું સંગીતમય માહોલમાં રસપાન કરાવ્યું હતું. વૈકુંઠધામ મંદીરના મહંત શ્રી નારાયણદાસ બાપુ અને ભક્તમંડળ દ્વારા સરસ આયોજન કરવામાં આવ્યું હતું. કથાનું રસપાન કરવા બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠામાં ભાજપ - કોંગ્રેસ વચ્ચે મરણીયો જંગ જામશે : ખોટ પૂરવા ભાજપમાં કશ્મકશ...

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ નો માહોલ હજુ શિયાળાની ઠંડીની જેમ કોઈનો ઈન્તજાર કરી રહ્યાં છે. અડધો કારતક ઉતર્યો છતાંય ઠંડી ક્યાં ? ઉમેદવારોના નામ જાહેર નથી થતાં તો ચૂંટણી રસ પણ ઓછો પડે છે દિયોદરમાં ઠાકોર ક્ષત્રિય સેનાના કાર્યકરો પર હુમલો વિવાદનો વટોળ વધુ ફંકાય તેવું લાગી રહ્યું છે ત્યારે આપણે બનાસકાંઠાની નવ વિધાનસભા બેઠકનો ગઈકાલે વાયદો કર્યો હતો તે જોવા પ્રયત્ન કરીશું. સામાજીક શૈક્ષણિક રીતે પછાત એવા કચ્છના રણ પાકિસ્તાન - રાજસ્થાન બંનેની સીમાને ટચ કરતો આ જિલ્લો બનાસનદી- પર્ણાશાના નામથી પ્રસિધ્ધ છે. બનાસકાંઠા કોઈ ગામ નથી પણ બનાસનદી પરથી આ જિલ્લાનું નામ બનાસકાંઠા જે બનાસનદીની રેત - ભૂખનન માફીયા માટે સ્વર્ગ સમાન બની છે. ૨૪ મી જુલાઈ ૨૦૧૭ નું ઘોડાપૂર સરકારની તિજોરીનો ખોડો વધુ ગહન કરી નવી રેત લાવવામાં સફળ રહ્યું છે. તેવા આ બનાસકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકા અમીરગઢ, કાંકરેજ, ડીસા, થરાદ, દાંતા, દાંતીવાડા, દિયોદર, ધાનેરા, પાલનપુર, ભાભર, વડગામ, વાવ, લાખણી, સુઈગામ. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ આ જિલ્લાની વસ્તી ૩૧, ૨૦, ૫૦૬ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી તરીકે આર.જે. માંકડીયા તથા પોલીસ અધિકારી તરીકે નિરજ બડગુજર ફરજ બજાવી રહ્યા છે. વિદેશી દારૂનું પ્રવેશ દ્વાર ગણાય છે. ચેક પોસ્ટો લગભગ શોભાના ગાંઠીયા જેવી સાબીત થતી હોવાનું લોકમુખે ''વિદેશી દારૂને પીને જાહેરમાં રખડતા દારૂડીયાને જોઈને ચર્ચાય છે. તો આ જિલ્લાના મધ્યસ્થ કેન્દ્ર જેવા ડીસા નગરમાં ભેળસેળ યુક્ત નકલી વસ્તુઓનું ઉત્પાદનને જિલ્લામાં તેનું વેચાણ મોટા પાયે થાય છે. જેનું પેટા કેન્દ્ર કાંકરેજ તાલુકાનં વેપારી મથક થરા નગર બની ગયું છે. પાટણ જિલ્લાના હારીજની હરોળમાં ભેળસેળ નકસલ ખોરીમાં આ બંને વેપારી મથકોનો સમાવેશ થાય છે.

યશપાલસિંહ ટી.વાઘેલા

અહીં ભાજપ કોંગ્રેસની લડાઈમાં લગભગ કોંગ્રેસનો હાથ આજદિવસ સુધી ઉંચો રહ્યો છે લોકસભા ૨૦૦૯ ની ચૂંટણીમાં કોંગ્રેસના મુકેશ ભેરવદાન ગઢવી વિજેતા થયેલા જ્યારે ૨૦૧૪ ની લોકસભામાં હરિભાઈ ચૌધરી (ભાજપ) વિજેતા થઈ આજે કેન્દ્રીય રાજ્ય મંત્રી મંડળમાં સ્થાન જમાવ્યું છે. વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણી ભાજપ માટે બનાસકાંઠાની ૦૯ બેઠકોમાં કપરા ચડાણ જેવી સ્થિતિ છે. કોંગ્રેસને નુકશાન થાય તો બીજે સરભર થશે પણ ભાજપની ખોટ પૂરાવવાની બનાસકાંઠામાં કોઈ શક્યતા દેખાતી નથી. વધુ આવતીકાલે ઈન્તજાર કરો.

# વાવના ઢીમા ખાતે ક્ષત્રિય જાગીરદાર સમાજનો સત્કાર સમારોહ યોજાયો



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૪/૧૧/૧૭ ને શનિવારના રોજ સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા નગરે વાવ - થરાદ, સુઈગામ અને ભાભર તાલુકાના જાગીરદાર સમાજ આયોજીત વાવ રાણા સાહેબ રાજેન્દ્રસિંહજી ચૌહાણનો સત્કાર સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. વાવ રાજવી સ્ટેટના રાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણની ગુજરાત સરકારના અન્ન નાગરિક પુરવઠા નિગમમાં ડિરેક્ટર પદે નિમણુંક થતાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે વાવ- થરાદ- સુઈગામ- ભાભર તાલુકાના જાગીરદાર સમાજે રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીનો આભાર વ્યક્ત કર્યો હતો. વાવ રાણા ગજેન્દ્રસિંહે વાવ થરાદ પંથકના વિકાસના કાર્યોને બિરદાવી આગામી ૨૦૧૭ વિધાનસભા બંને બંઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાવા માટે જાગીદાર સમાજને આહવાન કર્યું હતું.

વધુમાં જે પદમાવતી ફિલ્મ રજુ થનાર છે. જેનો રાજપુત કરણી સેના દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મ ઉપર રોક લગાવવા મંત્રી શંકરભાઈ ચૌધરીને રજુઆત કરવામાં આવી હતી. મંત્રીએ પણ આ ફિલ્મ ઉપર રોક લગાવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે થરાદ ધારાસભ્ય પરબતભાઈ પટેલ, સુખદેવસિંહજી સોઢા, વાવ યુવરાજ શિવરાજસિંહજી ચૌહાણ, રતનસિંહજી (લાખાસર), ગુમાનસિંહજી ચૌહાણ, ઉમેદદાનજી ગઢવી (જિ.ભાજપ મહામંત્રી), કરણસિંહજી (નારોલી), સિદ્ધરાજસિંહજી (પિલુડા), થાનસિંહજી (લોરવાડા), પ્રભાતસિંહજી (ભાભર), વનરાજસિંહજી રાઠોડ (ભાભર), દાદુભા તથા વિશાળ સંખ્યામાં જાગીરદાર સમાજના બંધુઓ રાજકીય અગ્રણી, પાર્ટીના કાર્યકર મિત્રો હાજર હાજર રહ્યા હતા.

# વાવ અને થરાદ બેઠક ઉપર ઉમેદવારોની પસંદગીના મુદ્દે કોંગ્રેસ અવઢવમાં

**''જો'' અને ''તો'' ને લઈ અટકળોનો દૌર : વાવ - થરાદ- દિયોદર બેઠક ઉપર ઠાકોર, ક્ષત્રિય, પટેલ સમાજના જાતિગત સમીકરણનું ગણિત**

તાલુકા પ્રતિનિધિ વાવ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવાને હવે માત્ર ગણત્રીના દિવસો એટલે કે ૩૭ દિવસ બાકી રહ્યા છે. ચૂંટણીની તૈયારીઓ તમામ પ્રક્રિયાઓને આખરી ઓપ અપાઈ ચુક્યો છે. ત્યારે વાવ અને થરાદ બેઠક ઉપર ભાજપ પાર્ટીએ બંને બેઠકો ઉપર સીટીંગ ધારાસભ્યોના નામ ઉપર મહોર મારી દીધી છે. માત્ર જાહેરાતની ઔપચારિકતા જ બાકી રહી છે. જ્યારે કોંગ્રેસ પાર્ટી ''જો'' અને ''તો'' ના ગણિત વચ્ચે સમીકરણોનો આં-કડો બેસાડવાના મુદ્દે અવઢવમાં મુકાઈ છે.

વાવ, થરાદ, દિયોદર આ ત્રણે બેઠક ઉપર રાજકીય વિશ્લેષકો ઠાકોર, ક્ષત્રિય, પટેલ સમાજના ગણિતના આં-કડાઓ મેળવી રહ્યા છે. થરાદ ખાતે ''જો'' કોંગ્રેસ રાજપુત સમાજને ટીકીટ ફાળવે ''તો'' વાવમાં ઠાકોર ઉમેદવાર દિયોદરમાં પટેલ ઉમેદવાર નિશ્ચિત થાય ''તો'' વાવ ઠાકોર અને દિયોદર ખાતે ક્ષત્રિય ઉમેદવાર ફાઈનલ થઈ શકે છે. હાલમાં જો અને તો વચ્ચે થરાદ બેઠક, વાવ બેઠક, દિયોદર બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારોની લાંબી કતારો લાગી છે.

આગામી સપ્તાહમાં એટલે તા. ૧૪ નવેમ્બર સુધી કોંગ્રેસ પાર્ટી પ્રથમ ઉમેદવારોની યાદી જાહેર કરી દેશે.

# અમીરગઢમાં યુવકની હત્યાના આરોપીઓ ગણતરીના કલાકોમાં ઝડપાયા

## અમીરગઢ પોલીસ, એલસીબી અને એસઓજીએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢમાં જય અંબે મોટર ગેરેજના માલિક અરવિંદસિંહ શંકરસિંહ ડાભી રહે.દાભેલાવાળાની તા.૦૩/૧૧/૧૭ ના સાંજના છ વાગે શકાભાઈ ઉર્ફે શંકરભાઈ સંગ્રામભાઈ પરમાર ( આદિવાસી ) રહે. ખાપા તા.અમીરગઢવાળા તથા બીજા ત્રણ અજાણ્યા ઈસમોએ ગેરેજ આગળ લઘુ શંકા કરવાની સામાન્ય વાતમાં ઉશ્કેરાઈ જઈ અરવિંદસિંહને છરી,ધોકો,ચેઈન જેવા હથિયારોથી મારમારી તેમનુ મોત નીપજાવેલ જે અંગે અમીરગઢ પો.સ્ટેમાં ખૂનનો ગુનો શકાભાઈ ઉર્ફે શંકર ભાઈ પરમાર તથા બીજા ત્રણ અજાણ્યા ઈસમો સામે દાખલ થયેલ જે ગુનાના આરોપીઓ આદિવાસી કોમના તથા જંગલ વિસ્તારના હોય તેમજ ત્રણ ઈસમોના નામના હોય ઉપરોક્ત ગુનાની ગંભીરતા જાણી નીરજ કુમાર બડગુજર જિલ્લા પોલીસ વડા તાત્કાલિક બીજો કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે સારું સ્થાનિક પોલીસ તથા જિલ્લાની એલસીબી,એસ.ઓ.જી.ના અધિકારીઓને આ ગુનાના આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા અલગ અલગ ટીમો બનાવી સૂચના આપી હતી. આથી એચ.કે. વાઘેલા ( નાયબ પોલીસ અધિક્ષક,) ડીસા તથા ડી.ડી.ગોહિલ



વિશાલ નાઈ

અનુસંધાન પાના નં.૬

ગૌશાળાની અનોખી ક્રાંતિ : પાંચ રૂપિયે લીટર ગૌમૂત્ર ખરીદીને

# ભાભરની સીસોદરા ગૌશાળામાં ગૌમૂત્રમાંથી જંતુનાશક દવા બનાવવાનું શરૂ કરાયું



વનરાજસિંહ રાઠોડ







તા.પ્રતિનિધિ ભાભર

ખેતપેદાશમાં વર્તમાન સમયમાં આડેધડ રસાયણિક ખાતર અને જંતુનાશક દવાના વપરાશથી અનાજ, શાકભાજી અને ફળફળાદીમાં ઝેરી તત્વો જોવા મળે છે. જેના કારણે કેન્સર જેવા જીવલેણ રોગોનો વ્યાપ વધ્યો છે. જે ભવિષ્યમાં માનવ જીવન માટે મોટો ખતરો બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. આવી દવાઓ અને ખાતર ઉત્પાદન કરતી કંપનીઓ સામે તંત્ર લાચાર છે. ખેડુતો વધુ ઉત્પાદન ઝડપી ઉત્પાદન અને વધુ નફાની લાલચમાં તેનુ પ્રમાણ વધારી રહ્યા છે. જે ભવિષ્ય માટે ઘણુ નુકશાનકર્તા સાબિત થવાની સંભાવના રહેલી છે. તેમ છતાં જવાબદાર તંત્ર અને સરકાર ચુપ કેમ છે ? તે સૌ કોઈ જાણે છે, આવી પરિસ્થિતિમાં ગૌશાળાઓ દ્વારા ગાયના દૂધ, છાણ, મુત્રમાંથી દવાઓ બનાવીને લોકોના આરોગ્યની ચિંતા અને ગૌ બચાવવાનો અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે.

**ગૌપાલનમાં વધારો અને ખેત પેદાશમાં રસાયણિક જંતુનાશક દવામાંથી મુક્તિ મળશે : અત્યારે દૈનિક ૨૦૦ લીટર જંતુ નિયંત્રણ દવા બની રહી છે**

ભાભર તાલુકાના સીસોદરા ગામે આવેલ શક્તિધામ ગૌશાળા દ્વારા એક નવતર પ્રયોગને લઈ અનોખી ક્રાંતિરૂપે એક અભિયાન ચાલુ કરવામાં આવતા ગૌપ્રેમીઓ

અનુસંધાન પાના નં.૬

**દેશી જૈવિક જંતુનિયંત્રક દવા**

ખેત પેદાશોમાં આ દવાનો વપરાશ થશે તો? પાકનું પોષણ, પાકને જીવાતથી રક્ષણ, જમીન ફળદ્રુપ બનવી, કોઈપણ પ્રકારની આડઅસર વગર પાક વધુ ઉત્પાદન આપીને ઝેરી તત્વો મુક્ત ધાન્ય, શાકભાજી અને ફળફળાદી બને છે. જે લોકોના આરોગ્યવર્ધક સાબિત થાય છે.

**ગાયનું મૂલ્ય... શું છે તે દુનિયાને બતાવવું છે**

આ બાબતે ગૌભક્ત પુરોહિતને પૂછતા જણાવેલ કે આ નવતર પ્રયોગ અત્યારે નાના પાયે ચાલુ કરવામાં આવ્યો છે. પાંચ રૂપિયે લીટર ગૌમૂત્ર ખરીદવાની અમારી પ્રથમ પહેલ છે, ભવિષ્યમાં મોટા પ્લાન્ટ થકી ગૌબચાવો, રોજગારી અને જૈવીક જંતુનાશક દવાઓ થકી જય કિશાન, ગૌમાતાનું સુત્ર સાર્થક કરવું છે. અને ગાયનું મુલ્ય શું છે? તે દુનિયાને બતાવવું છે. જે મુખ્ય અમારો ઉદ્દેશ છે.

વડગામ ખાતે બાવનઆંટા રાજપુત સમાજનો

# નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ તથા સત્કાર સમારંભ યોજાયો



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

બાવન આંટા રાજપુત સમાજ દ્વારા જી.આઈ.ડી.સી. ગુજરાત સરકારના ચેરમેન બલવંતસિંહ રાજપુત, બિનઅનામત શૈ.આ.વિ. નિગમ ડિરેક્ટર કરણસિંહ ચાવડાનો સત્કાર સન્માન સમારોહ ગઈકાલ તારીખ ૫/૧૧/૧૭ રવિવારે સરસ્વતી કન્યા છાત્રાલય વડગામ ખાતે સાહિત્યકાર ડૉ.કિશોરસિંહ સોલંકીની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે એડવોકેટ ચંદનસિંહ રાણા (મંદોપુર), જવાનસિંહ રાજપુત (મહોબતગઢ), એડવોકેટ ચતુરસિંહ રાજપુત, એડવોકેટ ચંદનસિંહ રાજપુત, મદારસિંહ સી.રાજપુત (મેગાળ), સરપંચ ભગવાનસિંહ સોલંકી, પૂર્વ સરપંચ કાળુજી સોલંકી (વડગામ), મફાજી રાજપુત (વરવાડીયા), તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા (કોદરામ), નગરપાલિકા સભ્ય દશરથસિંહ રાજપુત, રતનસિંહ રાજપુત (વરવાડીયા), આદર્શ ખેડુત ભિખાજી સોલંકી સહિત રાજપુત સમાજના વરિષ્ઠ આગેવાનો રાજકીય સહકારી સામાજિક અગ્રણીઓ અને તમામ ગામોના રાજપુત સમાજના ભાઈઓ ખુબ જ વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં રાજપુત સહાયક કેળવણી મંડળ પ્રમુખ લક્ષ્મણસિંહ એ.રાઠોડે સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા. પ્રાર્થના- સ્વાગતગીત સરસ્વતી કન્યા વિદ્યાલયની બાળાઓએ રજુ કર્યું હતું. તથા કાર્યક્રમની રૂપરેખા- સ્ટેજ સંચાલન સામાજીક કાર્યકર રૂપસિંહજી ચૌહાણે કર્યું હતું. દિપ પ્રાગટ્ય વિધિ બાદ બાવન વાંટા રાજપ-ુત સમાજના અગ્રણીઓએ

અનુસંધાન પાના નં.૬

# મેમદપુર રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડો.રણજીતસિંહ ગઢવીનું લાખેણું બહુમાન કરાયુ

## ટોરેન્ટ ગૃપના માલિક શારદાબેન મહેતાએ માદરે વતન ધાન્ધારની મુલાકાત લીધી



પુષ્કર ગોસ્વામી

પ્રતિનિધિ વડગામ

ઉત્તર ગુજરાતમાં ૧૯૯૨માં સૌપ્રથમ વખત બનાસકાંઠાના વડગામ તાલુકામાં શ્રી યુ.એન.મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ અને સુશ્રી શારદાબેન મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ ટોરેન્ટ ગૃપ દ્વારા અદ્યતન સગવડ ધરાવતા સામુહીક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. તત્કાલીન આરોગ્ય મંત્રી સ્વ.બાબુભાઈ વાસણ વાળાએ તા.૧૪/૬/૯૨માં મેમદપુર રેફરલ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતુ. ત્યારથી ધાન્ધાર પંથકના લોકોના આરોગ્યને લગતા કામો માટે મેમદપુર

અનુસંધાન પાના નં.૬

# થરા નગરે કાર્તિક પૂર્ણિમાની ભાવભરી ઉજવણી

પ્રતિનિધિ થરા

શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાનો પ્રારંભ, પ.પૂ.આ.દેવ કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજનો જન્મદિવસ અને પ.પૂ.સાધુ-સાધ્વી ભગવંતોના ચાતુર્માસ પરિવર્તનનો ત્રિવેણી સંગમ એટલે કાર્તિક પૂર્ણિમા. થરા નગરે કાર્તિક પૂર્ણિમાની ભાવભરી ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. ગામમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પૂ.સા. સિધ્ધપૂર્ણાશ્રીજી મ.સા. તથા પૂ.સા.વિનિતરેખાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન

અનુસંધાન પાના નં.૬

# છાપી પોલીસે વિવિધ ગુનાના ૨૪૩ આરોપીઓ સામે અટકાયતી પગલાં લીધા

**વિધાનસભા ૨૦૧૭ ની તારીખો જાહેર થતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી પોલીસ મથકના તાબા હેઠળ આવતાં ગામોમાં વિવિધ ગૂનાઓમાં જેના ઉપર આરોપો છે તે ઈસમો વિરૂધ્ધ પોલીસ દ્વારા અટકાયત પગલાં ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર છાપી પી.એસ.આઈ. એમ.એમ.દેસાઈના જણાવ્યા મુજબ વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીની તારીખો જાહેર કરાતા આચાર સંહિતાનો કડક અમલ કરવા સાથે છાપી પોલીસ મથકે વિવિધ ગુનાઓના આરોપીઓ વિરૂધ્ધ છેલ્લા દશ દિવસથી અટકાયતી પગલાં ભરી ના.કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આરોપીઓ વિરૂધ્ધ ૧૫૧/૧૦૭/૧૧૦ પ્રોહિબિશન - ૯૩ તેમજ પાસા અને તડીપારના ૨૪૩ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે અને હજુ પણ આ કામગીરી ચાલુ રાખી ગૂનાહિત પ્રવૃતિઓ ન થાય તેવી તકેદારી રાખવામાં આવી રહી છે.

# તંત્રી સ્થાનેથી ...

**સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.**

## દેશમાં ખાદ્ય ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ ચલાવી લેવાય નહિં

દેશમાં ખાવાપીવાની ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ બાબતે સરકાર દ્વારા તપાસ સમિતિની રચના કરવામાં આવી હોવા છતાં આ તમામ તપાસ એક નાટકીય રીતે પુરી થતી હોય છે. નાના- મોટા રેલ્વે સ્ટેશનો ઉપર તૈયાર નાસ્તાનું જે વેચાણ થાય છે. તેની ભાગ્યે જ તપાસ થતી હશે! નાસ્તા અને ફરસાણમાં વપરાતા તેજાના લાલ મરચા હળદર તેમજ અન્ય મસાલાની ભેળસેળ થાય છે. તે બાબતે તે ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ બાબતે વેચનારા વિરૂધ્ધ કોઈ દંડકીય કાર્યવાહી ક્યારેય થતી નથી. ત્યારે હમણા રાજધાની દિલ્હીમાં ગ્લોબલ ફુડ ફેસ્ટીવલ શરૂ થયો જેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું.

વડાપ્રધાને ભારતમાં ફુડ પ્રોસેસિંગની તકો તથા અન્ય બાબતો વિશે ઘણા નિવેદનો કર્યા. પરંતુ એનો કોઈ અર્થ સર્યો નથી. આજે દેશમાં ખાવાના નામે જે ખતરનાક ખેલ ચાલે છે તે બાબતે ઉચ્ચ સ્તરે તપાસ ચલાવવામાં આવે તો ઘણા બધાને જેલ થઈ શકે છે. બહારનું ખાવાનું કેટલું ભરોસાપાત્ર છે તે બાબતે જે સંશોધન કરવું જોઈએ તે થતું નથી. જ્યારે અમેરિકા સહિત કેટલાક દેશોમાં ફુડ સેફ્ટી અંગેના કાયદા ઘણા કડક બનાવવામાં આવ્યા છે. ભારતમાં જે કાયદો છે તે માત્ર કાગળ પરનું ચિતરામણ માની શકાય. કડક દેખાતા કાયદાનું સો ટકા અમલીકરણ કેમ થતું નહિં હોય? આનો જવાબ સરકાર આપશે ખરી? પેકીંગમાં વેચાતી ચીજવસ્તુઓમાં ગુણવત્તા કેટલી હશે? તે એક વિચારવા જેવી બાબત છે. દેશમાં તહેવારોના સમયે ઘી - માવા કે અન્ય ખાદ્યચીજોના નમુના લેવામાં આવતા હોય છે. મહિનાઓ પછી જ્યારે તે નમુના ફેલ હોવાનો રિપોર્ટ આવે છે. દેશમાં વેચાતા વિવિધ પ્રકારના આઈસક્રીમમાં ખરેખર દૂધ છે કે પછી વેજીટેબલ ફેટનો મારો ચલાવાયો હશે? તેની તપાસ તો ઠીક પરંતુ ભેળસેળ હોય તો સરકાર દ્વારા જે પગલાં ભરવામાં આવે છે. તે માત્ર નાટકીય પ્રકારના જ હોય છે.

આજે ખાવા પીવાની ચીજવસ્તુઓમાં જેટલી ભેળસેળ ચાલે છે. તેટલી બીજી કોઈ ચીજોમાં ચાલતી નથી. આવા કેસોમાં ઘણા ઓછા ધંધાર્થીઓને સજા થાય છે. પરંતુ તેઓ થોડાક સમયમાં જામીન મુક્ત થઈ જતા હોય છે. બાદમાં ફરી પરિસ્થિતિ યથાવત બની રહે છે. જો જેલ ન થાય તો માત્ર મામુલી દંડ ભરીને વેપારી છુટી જાય છે. ખરેખર તો આપણી કાનૂન વ્યવસ્થા ખામી ભરેલી છે. ગુન્હો કરનારને શા માટે જામીન આપવા જોઈએ?

ખાદ્ય સામગ્રીમાં વપરાતી હાનિકારક ચીજો અંગેનો અહેવાલ અનેકવાર પ્રગટ થાય છે. પરંતુ તેની પાછળ યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. ક્યારે બજારમાં વેચાતી વસ્તુઓના પેકેજિંગ પર આપણને સમજાય નહિં તેવી અંગ્રેજી ભાષામાં સુચનાઓ અને તેમાં વપરાયેલી વસ્તુઓના નામ લખેલા હોય છે. જે ભાષા સમજવી મુશ્કેલ બને છે. આજે દેશમાં ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીના વિકાસની જરૂર છે. આ બાબતે વિશ્વના રાષ્ટ્રો સામે ભારત આગેવાની લઈ શકે તેમ છે. નાસ્તાના સ્ટોલો પર લોકોની ઘણી ગીર્દી જોવામાં આવે છે. પરંતુ જે તે ફરસાણની ગુણવત્તા કેટલી? તે બાબત વિચારવા જેવી છે. તમામ ચીજવસ્તુઓમાં જો ભેળસેળ ચલાવી લેવાતી હોય તો તપાસ ચલાવવાના નાટકનો કોઈ અર્થ સરતો નથી.

## યુ.એસ.ના સહયોગથી અમદાવાદ ઈન્ટરનેશનલ રિસર્ચ કોન્ફરન્સ યોજાશે

અમદાવાદ

અવિરત બદલાતા જતા આ વિશ્વમાં માનવી પોતાના સમાજ અને સંસ્થાનોના વિકાસ અને લાભો માટે ઘણું યોગદાન આપે છે. તેમ છતાં વિકાશશીલ વ્યક્તિઓ અથવા માનવીય ઉપલબ્ધીઓ દ્વારા ક્યારેક પડકારજનક કાર્ય બની જાય છે. પણ ફલશ્રુતિ ઉત્તમ પ્રમાણમાં હોઈ શકે છે. હ્યુમન રિસોર્સ કાર્યરત છે જ જેનાથી ઘણા ઉત્કૃષ્ટ પરિણામો મળી શકે એમ છે. હવે સમય છે. પરંપરાગત નહિ વિકસેલી એચ.આર.ડી. પ્રેક્ટિસ અને મેટા ગ્લોબલ પ્રેક્ટિસ વચ્ચે કોરડો વિંઝવાનો જેથી જ્ઞાન વૃદ્ધિમાં નવા આયામો વિકસાવી શકાય. એકેડેમી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ એચ.આર.ડી. યુ.એસ.એ. ના સહયોગથી ઈન્ડિયન

ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ ખાતે ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૧૭ ના ત્રણ દિવસની ઈન્ટરનેશનલ રિસર્ચ કોન્ફરન્સનું આયોજન કરે છે. આ કોન્ફરન્સનો મુખ્ય મુદ્દો છે ‘‘સસ્ટેનેબલ ઓફ હ્યુમન કેપિટલ : એ્સપ્લોરિંગ પરસ્પેક્ટિવ ફોમ ગ્રાસ રૂટ ટુ ગ્લોબલ રિસર્ચ એન્ડ પ્રેક્ટીસ’’ આના સંલગ્ન મુદ્દાઓ પણ આ કોન્ફરન્સમાં આવરી લેવામાં આવશે.

### આત્મચિંતન

## મુશ્કેલીઓ તમારી સહાયક છે

વિપત્તિઓ દ્વારા પરમાત્મા પોતાના રત્નોની ચમક વધારે છે આથી તમે જુઓ કે તમારા જીવનમાં પણ મુશ્કેલીઓ છે કે નહીં તમે અધ્યાત્મવાદી છો. તમારા જીવનમાં નહીં મુશ્કેલીઓ વાઘની જેમ મોં ફાડીને ઉભી છે. તમે એનાથી વિચલીત તો બની રહ્યા નથી ને ? જો તમારા પગ લથડીયા ખાતા હોય તો સંભાળીને ઉભા થાઓ. ધર્મ અને સતત ઉદ્યમનું અવલંબન લો. જેનામાં ધીરજ છે, જે પરિશ્રમથી પગ પાછા હટાવતો નથી. તેના ગળામાં સફળતાની દેવી વિજયમાળા પહેરાવે છે. ધૈર્ય પ્રારંભમાં કડવું ભલે લાગે પરંતુ તેના ફળ મધુર હોય છે. આત્મનિર્ભર બનવાનો અને પોતાનામાં આત્મવિશ્વાસ જાગૃત કરવાનો એક જ ગુરૂમંત્ર છે કે તમે તમારા જીવનમાં મુશ્કેલીઓને આવવા દો, બીજાઓના દુઃખ, તકલીફ અને મુસીબતોમાં મદદ કરો. બીજાઓને સહાયતા કરો તો પરમાત્મા તમને પણ સહાયતા કરશે. બીજાઓના દુઃખને સમજો અનતે એવો અનુભવ કરો કે તમે બીજા અસંખ્ય લોકો કરતાં સુખી છો. આવો દ્રષ્ટીકોણ કેળવવાથી મુશ્કેલી અને દુઃખની સ્થિતિ ટળી જશે અને સફળતાનો માર્ગ ખુલ્લો થશે.

મુશ્કેલીઓ નાના માનવીઓને નિસ્તેજ અને નિષ્પ્રાણ બનાવી શકે છે પરંતુ મહાન તે છે જે દુઃખની છાયામાં ઉછરે છે, બીજાઓના દુઃખ તથા મુસીબતોમાં મદદ કરે છે, પુરૂષાર્થ પણ એનું નામ છે કે વ્યક્તિ પરિસ્થિતિઓ સાથે સંઘર્ષ કરે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ભગવાનની સત્તાનો સંપૂર્ણ સ્વીકાર કરો ત્યારે પાપ પુણ્ય બંધાતું જ નથી

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

શંકરતીર્થ આશ્રમ સાણંદમાં નારદભકિતસુત્ર અંતર્ગ સત્રમાં તા.૧૮/૦૭/૧૬ના રોજ આનંદમુર્તિજી મહારાજને કોઈક જીજ્ઞાસુએ એવો પ્રશ્ન પૂછયો કે ‘‘કહેવાય છે કે પરમાત્મા બધાને નાચ નચાવે છે એ જ બધાને પાસે બધું કરાવે છે. તો પાપી લોકો જોડે પાપ પણ કેમ કરાવે છે...? તો શું એ પણ ભગવાનની લીલા છે...? આ પ્રશ્નો નો જવાબ તેમને ખુબ જ સચોટ અને ભાવવાહી શૈલીમાં આપ્યો હતો.

જવાબ આપતાં પહેલાં તેમને જિજ્ઞાસુને પોતાની સન્મુખ રાખીને એક પગ ઉંચો કરવાની વાત કરી હતી. જયારે જિજ્ઞાસુએ એક પગ અધ્ધર બાદ આનંદમુર્તિજીએ બીજો પગ પણ અધ્ધર કરો એવી વાત કરી ત્યારે જિજ્ઞાસુએ ના પાડી કે ગુરૂદેવ બંને પગ એકસાથે અધ્ધર ન થાય. ત્યારે આનંદમુર્તિજી કહ્યું કે, ‘‘ આ એક પગ અધ્ધર થાય છે તે તમારા હાથમાં છે. એટલે કે એક જીવના હાથમાં છે અને કંઈક હરીના હાથમાં છે. આપણા બાપા શરૂઆતમાં આપે એટલે બધુ જ ન આપી દે.... બધી સત્તા સંતાનને આપી દેતા નથી. કંઈક સત્તા એમની પાસે તેઓ રાખે છે. એમ કંઈક સત્તા તમારી પાસે છે જે સત્તા તમારી પાસે છે તેમાં પાપ અને પુણ્ય થાય છે. જે સત્તા જીવને આપી છે તેમાં પાપ અને પુણ્ય થાય છે. બે હોય તેમાં બે દિકરાઓને એક એક ખેતર આપી દેવામાં આવે...અને એક ભાઈ ખેતરમાં બાવળ વાવે અને આંબા વાવે...બીજો ભાઈ પણ એ જ રીતે બીજુ કંઈક વાવે... જે સત્તા આપી છે તેમાં તે બધું જ કરી શકે છે. એમાં પરમાત્માની સત્તામાં પાપ અને પુણ્ય નહી થતું પણ જીવના કતૃત્વમાં પાપ અને પુણ્ય થાય છે.

વળી આનંદમુર્તિજીએ જિજ્ઞાસુને કહ્યુ હતું કે, ‘‘ચલો એક પગ અધ્ધર કરો થયો ને...બીજો કરો...નહી થતો એમ કરો કે નહી થતો એ સત્તા હરીના હાથમાં છે. જયારે ખબર પડી જશે કે આ પગ ઉંચો કર્યો છે એવું લાગે છે... ખબર પડી જશે કે આ પણ મારા કરવાથી પણ નહી થતો... એ હરીની સત્તા હોય તો જ થાય છે. ખબર પડી જશે કે એ ક્ષણે ત્યારે જીવથી પાપ થતું નથી અને પુણ્ય પણ થતું નથી. એ કદી પણ પાપ નહી કરી શકે, જગારે ખબર પડી જશે કે આ બધુ તો મારા હરીથી થાય છે. ત્યારે અહીં પુણ્ય પણ નહી થાય. તમે કોઈને ખવરાવશો ભોજન આપશો... ત્યારે જો તમારા મનમાં એવું થાય કે હું શું અને એને ખવરાવું છું... હું ના હોત તો એને કોણ ખવરાવત... આવું જો વિચારો તો પુણ્ય બંધાશે અને મેં માર્યો છે ત્યારે પાપ બંધાશે અને જ્યારે ખબર પડશે કે અહી જે થાય છે. તે હરીના કરવાથી થાય છે તે વખતે તમારાથી ના પાપ થશે કે ના પુણ્ય થશે. હરી માધ્યમ બની જશે અને તમે વાહક થઈ જશો. બાપુજીએ ખેતર જુદુ આપ્યું હોય અને ફોન કરો કે, ‘‘બાપુજી ડાંગર વાવું..? બાપુજી કહે કે ના વાવો...તો તમારા સાથે ભાર ન રહે... ભગવાન બધું કરાવતા હોય તો પાપ અને પુણ્ય કેમ બંધાય છે ? જીવને પોતાની કતૃત્વ ભાવનાને કારણે પાપ અને પુણ્ય બંધાય છે. અને જયાં કર્તૃત્વ ભાવના ફરી જાય છે ત્યારે એવો વ્યકિત કરદી પાપ કરી શકે જ નહી. જે ભગવાનની સત્તાનો સ્વીકાર કરે છે. એ બધા આત્મામાં ભગવાનની સત્તાનો સ્વીકાર કરે છે. એમના માટે કદી પણ પાપ થઈ શકતું નથી અને બંધાય પણ નહી. પણ એવા વ્યકિતઓ માટે જ બાકી તો બધા માટે પાપ અને પુણ્ય બંધાય છે.

રામ બોલ્યા છે કે હે લખન જેવું કરે છે એવું ફળ પામે છે. એ માટે કોઈ લેવાદેવા નથી. કારણકે એની કરવાની શકિતનો દુરૂપયોગ કરેલો છે. સદુપયોગ કરી લો તો પુણ્ય બંધાશે અને દુરૂપયોગ કરી લો તો પાપ બંધાશે. અને જાણી જશે કે બધું કરાવવા વાળા તો ભગવાન જ છે ત્યારે પોતે હટી જશે એ દિવસે ના પુણ્ય બંધાશે કે ના પાપ બંધાશે. એવો કોઈ નિયમ નથી.

**ન પુણ્ય ન પાપ ન સૌ ન દુખ**
**ન મંત્રો ન તીર્થ ન વેદા ન યજ્ઞા**
**અહં ભોજનં નૈવ ભોજયં ન ભોકતા**
**ચિદાનન્દરૂપ શિવોડહં શિવોહમ**

હું તો મંગલકારી, કલ્યાણકારી, ચિદાનંદસ્વરૂપ છું એવી ખબર પડી જશે ત્યારે પુણ્ય પણ નહી બંધાય પાપ પણ નહી બંધાય... પાપ તો થશે જ નહી. મોટામાં મોટું પાપ છે. શરીરને ‘હું’ માનવો. અને ત્યાંથી બધા પાપ શરૂ થાય છે. મેં આ કહ્યું મારાથી આ થયું કરવાની શકિત જીવને આપેલી છે અને એનો દુરૂપયોગ થાય છે ત્યારે પાપ અને પુણ્ય બંધાય છે. હટી જવું છે...? હટી જશો તો ખબર પડી જશે.

ભગવાન વ્યકિત નથી. ભગવાન તત્વ છે. ભગવાન ધરતી જેવા છે જેમ કે ધરતીમાં ઉગવું એવો સ્વભાવ છે. ધરતીમાં મરચું વાવો તો મરચું ઉગે અને બાજુમાં શેરડી વાવો તો શેરડી પણ ઉગે... એમાં ધરતીનો શું દોષ...? દોષ તો એમાં બી નો છે. ભગવાન એવા છે. બસ, તમારા કર્મોની સત્તાને ઉધ્ધાટિત કરી દેનારા...

આમ, આ રીતે આનંદમુર્તિજીએ જિજ્ઞાસુના પ્રશ્નનો જવાબ આપીને ઈચ્છા પૂર્ણ કરી હતી.

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ**
**(તા.કાંકરેજ)**

## અમેઝોન લોન્ચપેડ પરથી ભારતીય સ્ટાર્ટ-અપ્સની દિવાળી ધમાકેદાર રહી

બેન્ગલુરુ

આ વર્ષે ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થયેલો ધ ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ Amazon.in અને તેના ફ્લેગશિપ પ્રોગ્રામ Amazon Launchpad!માટે ભવ્ય શોપિંગ ઉત્સવ બની રહ્યો. એક મહિના સુધી ચાલેલી ઉજવણી ધ ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ દરમિયાન સમર્પિત ત્રણ સેલ્સમાં આયોજિત અમેઝોન લોન્ચપેડ હેઠળ સ્ટાર્ટ-અપ્સે તેનાં વેચાણોમાં બેગણી વૃદ્ધિ નોંધાવી હતી અને રોજની સરેરાશ સામે ૧૨૦ ટકાથી વધુ યુનિટ્સનું વેચાણ કર્યું હતું. આ તહેવારની મોસમના સેલમાં લગભગ ૨૨૦ ભારતીય સ્ટાર્ટ-અપ્સે ભાગ લઈને હજારો અમેઝોન લોન્ચપેડ પ્રોડક્ટ્સ પર સેંકડો ડીલ્સ ઓફર કરી હતી.

અમેઝોન લોન્ચ પેડ વૈશ્વિક કાર્યક્રમ છે, જે ભારતીય સ્ટાર્ટ-અપ્સને ભારત અને દુનિયાભરમાં અમેઝોનના લાખ્ખો ગ્રાહકોને નાવીન્યપૂર્ણ પ્રોડક્ટો માર્કેટ, વેચાણ અને પ્રદાન કરવા માટે મોકો આપવા ગયા વર્ષે શરૂ કરવામાં આવ્યો હતો. આ અજોડ કાર્યક્રમનું લક્ષ્ય ભારતના સ્ટાર્ટ-અપ સમુદાયને મદદરૂપ થવાનું અને ભારત સરકારની સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પહેલને ટેકો આપવાનું છે. અમેઝોન શોપર્સ માટે ભારતીય સ્ટાર્ટ-અપ્સ દ્વારા વિકસાવવામાં આવેલી આકર્ષક અને કૂલ પ્રોડક્ટોની ખરીદી કરવા માટે તે એક મંચ હેઠળનું સ્થળ છે. અમેઝોન.ઈન દ્વારા સ્ટાર્ટ-અપ્સને ઓળખવામાં અને નોંધણી કરવામાં મદદરૂપ થવા માટે સ્ટાર્ટઅપ ઈન્ડિયા, નાસકોમ ૧૦કે અને ઈન્ડિયન એન્જલ નેટવર્ક (આઈએએન) સાથે ભાગીદારી કરવામાં આવી છે.

## ઝાયેદ ખાન સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના નવા શો હાશિલમાં રણવીર રાયચંદની ભૂમિકા ભજવે છે

પ્રશ્નઃ ઝાયેદ, ભૂતકાળમાં ઘણા બોલિવૂડ અભિનેતાઓએ ટેલિવિઝન શોમાં પ્રવેશ કર્યો છે. ટેલિવિઝન માટે અભિવાદન કરતાં પહેલાં આપની વિચાર પ્રક્રિયા શું હતી?

જવાબઃ સાચું કહું, તે ખરેખર ન હતું કે હું ટેલિવિઝન પોતે કરવા માંગતો હતો. જો કે મારા મિત્ર સિદ્ધાર્થ મલ્હોત્રાએ મને હાસિલ માટે બોર્ડમાં રાખ્યા હતા. મને લાગે છે કે તેણે મારામાં કંઈક જોયું જેણે તેને વિશ્વાસ આપ્યો હતો કે મને શોમાં રણવીર રાયચંદનો પાત્ર ભજવો જોઈએ. મેં હમણાં જ આશા રાખી કે તે એક મહાન શો છે અને પ્રમાણિકપણે સ્ક્રિપ્ટ અદ્ભુત છે. મને નથી લાગતું કે ઘણા લોકો ફિલ્મો માટે પણ આવી સામગ્રી મેળવે છે. બધા પાત્રો એટલા રસપ્રદ હતા. જ્યારે મેં વર્ણન સાંભળ્યું, હું એટલા માટે ભૂમિકા ભજવવા માગતો હતો કારણ કે તે ઘણી વાર નથી કે આ પ્રકારના પાત્રને તમને આપવામાં આવે છે. તે ખૂબ જ કુદરતી સંક્રમણ હતું. હું પહેલેથી જ શો માટે શૂટિંગ માણી રહ્યો છું અને મને ખાતરી છે કે લોકો તેને જોઈને ખૂબ આનંદ માણશે.

પ્રઃ તમારા પિતા સંજય ખાન ભારતીય ટેલિવિઝન પર સફળ નિર્માતા અને દિગ્દર્શક રહ્યા છે. ભારતીય ટેલિવિઝન પર તમારી શરૂઆતની પ્રતિક્રિયા શું હતી?

જવાબઃ હા, અલબત્ત મારા પિતા તેમના ટેલિવિઝન શ્રેણી માટે ખૂબ જાણીતા છે. મને લાગે છે કે દિવસના અંતે મારા પિતા જે રીતે જુએ છે તે છે જો સ્ક્રીપ્ટ સારી હોય, તો જો તે સારી રીતે ચાલશે અને મને લાગે છે કે આ બધા બોક્સ હાસિલ માટે તેમના દ્વારા ઉડ્યન રંગથી જોઈ રહ્યા હતા. તેમણે પ્રોમોઝ, ગીત, શોના ચિત્રો જોયા અને તેમને બધું ગમ્યું.

પ્રઃ હાસિલની કથા શું છે? એક રોમેન્ટિક રોમાંચક અથવા કુટુંબ નાટક છે?

અઃ હાસિલ રોમાંચ, રોમાંસ અને નાટકનું પેકેજ છે. આ સ્ક્રીપ્ટ તૃપ્ત છે અને મને ખાતરી છે કે હું લોકોને તે વિશે વધુ જણાવું છું, વધુ તેઓ જાણવા માગે છે. તેથી હું ઈચ્છું છું કે લોકો મારાથી તે વિશે બધું જ જાણવા કરતાં આનંદ માણે.

## ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેક્નિકલ સ્ટડીઝે યુકેની સીટી ઓફ ઓકસ્ફર્ડ કોલેજ સાથે જોડાણ કર્યુ

અમદાવાદ

ભારતમાં ડિસ્ટન્સ લર્નિંગમાં ચોથા નંબરની રેન્ક ધરાવતી અમદાવાદ સ્થિત ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેક્નિકલ સ્ટડીઝે (આઈઆઈએમટીએસ) યુકેની પ્રતિષ્ઠિત સીટી ઓફ ઓક્સ્ફર્ડ કોલેજ સાથે જોડાણ કર્યું છે. આ જોડાણથી આઈઆઈએમટીએસનાં વિદ્યાર્થીઓને સીટી ઓફ ઓક્સ્ફર્ડ કોલેજનું પ્રમાણપત્ર મળશે. જે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા ધરાવે છે. આ ઉપરાંત પીપીપી મોડલ હેઠળ આઈઆઈએમટીએસ દ્વારા સંચાલિત ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીગ ઈન્સ્ટિટ્યુટ (આઈટીઆઈ) વડાગામ, ગુજરાત દ્વારા પણ તેના કેટલાક ટેક્નિકલ સર્ટિફિકેશન પ્રોગ્રામ્સ માટે સીટી ઓફ ઓકસ્ફર્ડ કોલેજ સાથે કરાર કરવામાં આવ્યા છે.

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેક્નિકલ સ્ટડીઝ, અમદાવાદ ઈ-લર્નિંગમાં ભારતમાં ચોથો રેન્ક ધરાવતી સંસ્થા છે. ગુજરાત સરકાર દ્વારા જાહેર થયેલા નોલેજ કોન્સોર્ટિયમનાં નોટિફિકેશન દ્વારા ઉચ્ચ શિક્ષણ માટેની ગુજરાતની માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં આઈઆઈએમટીએસનો પણ સમાવેશ થાય છે.

## રોહિત સુચંતિ માટેના પ્રશ્નો જે રિશ્તા લિખેંગે હમ નયામાં રતન માનસિંહની ભૂમિકા ભજવે છે



૧. તમે રતન માનસિંહની ભૂમિકા ભજવી રહ્યા છો, અમને જણાવો કે દિવસોમાં પાત્ર આકાર કેવી રીતે લેશે?

અત્યાર સુધીમાં મારી ટેલિવિઝન કારકિર્દીના શ્રેષ્ઠ અનુભવો પૈકી એક છે રતન માનસિંહની ભૂમિકા ભજવી. રતન માનસિંહ રાજકુમાર છે અને રાજસ્થાનના સૂરજગઢમાંના સમગ્ર કેસર મહલ વારસાના વારસદાર તરીકે તેમનું હકનું સ્થળ પ્રાપ્ત કરવા માટે ૧૨ વર્ષના સમયગાળા પછી ઘરે પરત ફર્યાં છે. આ ઉપરાંત, રતનના પિતાને મૃત્યુ પામેલા વચનના કારણે, દિયા (તેજસ્વી પ્રકાશ દ્વારા ભજવવામાં આવે છે) એ ઢાલની ભૂમિકા ભજવે છે જેણે મારા રસ્તે આવતાં કોઇપણ જોખમોથી મારી સુરક્ષાની જવાબદારી સ્વીકારી છે. રતન એક અનન્ય વ્યક્તિત્વ ધરાવે છે અને એક મોહક, બેફિકર અને તોફાની વ્યક્તિ છે.

૨. વર્તમાનમાં ટેલિવિઝન પરના અન્ય શ્રેણીઓ સિવાય ક્યા પરિબળો છે જેનાથી આ વાર્તાને સેટ કરી શકાય છે?

આ શોનો ખ્યાલ હમણાં જે ટેલિવિઝન પર પ્રસ્તુત થાય છે તેનાથી તે સંપૂર્ણપણે અલગ છે. તે એક અજોડ વર્ણન છે જેમાં રતન જે બેફિકર વ્યક્તિ છે, દિયા તેના વિરોધાભાસી વ્યક્તિત્વની મજબૂત સ્ત્રી છે, જેણે તેના જીવનની સલામતીની જવાબદારી લીધી છે અને સામ્રાજ્ય કે જે યોગ્ય રીતે તેના માટે છે. દીયા છેલ્લા ૧૨ વર્ષથી સમગ્ર સામ્રાજ્યની સંભાળ લે છે અને રતનની સલામતીની ખાતરી પણ કરે છે. તે એક એવો શો છે જે તેના વિવિધ વિચારની પ્રક્રિયા સાથે એક પદાર્થ સ્ત્રીનું વર્ણન કરે છે જે એક મહિલા એક વ્યક્તિનું રક્ષણ કરી શકે છે જે તે વર્તમાનમાં ટેલિવિઝન પર અન્ય શોથી અલગ પાડે છે. દીયા એ વિવિધ પરિસ્થિતિઓમાં ચાર્જ લે છે અને શોમાં વાસ્તવિક નાયક તરીકે ઉભરી છે.

૩. રતનની ભૂમિકા માટે તમે કયા પ્રકારની તૈયારી કરી હતી?

એક મહિના કરતાં વધુ સમય થયો અમે રિશ્તા લિખેંગે હમ નયા માટે શૂટિંગ કરી રહ્યા છીએ. મને ખાતરી છે કે હું ટૂંકા ગાળામાં રતનના પાત્રને પૂર્ણ ન્યાય કરું છું કારણ કે અમે એક ટૂંકા શેડ્યૂલ પર શૂટિંગ કરી રહ્યા હતા. મારા માટે પાત્રમાં આવવા માટેનો સંપૂર્ણ ક્રેડિટ અમારા શોના નિદેશકને જાય છે જે ખૂબ જ સહાયક હતા. અમે ભાષા તાલીમ માટે અલગ અલગ વર્કશોપ પણ કર્યા હતા જે શોનો એક અભિન્ન ભાગ છે. આ શોમાં વરિષ્ઠ અભિનેતાઓ ખૂબ સહકારથી કામ કરે છે અને ઘણી વખત તેમની પાસેથી સલાહ અને ટીપ્સ મેળવે છે.

## તારા જ માટે ધડકે હૃદય હું શું કરું? તારા જ માટે તરસે હૃદય હું શું કરું?

**તલાટી ને દિલ દઈ બેઠેલી યુવતી મીનાજનું હૈયુ મામાના દીકરા પ્રત્યે પણ ઢળી ગયું..અને....**




આણંદ જિલ્લાના એક નાનકડા ગામમાં રહેતી મીનાજ દેખાવે સ્વરુપવાન હતી. એ જ્યારે ઘરની બહારે નિકળે ત્યારે ગામના જુવાનીયા તો ઠીક વૃધ્ધત્વને ઊંબરે પહોંચેલા ખખડી ગયેલા પુરુષો પણ આંખનુ મટકુ મારતા ભૂલી જાય.....

આ યુવતીએ ગામમાં તલાટી તરીકે બદલી થઈ આવેલા ઈન્દ્રજીતસિંહનું નામ તેની સખી પાસે સાંભળ્યું. તાલાટી રાજકુમાર જેવો દેખાય છે. બસ મીનાજના મૌન મનમાં આ વાક્ય પડઘાતુ રહેતુ હતું.

એમાં વળી પાડોશમાં રહેતા રમતુકાકા સોનકી સાથે સાત-બારના ઉતારા લેવા જવાનું પંચાયત કચેરીએ થયુ અને તલાટી સાહેબ સાથે નજર મળી ગઈ. પ્રથમ નજરના આ પ્રેમમાં મીનાજના હૈયામાંથી સરી પડ્યુ...

તારા માટે જ ધડકે હૃદય હું શું કરું? તારા માટે જ તરસે હૃદય હું શું કરું?

બસ પછી તો તલાટી બાઈક લઈને ગામની બહાર જવા નીકળે ત્યારે મીનાજ તેની રાહ જોતી ગામની ભાગોળના ખેતરે ઉભી જ હોય..

છ માસના સમયમાં તો મીનાજ અને ઈન્દ્ર એકમેક પર ઓળઘોળ થઈ.

તેની વચ્ચે ઈન્દ્રને સરકારી કામે એકાદ માસ માટે જિલ્લા બહાર જવાનું થયું. અને પ્રેમ ભૂખી મીનાજ તડપવા લાગી.

આ તડપન દરમ્યાન તેના મામાનો દીકરો મોઈનખાન ઉર્ફે ભોલો તેના ઘરે આવ્યો.બપોરે ઘરના બધા આડા પડખે થતા ત્યારે મીનાજ મોઈનને એકાંત મળતુ અને આગ જેવા બંને એકમેકમાં ઓગળવા લાગ્યા.

મીનાજે મોઈને ઈન્દ્ર સામેના પોતાના પ્રેમ સંબંધની પણ વાત કરી મોઈન એ સાંભળી મૌન રહ્યો. એક માસ બાદ જ્યારે ઈન્દ્ર ગામમાં આવ્યો ત્યારે મીનાજ તેને મળી તો ખરી પણ કંઈક ફેરફાર થયાનો ઈન્દ્રએ અનુભવ કર્યો. ગામમાં તલાટીની ખુશામત કરનારા પણ હોય જ ને? તેમાંથી કોઈએ મીનાજ અને મોઈન વિષે ઈન્દ્રને જણાવી દીધુ. તેથી જ્યારે બાઈક પર જ્યારે મોઈન ઈન્દ્ર સામે આવી જતો ત્યારે બંને વચ્ચે આંખો ટકરાતી આ તણખા દિલમાં દાવાનળ જગાવવા કાફી હતા.

એક બપોરે સુરજ પૂરી રીતે તપતો હતો ત્યારે મોઈને અને તેના ચાર મિત્રો બાઈક પર જતા ઈન્દ્રનો પીછો કરીને તારાપુર-ખંભાત રોડ દબોચી લીધો અને ઈન્દ્ર કાંઈ સમજે તે પહેલાં તો તીક્ષ્ણ હથિયારોના ઘા કરીને ઈન્દ્રને પરલોક સિધાવી દિધો અને લારા ઈલા પાર્કની એક ભંગાર જગ્યામાં ફેંકી દીધો.

તેના બીજા દિવસે લોકોને લાશ મળી અને મીનાજને ઈન્દ્રની હત્યાના સમાચાર આ વાત મોઈન ઉર્ફ ભોળાને બતાવવા દોડી પણ...જોયુ તો પોલીસ તેને પણ પકડી જતી જોઈ અને બે માળી ગુમાવ્યાની વેદનામાં સરી ગયેલી મીનાજ ફરી મનોમન બોલી ઉઠી..

તારા જ માટે ધડકે હૃદય હું શું કરું? તારા જ માટે તરસે હૃદય હું શું કરું?

(આ અર્ધસત્ય ઘટના વિષે આપના અભિપ્રાય મને મેઘવર્ષા,૧૪.સાક્ષગિરિ સોસાયટી નં.૩,સાંઈ મંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસીંગ, વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો.નં.૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે.

**(શિર્ષક:પંક્તિ:હેતલ પંડ્યા મૈત્રી)**

**સંવેદના:**

**પ્રેમ ક્યારેય જાત-પાત, ઉંચ-નીચને માનતો નથી.**

**મનિષ જોષી,‘મૌન’**
**વડોદરા**

## અંતર્દષ્ટિ- તપનું મહત્ત્વ

તપ આધ્યાત્મિક જીવનની આધારશિલા છે. તપસ્વીઓના જીવનની સાધારણ ઘટના પણ આમ આદમી માટે આશ્ચર્ય અને કુતૂહલનો વિષય બની જાય છે. ‘તપ આધાર સબ સૃષ્ટિ ભવાની’ લખીને સંત તુલસીએ તેને મહિમામંડિત કર્યું છે. તપસ્વી પોતાના જીવનની દશા સ્વયં નિર્ધારિત કરે છે, જ્યારે સામાન્ય વ્યક્તિઓનું જીવન સંપૂર્ણ રીતે પરિસ્થિતિઓને આધીન હોય છે. તપસ્વી તપની ઊર્જાથી પરિસ્થિતિની પ્રતિકૂળતાને પણ પોતાને અનુકૂળ બનાવી લે છે. વસ્તુતઃ તપ કરવું કે તપશ્ચર્યા એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેની કેટલીક મર્યાદઓ છે. સનેપાતમાં આવીને ગમે તે કરતા રહેવાનું નામ તપ નથી. મીઠું ન ખાવું, ઉઘાડા પગે ચાલવું, ભૂખ્યા રહેવું વગેરે ક્રિયાઓથી શારીરિક કષ્ટ તો અવશ્ય થાય છે, પરંતુ કોઈ આધ્યાત્મિક લાભ પ્રાપ્ત નથી થતો. સુનિશ્ચિત સંકલ્પની સાથે તપશ્ચર્યા પર અમલ ગુરુના નિર્દેશનમાં જ કરવી જોઈએ. તપથી આપણા સુપ્ત સંસ્કારોનું જાગરણ થાય છે અને આ જાગરણ આપણા આધ્યાત્મિક વિકાસને ગતિ પ્રદાન કરે છે.

તપનો ઉદ્દેશ્ય માત્ર ઊર્જાનું અર્જન જ નહીં, એ ઊર્જાનું સંરક્ષણ અને સુનિયોજન પણ છે. જે પોતાની ઊર્જાને સંરિક્ષત કરી લે છે તે સામર્થ્યવાન થઈ જાય છે. તપશ્ચર્યા કોઈ ચમત્કાર નહીં હોઈને ખુદનો પરિષ્કાર છે. જ્યાં પરિષ્કાર છે ત્યાં ચમત્કાર આપોઆપ થઈ જાય છે, કારણ-કે પરિષ્કારથી ચિત્ત ઊર્જાવાન થાય છે. અહંકાર તપના માર્ગમાં સૌથી મોટી અડચણ છે. પૌરાણિક કથાઓથી એ જાણ થાય છે કે તપસ્યા કરવામાં અસૂરો સૌથી આગળ રહ્યા છે. તપસ્યા દ્વારા તેઓ ભગવાન પાસેથી મનગમતું વરદાન પ્રાપ્ત કરે છે. આળસને ત્યાગીને વર્ષો સુધી કઠોર તપસ્યા કરવાનું સાહસ તેમનામાં હોય છે, પરંતુ પોતાના અહંકારને ત્યાગી નહીં શકવાને કારણે તેઓ તપ દ્વારા મળેલી ઊર્જાનો દુરુપયોગ કરે છે. આપણે તેનો સદુપયોગ ચિત્તશુદ્ધિ માટે કરવો જોઈએ. ચિત્ત જેટલું શુદ્ધ હશે એટલું જ મન સ્થિર રહેશે. મનના સ્થિર થવાથી સંસ્કાર શુદ્ધ થાય છે. તપસ્યા કર્યા વગર કોઈને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. ઈતિહાસ સાક્ષી છે કે જૈન ધર્મના તીર્થંકર સ્વામી અને બૌદ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધને જ્ઞાનની પ્રાપ્તિ બાર વર્ષની કઠોર તપસ્યા બાદ જ થઈ હતી.




# પૂરતી ઊંઘ માટે સૂવાના એક કલાક પહેલાં સ્માર્ટફોન છોડી દો

અમેરિકાની હાર્વર્ડ મેડિકલ સ્કૂલના નિષ્ણાતોનં કહેવું છે કે આજના ટીનેજર્સની ઊંઘ ઘટી ગઈ છે એનું કારણ છે સ્માર્ટફોન અપૂરતી ઊંઘ લેવાને કારણે ટીનેજર્સનું માનસિક સ્વાસ્થ્ય જોખમાઈ રહ્યું છે. સ્માર્ટફોનની સ્ક્રીનની બ્રાઈટ લાઈટને કારણે ઊંઘ માટે જરૂ.રી હોર્મોન્સ પેદા થવાનું ડિલે થાય છે. અમરિકન નેશનલ સ્લીપ ફાઉન્ડેશનના અભ્યાસકર્તાઓનું કહેવું છે કે ટીનજર્સને પૂરતી ઊંઘ મળે એ માટે સૂવાના નિયત સમય કરતાં એક કલાક પહેલાં સ્માર્ટફોનનો વપરાશ બંધ કરી દેવો જોઈએ. માત્ર સ્માર્ટફોન જ નહીં, ટીવી, કમ્પ્યુટર, લેપટોપ જેવાં આર્ટિફિશ્યલ લાઈટ ધરાવતાં ગેજેટ્સ પણ રાતના સૂવાના સમય પહેલાં ન વાપરવાં જોઈએ. અભ્યાસમાં નોંધાયું છે કે સામાન્ય રીતે કૃત્રિમ લાઈટ્સ બંધ કર્યા પછીયે લગભગ ત્રીસેક મિનિટ પછી જ ઊંઘ માટે જરૂ.રી મેલેટોનિન હોર્મોનનો સ્ત્રાવ થવાનું શરૂ. થાય છે. અભ્યાસ માટે ૧૫થી બાવીસ વર્ષના ૨૦,૦૦૦ જેટલા યંગસ્ટર્સનો સ્ટડી કરવામાં આવ્યો હતો. ટૂંકમાં, જો તમે ઈચ્છતા હો કે તમારાં સંતાનો પૂરતી અને નિયમિત સમયની ઊંઘ લે તો સૂવાના એક કલાક પહેલાં જ ટીવી, ઈન્ટરનેટ, વિડિયોગેમ્સ જેવી ચીજો ઓફ કરી દો.



# ભયંકર બિહામણા સપનાની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

જે લોકો સ્વસ્થ જીવન જીવે છે તેઓનું સવારથી સાંજ સુધીની દિનચર્યા સ્વાસ્થ્યને સ્વસ્થ અનુકુળ થતી હોય છે. તથા રાત્રીની નિંદ્રા પણ નોર્મલ આવે છે. નિંદ્રાનો નીયમ એવો હોય છે કે નવજાત શિશુની ઉંઘ વીસ કલાકથી બાવીસ કલાક સુધીની હોય છે. બાળક મોટું થાય ત્યારે પાંચ વર્ષ સુધીના બાળક તેમજ સાઈઠ વર્ષથી ઉપરના વયસ્કો કે વૃદ્ધ લોકોની ઉંઘ દશથી બાર કલાકની હોય છે. જ્યારે બાળક તરૂણ અવસ્થાએ આવી અને યૌવનમાં પ્રવેશે છે ત્યારે નોર્મલ ઉંઘ છ થી સાત કલાકની હોય છે. રાત્રીના દશ વાગે ઉંઘી જઈ પાંચ વાગે અથવા તો અગિયાર વાગે રાત્રીના ઉંઘી જઈ પાંચથી છ વાગે સવારે ઉઠી જાગૃત થવું જવાનું રાખવામાં આવે તો તે નોર્મલ તંદુરસ્તી માટેની ઉંઘ કહેવામાં આવે છે.

પણ અબાલ વૃદ્ધ,દરેકને રાત્રીની ઉંઘ દરમ્યાન સ્વપ્ના આવતાં હોય છે. જે ઘણીવાર સુખ હોય છે. ઘણીવાર દુ:ખદ હોય છે. ઘણીવાર વાસ્તવિક હોય છે તો કોઈ વાર કાલ્પનિક હોય છે. કોઈ સપનાં આનંદ પમાડતાં હોય છે તો કોઈ ડરામણાં કે ભયાનક સપનાં આવે.

જ્યારે કોઈ સુખદ, ધાર્મિક કે મનને આનંદ કરાવે તેવાં સપનાં આવે તેની તો અનેક દવાઓ હોમિયોપેથીમાં છે તથા તેવાં સપનાં આવવાં સ્વાભાવિક છે. માનવી કલ્પનાશીલ હોય છે તેમજ મનમાં ઘણા જ સુંદર વિચારો આવતા હોય છે જે રાત્રી દરમ્યાન સપનામાં સાકાર થતા હોય છે. તેની કોઈ દવા લેવાની જરૂરત પડતી નથી.

પણ ડરામણાં, બીહામણાં કે ભયાનક સપનાંઓ આવે ત્યારે લક્ષણ પ્રમાણે હોમિયોપેથીમાં દવા આપવામાં આવે છે. આજે આપણે માહિતી મેળવીશું.

**ભયંકર બિહામણાં સપનાંની દવાઓ :**

**૧. એનાકાડીયમ** : દર્દીને મૃત વ્યક્તિઓ સપનામાં વારંવાર દેખાય, પરિવારમાં વડીલો મૃત્યુ પામ્યા હોય, તે તથા કોઈ અકસ્માતથી મૃત્યુ પામેલા લોકોનાં સપનાં આવે તથા સમાચાર પત્ર તેમજ ટેલીવિઝન દ્વારા આકસ્મિક કે અકસ્માતે મૃત્યુ પામેલાના સમાચાર દર્શાવેલા હોય તેવી અજાણી મૃત વ્યક્તિના સપનાં આવે, સપનામાં સ્મશાન, ચિતા વારંવાર દેખાય, આગના દ્રશ્યો દેખાય એટલું જ નહીં સપનામાં મૃત વ્યક્તિ સાથે સંવાદ કરતા હોય તેવી અનુભુતિ થાય. ત્યારે આ દવા આપવામાં આવે છે. જે બાળકો તથા યુવાનોને સ્મરણશક્તિનો લોપ થાય, યાદ રહે નહીં, પુરૂષહીનતા (ઈમ્પોટન્સી) હોય તેવા દર્દીને પણ આ દવા ઉપયોગમાં લેવામાં આવે છે. મૃત વ્યક્તિના સપનાં આવે તો એમોનીયમ કાર્બ પણ ઉપયોગમાં આવે છે.

**૨.હાયોસાઈમસ** : રાત્રીના ઉંઘમાં ડરામણાં સપનાં આવવાથી, દર્દી ચીસો પાડીને પથારીમાં બેસી જાય, હાથ પગમાં ધ્રુજારી થાય, કાંપવા લાગે આખી રાત ભયભીત થઈને બેસી રહે,ઉંઘમાંથી ઉઠી ગયા બાદ રીશ્તેદારી કે કુટુંબીજનો સાથે વાત ન કરે, ડરામણા સપનાથી દર્દી એટલો બધો ડરી જાય કે ઘરના ઉપર શંકા કરે, પાણીમાં ઝેર તો નાખ્યું નથી ને ? કોઈની સાથે ખાવા પીવાની વસ્તુ લે નહીં, દર્દીને બેચેની લાગે, સપનામાંથી એકાએક ઉઠી જઈ દર્દી ઘરની બહાર ભાગવા લાગે ત્યારે આ દવા આપવામાં આવે છે.

**3. લેકેસીસ** : રાત્રીના ઉંઘમાં, ભુતપ્રેતનાં સપનાં આવે તેનાથી ડરી જાય અને ઉંઘ ઉડી જાય, તેનાથી એટલો ડરી જાય કે મધ્યરાત્રીએ એકાએક જાગી જાય અને પોતે કોઈ આત્માની અસર નીચે આવી ગયો હોય તેવો ભ્રમ થાય, પછી ડર લાગે અને ડર ટાળવા રાત્રીના એકાએક ગીગો ગાવા લાગે, સીસોટી મારવા લાગે, ભુલો કરે, એકના બદલે બીજી વાતો કરે, કંઈ યાદ રહે નહીં, યાદશક્તિ ક્ષીણ થાય,

.અનુસંધાન પાના નં.૬ ઉપર

# શ્વાસ રોગ નો ઘરેલું ઉપચાર

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

જીવન જીવવા માટે સૌથી વિશેસ શાની અગત્યતા છે ? તો સૌ જવાબ આપશે કે, હવા, પાણી અને ખોરાક. જૈન ધર્મમાં અઠ્ઠઈમાં ૮ દિવસ ખોરાક વિના રહી શકાય છે, ભીમ એકાદશીના દિવસે પાણી વિના રહી શકાય છે અને પ્રાણાયામમાં કેટલીક મિનીટ હવા વિના પણ રહી શકાય છે. એનો અર્થ એમ કે આ ત્રણે ય વિના જીવી શકાય છે પણ આપણા ઋષિ એમ કહેછે કે સ્વાધ્યાય- ભક્તિની જીવનમાં આવશ્યકતા હવા કરતાં ય વધુ છે.અત્યારે પૃથ્વી ઉપર વિશેસ કરીને આપણા દેશમાં હવાનું પ્રદુષણ એટલી હદે વધી ગયું છે કે, વર્ષમાં ૫ લાખથી અધિક લોકો મૃત્યુ પામે છે. તો પછી શરદી, ખાંસી, છીંક, શ્વાસ, ક્ષય, ફેફસાના રોગો, હૃદયના રોગોનું પ્રમાણ કેટલી હદેવધુ હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. કારણ કે આ બધા જ પ્રદુષણ જન્ય રોગો છે. અને દિવસે ને દિવસે આ સ્થિતિ વધુ ખરાબ દિલ્હી જેવી સર્વત્ર થઈ રહી છે. તેથી પ્રત્યેક વ્યક્તિ એ આ સૃષ્ટિ તરફ ભક્તિની દ્રષ્ટિથી વધુ વૃક્ષોનો ઉછેરકરવા પ્રયત્ન કરવો જોઈએ. અને પોતાના સ્વાસ્થ્ય માટે વહેલા ઉઠીને ઓછા નામે અડધો કલાક પ્રાણાયામ કરવા જોઈએ.શ્વાસ રોગ માટે અહી દર્દ ની દવા કહેવી યોગ્ય નથી કારણકે દોષ, દુષ્ય, ઋતુ, પ્રકૃતિ, અગ્નિ, દર્દ અને દર્દી નુંબળ, ઉમર... આ બધીજ બાબતો જોયા પછી જ પાક્કું નિદાન અને સાચ્ચી દવા અભ્યાસુ વૈદ્ય કરી શકે. છતાં પણઆયુર્વેદ આપણો છે, આપણી આસપાસ ની વનસ્પતિ માં સમાયેલો છે, રસોડા માં દરરોજ આપણી સાથે ભળી ગયેલો છે, તેથી તેને સમજીએ અને ઈમરજન્સી માં તેનો ઉપયોગ જાણીએ તો દર્દી ને વૈદ્ય પાસે લઈ જઈએ ત્યાં સુધી દર્દને કાબુમાં રાખી શકાય અને દર્દનું બળ ઓછું હોય તો દર્દ દૂર પણ થઈ જાય. વધુ ચાલવા થી, દોડવાથી, બોલવાથી શ્વાસ ચડે તે તો આરામ કરવાથી કે શરીર – મન ને શાંતિ આપવાથી મટી જાય. પણ ધૂળ- ધુમાડા થી કે શરદી- કફ થી શ્વાસ ચડે ત્યારે, દમ નું દર્દ થાય ત્યારે.....? સૌ પ્રથમ તલના તેલમાં સિંધાલુણ કે નમક ચપટી નાખી ગરમ કરીને છાતી ઉપર માલીસ કરવું. તેનાથી જેમ પર્વતીય ક્ષેત્રમાં વૃક્ષો ઉપર જામી ગયેલો બરફ સૂર્યના કિરણોથી પીગળે છે તેમ માલીસને સેકથી ફેફસાના બધા જ સ્રોતસ ખુલ્લા થાય છે અને ફેફસાંને બળ મળે છે ને અડધું દર્દ તો ત્યાં જ મટતું જણાય છે.? તલ, ઘઉં નો લોટ, અડદનો લોટને તેલ કે ઘી મેળવીને ગરમ કરીને કપડાની પોટલીમાં બાંધીને હળવો સેક છાતી ઉપર કરવો અથવા ખમી શકાય તેવા ગરમ દૂધની ધાર છાતી ઉપર કરવી તેથી પણ સેક થશેને કફ છૂટે , ફેફસા ને બળ મળે.

ગરમ- ગરમ પાણી પીવાથી, કાળા મરીને મધ સાથે ચાટવાથી, હળદરની સાથે અજમોને ગોળ ખાવાથી તાત્કાલિક રાહત થઈ જાય. હળદરને ગાયના ઘીમાં શેકી, એલાયચી, કાળા મરી, તજ, સાકર સાથે ખાવાથીકહેવાતી એલર્જી ની ખાંસી, શ્વાસમાં લાભ થશે.

કફ કાઢવા માટે દર્દી ની પાસે હળદર, જવ નું ચૂર્ણ, તજ કે એરંડાના મૂળના ચૂર્ણને ઘી સાથે મિશ્ર કરીને ધુમાડો કરવામાં આવે કે તેનો નાસ આપવામાં આવે તો તત્કાલ રાહત થાય છે. પંચકર્મ નિષ્ણાત વૈદ્ય કફના દર્દીને (વધુકફ હોય તો) વિધિવત વમન દ્વારા કફ દુર કરાવી ને પછી આવા દ્રવ્યો નું ધૂમપાન કરાવે છે.

આદુ, લસણ, કાળા મરી, ગાય નું ઘી કે તલ ના તેલ થી બનાવેલ ગરમ - ગરમ મગ ની દાળ પીવી.સૌને સરળતા થી પ્રાપ્ય અને સૌને ઉપયોગી તેવો ચ્યવનપ્રાશ દરરોજ સવારે એકથી બે ચમચી ખાઈને ફરી ભૂખ ના લાગે ત્યાં સુધી કઈ જ ખાવું નહિ. તેનાથી રોગ પ્રતિકારક બળ વધે છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# ખજૂરના સ્વાસ્થ્યવર્ધક ફાયદા

**સાઈકોથેરાપીસ્ટ**

ખજૂરમાં વિટામિન એ, બી અને સી, પ્રોટીન, ફોસ્ફરસ, કેલ્શિયમ, પોટેશિયમ, સોડિયમ, કાર્બોહાઈડ્રેટ્સ, આર્યન વગેરે તત્વો રહેલા છે જેથી તેનું બારેમાસ સેવન કરવાથી અનેક ફાયદા પ્રાપ્ત થાય છે શું તમને ખબર છે કે ખજૂર દરરોજ ખાવી કેટલી સ્વાસ્થ્યવર્ધક છે. ખજૂરના પૌષ્ટિક ગુણોને કારણે તે ઉપવાસના દિવસોમાં ખાવા માટે ઉત્તમ માનવામાં આવે છે. શું તમે જાણો છો એક કિલો ખજૂર આપણા શરીરમાં ૩૫૦૦ કેલરી ઉર્જાનો સંચાર કરે છે. ખજૂરમાં ૭૦ ટકા શર્કરા હોય છે જેમાં ગ્લુકોઝ અને ફ્રેક્ટોઝનું પ્રમાણ સૌથી વધુ હોય છે. ખજૂર પૌષ્ટિક ફળ જ નહીં અનેક રોગોની ઉત્તમ ઔષધિ પણ છે તેને ખજુરી અને છુહારા પણ કહેવાય છે. બારેમાસ ખજૂરનું સેવન કરવામાં આવે છે. ખજૂર એ શક્તિવર્ધક ફળ છે. આજે જાણો કઈ રીતે કરશો ખજૂરનો ઉપયોગ.

ખજૂરના ગુણધર્મો- ★ ખજૂર ફળ રૂચિકર, મધુર, શીતળ, પાચક અને પુષ્ટિકારક હોય છે. તે અગ્નિવર્ધક તથા હૃદય માટે હિતકારી તો છે જ સાથે કફ, પિત્ત, વાત અને અનિદ્રાનાશક પણ છે. ★ ખજૂરમાં વિટામિન એ, બી અને સી પ્રોટીન, ફોસ્ફરસ, કેલ્શિયમ, પોટેશિયમ, સોડિયમ, કાર્બોહાઈડ્રેટ્સ, આર્યન વગેરે તત્વો હોય છે. 'સ્વાદમાં ગળ્યો ટેસ્ટ ધરાવતા આ ફળમાં પુષ્કળ પ્રમાણમાં આયર્ન, ફાઈબર, મેગ્નેશ્યમ, ક્રોમિયમ જેવાં વિવિધ મિનરલ્સ મબલક પ્રમાણમાં આવેલાં છે. એ શરીરમાં રક્તકણો વધારે છે, રોગપ્રતિકારક શક્તિ વધારે છે, પાચનશક્તિ સુધારે છે તેમ જ સ્કિન-ટાઈટનિંગ માટે એ ખૂબ સારી ગણવામાં આવે છે.' ખજૂરનો પાક- ★ ખજૂરનો મુખ્ય પાક અરબસ્તાન, ઈરાન અને એની આસપાસના દેશોમાં વધારે થાય છે. આપણે ત્યાં ખજૂરીનાં વૃક્ષો ઊગે છે ખરાં, પણ એને ફળ નથી બેસતાં. અહીંનાં વૃક્ષો પર ઊગતાં ખજૂરનાં ફળોને પકવવાની રીતને કારણે પણ ભારતમાં બહુ સારાં ફળ નથી થતાં. ખજૂર પોતે જ એટલી મીઠી હોય છે કે એમાં સાકર ઉમેરવાની જરૂર નથી હોતી. આજકાલ તો ખજૂરનો અન્ય મીઠાઈઓમાં નૅચરલ સ્વીટનર તરીકે ઉપયોગ પણ થાય છે. આ એક હેલ્ધી ઑપ્શન છે જે જરૂર અપનાવવો જોઈએ.

ખજૂરના કેટલાક આયુર્વેદિક ફાયદા- ★ એક ખજૂર ને ૧૦ ગ્રામ ઓસામણ સાથે પીસી ને બાળકો ને પીવડાવવાથી સૂખારોગ માં લાભ થાય છે અને બાળક હુષ્ટ પુષ્ટ થાય છે. આ એક ઉત્તમ ટોનિક પણ છે. ★ સ્ત્રીઓના હિસ્ટોરિયાના રોગમાં ખજૂર ઉત્તમ દવા છે. નિયમિત ૫-૫ ખજૂર સવાર-સાંજ દૂધ ની સાથે સેવન કરવાથી હિસ્ટોરિયા રોગનું નિવારણ થાય છે. આ પ્રયોગ બે મહિના સુધી કરવો જોઈએ. ૪-૫ ખજૂરને ઉકાળીને તેમાં ૩-૪ ગ્રામ મેથીનું ચૂર્ણ ભેળવીને ખાવાથી કમર અને ઘુંટણના દર્દથી રાહત મળે છે. ★ જુના ઘા ઉપર ખજૂરના ઠળિયાને બાળીને તેની ભસ્મ લગાવવાથી જૂના ઘા રૂઝાઈ જાય છે. શરદી થી છૂટકારો મેળવવા માટે સવાર સાંજ ૫-૫ ખજૂર ખાઈને થોડું ગરમ પાણી પીઓ. આનાથી ફેફસામાં થયેલો કફ પીગળી ને નીકળી જાય છે અને શરદી-ખાંસી માંથી છૂટકારો મળે છે. ★ થાક દૂર કરવા અને બળ વ્રુધ્ધિ માટે ૨૫૦ ગ્રામ ખજૂર અને અડધો લીટર દૂધનું પ્રતિદિન સેવન કરવું જોઈએ. બી.પીના દર્દીઓને પણ ગરમ પાણીમાં ખજૂર ધોઈને દૂધમાં ખજૂર ઉકાળી ને તે દૂધ પી જવું જોઈએ. ★ ખજૂર ઠળીયાનો સુરમો આંખોમાં લગાવવાથી આંખોના રોગ દૂર થાય છે. ખજૂર ઠળીયાને બાળીને ચૂર્ણ બનાવી લો. આ ચૂર્ણ ને ૨-૨ ગ્રામની માત્રામાં દિવસમાં ત્રણ વખત ઠંડા પાણીની સાથે સેવન કરવાથી વારંવાર થતા અતિસાર બંધ થાય છે. ★ ખજૂર-સૂંઠનું ચૂર્ણ, સાકર અને ઘીને દૂધમાં ઉકાળીને સવાર -સાંજ પીવાથી તાવ મટી જાય છે. પ્રતિદિન ૧૫-૨૦ ખજૂર ખાઈને ઉપર એક ગ્લાસ દૂધ પીવાથી શરીરમાં નવું લોહી બને છે અને શરીરમાં તાકાત આવે છે. ★ ખજૂર ખાઈને ગરમ દૂધ પીવાથી કેલ્શિયમની કમીથી થતા રોગો જેવા કે દાંત ની કમજોરી, હાડકા ઓગળવા વગેરે મટી જાય છે.★ખજૂરમાં ભરપૂર પ્રમાણમાં રહેલું આયન શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે તેમ જ ખજૂરનાં પોષક તત્વોને દૂધ પૂ રેપૂરાં શરીરમાં શોષવા માટે મદદ કરે છે જેથી એના સઘળા લાભ લઈ શકાય. એનર્જી ને વિકાસ માટે નાનાં બાળકોથી લઈને પ્રૌઢ વયના લોકોને પણ ખજૂર અનેક રીતે લાભકારી છે ★ કાબોર્હાઈડ્રેટ્સ, લોહ, કૅલ્શિયમ અને ફૉસ્ફરસ જેવાં ખનિજતત્વોથી ભરપૂર ખજૂર પાંડુરોગ અને ટીબીના દરદીઓ માટે નવજીવન બક્ષનાર ગણાય છે.

# મહિલાને પુરા અધિકારો અને આદર કેમ નહી ?

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

ભારતીય નારી હવે ક્યાં સુધી પુરૂષની વાસના સંતોષવાનું પાત્ર બની રહેશે ?

અનેક સમસ્યાઓ, પડકારો અને સામાજિક દૂષણોનો હિંમતભેર સામનો કરી વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહેલી મહિલાઓની બહાદુરી ખરેખર દાદ માંગી લ્યે તેવી છે.

કોર્પોરેટ સેક્ટર, સાયન્સ એન્ડ ટેકનોલોજી, સ્પેસ મિશન, ઈજનેરી અને તબીબી ક્ષેત્ર, કે પછી મીડિયા ક્ષેત્ર હોય, પરંતુ હવે ત્યાં મહિલાઓનો દબદબો દેખાય છે. અરે હવે તો બહાદૂર નારી વીરાંગના બનીને ભારતીય સૈન્યમાં પણ ફરજ બજાવતી થઈ છે. વાત આટલેથી જ નથી અટકતી ભારતીય મહિલાઓ ફિલ્મ, ટીવી, ફેશન અને મોડેલિંગ ક્ષેત્રે જે વર્ચસ્વ જમાવ્યું છે તે પુરૂષોને ભારોભાર ઈર્ષ્યા જન્માવે તેવું છે. એમાંય મનોરંજન ઉદ્યોગમાં તો મહિલાઓ જે પ્રકારે પોતાની બોલ્ડનેસ પ્રદર્શિત કરી છે તે અદભૂત છે અકલ્પનિય છે.

આ તકે એવી ટકોર કરવી રહી કે, યુવાનો હોય કે યુવતિઓ, પણ આ આધુનિક પેઢીને શિક્ષણ અને તાલીમનું મહત્વ બરોબર સમજાયું છે.

વિવિધ ક્ષેત્રોમાં જેમ જેમ મહિલાઓનો દબદબો છે. ભારતના રાષ્ટ્રપતિપદે એક મહિલા છે કેન્દ્રની યુ.પી.એ સરકાર અને કોંગ્રેસના અધ્યક્ષ પદે પણ એક મહિલા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પદે પણ એક મહિલા છે. દેશના અનેક શહેરોના મેયર પદે મહિલાઓ બીરાજમાન છે અનેક રાજ્યોમાં આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. જેવા વરિષ્ઠ અધિકારી વર્ગમાં પણ અનેક મહિલાઓ ફરજ બજાવે છે.

એકંદરે જોઈએ તો અનેક ક્ષેત્રોમાં મહિલાનું વર્ચસ્વ વધ્યુ છે. આમ છતા પણ આપણા અદેખા અને ચોક્કસ પ્રકારની માનસિકતા તથા લઘુતાગ્રંથીથી પીડાતા સમાજે મહિલાઓના વર્ચસ્વને જે આદર આપવો જોઈએ તે હજુ પણ મળતો નથી તેવું વારંવાર અનુભવાય છે.

એક વાત ભાગ્યે જ કોઈ પુરૂષ સમજે છે કે, મહિલાને આદર આપનાર પુરૂષ મહિલા વર્ગમાં અદભૂત આદર અને આવકાર પામે છે. આ બાબતને એવા વ્યાપક અર્થમાં સમજવાની જરૂર છે કે જો આ પ્રકારના પરસ્પર આદરનો માહોલ ઉભો કરી શકાય તો ખરેખર આદર્શ સમાજનું નિર્માણ થશે.

જોકે મહિલાને માત્ર મનોરંજન અને ઉપભોગની દ્રષ્ટિએ નિહાળવાની પરંપરા દેવલોકથી ચાલતી આવી છે ભગવાન પણ અપ્સરાના નૃત્યો માણી મનોરંજન પ્રાપ્ત કરતા એવું આપણે અનેક વખત વાંચી ચુક્યા છીએ. રાજા મહારાજાઓ સંખ્યાબંધ રાણીઓ રાખતા ને દાસીઓ પણ રાખતા. તેઓ પણ નવરાશના સમયે નૃત્યાંગનાઓના લટકા ઝટકાને સંગીતકારોની ધુનનો આનંદ માણતાં.

ઘણા લોકો એ બાબતે ગર્વ મહેસૂસ કરે છે કે 'કામસૂત્ર' ગ્રંથની રચના ભારતમાં થઈ માનવ જીવનનાં સંદર્ભમાં કામસૂત્ર ખરેખર મહત્વપૂર્ણ ભાગ ભજવે છે તેની કોઈ શંકા નથી, પરંતુ 'કામસુત્ર' ને બીજી રીતે મુલવીએ તો સ્ત્રી-પુરૂષના ગોપનિય સંબંધને વધુને વધુ રસ-પ્રચુર કેવી રીતે બનાવી શકાય. પુરૂષ વધુને વધુ શ્રેષ્ઠ રીતે સ્ત્રીને કેવી રીતે માણી શકે તેની રીતો બતાવીને તત્કાલીન પુરૂષ આધિપત્યવાળા સમાજે પોતાની છીછરી માનસિકતાનું પ્રદર્શન કર્યુ છે તેવું નથી લાગતું ?

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મોંના છાલાથી રાહત પામવાના ઉપાય

**આરોગ્ય સંહીતા**

મુખમાના છાલાની સમસ્યા સામાન્ય છે. અબાલવૃદ્ધ સહુ કોઈને મુખમાં છાલા પડતા હોય છે. સ્ત્રીઓના હોર્મોન્સમાં વધુ પડતા ઉતાર-ચડાવ થવાથી મહિલાઓમાં આ સમસ્યા વધુ હોય છે. જોકે છાલા થોડા દિવસમાં મટી જતા હોય છે. ચાંદા પડવાના સામાન્ય કારણો પેટ સાફ ન આવવું. ખાતી વખતે અચાનક જ જીભ દાંત વચ્ચે કપાઈ જવી. વધુ પડતા આમયુક્ત, મસાલેદાર વાનગીઓ ખાવી.

તમાકુ-સોપારી તેમજ શરાબનું સેવન દાંતમાં બ્રેસેસ લગાડવાથી પણ ઘણી વખત ચાંદા પડવાની તકલીફ થાય છે. તેમજ દાંતમાંનું ચોકઠું બરાબર બેઠું ન હોય એટલે કે ઢીલું હોય તો પણ છાલા પડી શકે છે. માસિકધર્મ અથવા મેનોપોઝમાં હોર્મોન્સમાં ફેરફાર,વાયરસ, બેકટેરિયા અથવા ફંગસ થવાથી પણ ચાંદા પડે છે.શરીરની રોગ-પ્રતિરોધક ક્ષમતા ઓછી થવી, એલર્જી, ભોજનમાં વિટામિન સી અને બી ૧૨ની ઊણપ. આંતરાડામાં કોઈ સમસ્યા તેમજ દવાની વિપરિત અસરથી પણ મુખમાં છાલા પડી શકે છે. જે શિશુઓ ઉપરનું દૂધ પીતા હોય છે તેને પણ ચાંદા પડે છે. દૂધની બોતલ બરાબર સાફ ન થઈ હોય તો તેમાં પેજા થતા જીવાણુ દૂધની સાથે શિશુના મોંમા જાય છે અને ચાંદા પડે છે.સામાન્ય રીતે છાલા પડવાથી મુખમાંના અંદરના ભાગમાં સોજો થઈ જાય છે, તે ભાગ લાલ થઈ જાય છે અને ઘા પડે છે. આ રોગ ગંભીરતા ધારણ કરે તો આખા મુખમાં ચાંદા પડી જાય છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

માનસ-ડૉ.પ્રવીણ

મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

દરેક નાના નાના અસંખ્ય સુક્ષ્મ જીવો પોતાનાં જીવનને જાણવા માટે શરીરો ધરાવે છે અને આ પોતાના શરીર થકી તે અસ્તિત્વનો અનુભવ કરે છે. આપણને મનુષ્ય યોનિમાં જન્મ પોતાના આત્મોદ્ધારનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે મળ્યું છે. જીવનની ઘટમાળનો અંત લાવવા ભૌતિકની સાથે જ માણસને સુક્ષ્મ શરીર મળ્યું છે. સુક્ષ્મ શરીર જીવનને સમજવા માટે આપેલું છે પણ અહંકારનો એટલો બધો પ્રભાવ છે કે તે જીવવાનું લક્ષ્ય ભુલી જાય છે. પ્રકૃતિના નિયમો સમજવા માનવજાત મથામણ કરે છે. બ્રહ્માંડના રહસ્યો ઉકેલવા માટે તે જરૂરી છે પણ બુધ્ધિના આગ્રહમાં મનુષ્ય જીવન જીવવાનું ભુલી જાય છે.

સમજવાને રસ્તે જાય તે જ્ઞાન અને જીવવાના રસ્તે જાય તે ધ્યાન.

જગતમાં દરેક જીવ શરીર ધરાવે છે. વનસ્પતિના સ્વરૂપના જીવો કરતાં જીવજંતુ અને નાનાં પ્રાણીઓ તેમના વિકાસની કક્ષા અનુસાર ચેતાકોષો ધરાવે છે. મોટા પ્રાણીઓ મગજ અને મન પણ ધરાવે છે, તેમાંય મનુષ્ય માત્ર આ જગતમાં મહત્તમ વિકસિત મગજ ધરાવે છે. માણસ તેનું મન, બુધ્ધિ ચાતુર્ય, જજમેન્ટ, પસંદગી કરવાની અને નિર્ણય કરવાની શક્તિ તથા પ્રમાણમાં વધુ વિકસીત એવી સંવેદનાનું અર્થઘટન, યાદ વગેરે માટે જરૂરી એવી સર્વ શક્તિઓ ધરાવે છે. માણસમાં સૌથી વધુ વિકાસ પામેલા મગજનો હિસ્સો અગ્ર ભાગે આવેલો છે.કપાળ પાછળનો મગજનો મહત્તમ અગ્રભાગ છે. નિર્ણયશક્તિ, જજમેન્ટ, સારાંશ મુકત વિચારણા ઉપરાંત સર્વ પૃથ્થકરણ, પ્લાનીંગ એટલે કે આયોજન જેવી અનેકવિધ શક્તિઓ મનુષ્યના આ ભાગમાં બીજા કોઈપણ પ્રાણીઓની સરખામણીમાં સૌથી વધારે છે. હવે આવું પૂર્ણ વિકસેલું મનને **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# હરતા-ફરતા ખાવાથી મગજને ખાદ્યાની સંતુપ્તિ નથી મળતી : અભ્યાસ

**આરોગ્ય**

આપણા પૂર્વજો કહેતા આવ્યા છે કે ભાણે બેસીને શાંતિથી ખાવાથી ખોરાક ખાદ્યાનો સંતોષ થાય છે અને ખાધેલુ પચે પણ છે. આ જ વાત જરાક જુદી રીતે બ્રિટનની યુનિવર્સિટી ઓફ સરેના નિષ્ણાતોએ કહી છે. જેમને હરતા-ફરતા આચરકૂચર નાસ્તાના ફાકડા મારવાની આદત હોય છે તેમના માટે આંખો ખોલતું તારણ છે. નિષ્ણાતોનું કહેવું છે કે તમે હરતા-ફરતા ખાશો તો એનાથી મગજને ખાદ્યાની સંતૃપ્તિ નથી મળતી... જયાં સુધી તમે બેસીને થાળીમાં ભોજન ન કરો ત્યાં સુધી ભૂખ સંતોષાયાનું ફીલ નથી થતું. ભલે તમે હરતા-ફરતા જે નાસ્તો કર્યો હોય એ કદાચ ભોજન કરતાંય વધુ કેલરીવાળો હોય, તો પણ મગજ સુધી ભોજન કર્યાનો સંદેશો ન મળતો હોવાથી જાણે તમે ભૂખ્યા જ છો અને ખાધું નથી એવું ફીલ થાય કરે છે. આપણું મગજ દિવસમાં ત્રણ ભોજન લેવા માટે ટેવાયેલું છે. ચોક્કસ સમયે બેસીને બ્રેકફાસ્ટ, લંચ કે ડિનર લેવામાં ન આવે ત્યાં સુધી વ્યકિતને પોતે ખાધુ નથી એવું ફીલ થયા કરે છે. ભૂખ લાગે ત્યારે આચરકૂચર ખાઈ લેવાની આદત ધરાવતા લોકો દિવસમાં જરૂર કરતા પચાસ ટકા વધુ કેલરી ખાઈ જાય એવું બની શકે છે. કેટલાક અંશે ભૂખની સંતૃપ્તિ ઉભા-ઉભા ભોજન કરવાની આદત સાથે પણ સંકળાયેલી છે. અભ્યાસમાં ૮૦ મહિલાઓના ભોજન પર પ્રયોગ કરવામાં આવ્યો હતો. પહેલા અલગ-અલગ ગ્રુપમાં મહિલાઓને તેમને ગમતી ફલેવરના નાચોઝ ખાવા આપ્યા. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## આરોગ્ય સંહીતા

### અનુસંધાન ૫ નુ ચાલુ..

મોઢામાંથી લાળ પડવાની તકલીફ વધે છે થૂક પણ વધુ આવે છે. ઘણી વખત તો તાવ પણ આવે છે.કબજિયાત ન થવા દેવી. પેટ સાફ રાખવાથી ચાંદા પડવાથી બચાવી શકાય છે. દિવસમાં વારંવાર મીઠાના પાણીના કોગળા કરવા. મધ લગાડી લગાડવું.

કાથો લગાડી લાળ પાડવી. ટી બેગ્સને ભીની કરી ચાંદા પર રાખવી. વિટામિન સી અને બી ૧૨ની ગોળીઓ તબીબની સલાહ પ્રમાણે ખાવી.ખાવાનું ધીરે ધીરે ચાવી-ચાવીને ખાવું.ખાતી વખતે વધુ પડતી વાત ન કરવી નહીં જેથી દાંતથી મુખમાંની અંદરની પરતને હાનિ ન પહોંચે.ખાતા પહેલા હાથ ધોવાની આદત રાખવી. ટૂથબ્રશની સ્વચ્છતા પર પૂરતું ધ્યાન આપવું.સમતોલ ભોજન લેવું.આમ છતાં પણ તકલીફમાં સુધારો ન થતો હોય તો નિષ્ણાંતની સલાહ લેવી. કોઈ એલર્જીના કારણે કે ઈન્ફેકશનના કારણે થતા હોય તો તેનો ઉપાય થઈ શકે. આર્યુવેદમાં છાલા પર ગ્લિસરીન લગાડીને મુખમાંથી લાળ પાડવાની સલાહ આપવામાં આવી છે.એક ચમચો ત્રિફળાને એક ગ્લાસ પાણીમાં ભીંજવી સવારે કપડાથી આ પાણી ગાળી કોગળા કરવા.મોંમાં ચાંદા પડી જાય તો વ્યક્તિ ખૂબ જ પરેશાન થઈ જાય છે. તેને કોઈ કામમાં મન લાગતું નથી અને તે ખાવા-પીવા અને બોલવામાં ઘણી અસુવિધા મહેસૂસ કરે છે. અહીં અમે આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સા સાથે જોડાયેલ કેટલાક એવા સરળ ઉપાય બતાવી રહ્યા છીએ જે મોંના ચાંદા માટે અસરકારક અને તરત જ રાહત આપે છે... સરળ ઉપાયઃ- -ચમેલીના પાના ચાવો અને મોંમાં બનતી લાળને થૂંકતા જાઓ, ચાંદામાં તાત્કાલિક આરામ મળશે. -નાની હરડેને ઝીણી વાટીને ચાંદા ઉપર લગાવો, તરત જ લાભ થશે. રાતે ખાધા પછી હરડે ચૂસો. -બે ગ્રામ સુહાગાનું ચૂર્ણ ૧૫ ગ્રામ ગ્લિસરિનમાં મેળવો. દિવસમાં ત્રણવાર છાલા-ચાંદા ઉપર લગાવો. ફાયદો થશે. -સાકરને બારિક પીસી લો. તેમાં કપૂર મેળવી જીભ ઉપર ફેરવો. તેમાં મિશ્રી એક ભાગ તથા કપૂર એક ભાગ રાખો. -ફટકડીના કોગળા કરો. -તુલસીના પાન ચાવો તો પણ મોંના ચાંદા સારા થઈ જાય છે.

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

પોતાને જ જાણવા માટે વધુ સક્ષમ બન્યું છે. પોતાને જાણ્યા બાદ પોતાનો સમગ્ર ઈતિહાસ અને પોતાનું વિજ્ઞાન (મનોવિજ્ઞાન) જાણ્યા પછી તેને પોતાની નિરર્થકતા માલુમ પડવા લાગી છે. પોતે સરળતાથી સમજી શકવા લાગ્યો છે કે જીવન છે. જીવન જીવવા માટે મન શરીર છે, અને તેમને જાણવા માટે મન છે પરંતુ એને તો આ ‘મન’ જ સર્વ સમસ્યાઓનું કારણ હોય તેમ જણાવા લાગ્યું છે. મનુષ્યને જીવન જીવવા માટે જરૂરી એવી સર્વ ચીજો પ્રકૃતિમાં અનેકગણી પેદા કરવાની શક્તિ છે અને તે કયારેય ખુટે એમ નથી.

મન અને તેની સાથે જ્ઞાન-વિજ્ઞાન વધુ વિકસીત થતાં માણસ વધુ ને વધુ ઉંડાણમાં વિચારવા લાગ્યાં છે. પહેલાં તો માત્ર અસ્તિત્વનો કે હોવાનો પરમ આનંદ ભોગવતો હતો. પણ હવે મન પોતાના અંગે અને સૃષ્ટી અંગે વધુને વધુ વિચારતું થવા લાગ્યું. તે બધું મનથી જ માત્ર શકય હતું. ધીમે ધીમે તે મનમાં તેના વિચારો દ્વારા જ્ઞાન-વિજ્ઞાનની પ્રગતિના રસ્તે ચડી એટલો બધો ખોવાઈ ગયો કે હવે પોતાનાં અસ્તિત્વ અને હોવાના કે હોવાપણાના પરમ આનંદને ભુલી જ ગયો છે ! મનુષ્ય મનના માર્ગે, દુન્યવી જ્ઞાનના માર્ગે વધુને વધુ ઉંચાઈઓ, ક્ષેત્રો પાર કરતો ગયો, ધીમે ધીમે તે આ મનની જ. પોતાની માયાજાળમાં ફસાઈગયો અને વિશેષ તો ‘પોતે’ છે એવું સ્વીકારીને આ મની માયાજાળને પોતાનું કાયમી નિવાસસ્થાન ઘર માનવા લાગ્યો. અરે ! એટલા સુધી કે તે પોતે ચાતુર્યપુર્ણ મન કહે કે ‘હું મારા સિવાય અને બાહ્ય જગત સિવાય બીજું કંઈ છે જ નહીં.’

અસ્તિત્વ અંગેના ખ્યાલો, અનુભવો તો તેના માટે જાણે બિલકુલ હોય જ નહીં કે કયારેય હતા જ નહીં તે રીતે ભ્રામક બની ગયા પરંતુ હવે મનુષ્ય જ્ઞાન વિજ્ઞાન થકી પણ અધ્યાત્મજ્ઞાન મેળવી શકે છે. વારંવાર આ પ્રકારના જ્ઞાનનું સેવન કરવામાં આવે તો પછી તેની સાર્થકતા કે નિરર્થકતાની સમજ આવે છે અને અંતે સાચા જ્ઞાનની અનુભૂતિ થાય છે અને તેને જ ‘આત્મોપલબ્ધિ’ કહી શકાય. ‘ખરેખર ધાર્મિક માણસ એ છે જે હંમેશાં પોતાની સાથે છે !’ આ વાકય ઓશો રજનીશ એક સુંદર ઘટના દ્વારા સમજાવે છે.

તેઓ કહે છે કે જર્મનીમાં એક હાર્ટ નામે એક ફકીર થઈ ગયા. તેઓ પહાડો વચ્ચે એક જંગલમાં એક વૃક્ષ નીચે એકાંતમાં બેઠા હતા. એક દિવસ તેમનાં ગામના કેટલાક મિત્રો ત્યાં આગળ પીકનીક મનાવવા આવી પહોંચ્યા. તેમણે એક હાર્ટને એકલા બેઠેલા જોયા એટલે ‘તેઓ કંટાળી ગયા હશે’ તેમ સમજી તેમને કંપની આપવાના આશયથી તેમની પાસે જઈ તેમને ઢંઢોળ્યા અને તેમ કરવાનું કારણ જણાવ્યું.

એક હાર્ટ તો આ સાંભળી હસવા લાગ્યા, તેમણે કહ્યું, ‘તમે તમારા માર્ગે સીધાવો તો તમારી મોટી મહેરબાની ગણાશે. જ્યાં સુધી હું એકલો હતો ત્યાં સુધી હું મારી સાથે હતો અને તમે આવીને મારા મન સાથેનો મારો સાથ છોડાવી દીધો. તમે લોકો જાવ, તમે તમારા માર્ગે સીધાવો અને એવું ના વિચારો કે હું એકલો છું હું મારી સાથે છું અને જે માણસ પોતાની સાથે છે તે પરમાત્માની સાથે છે..! તે એકલો કયાં છે, ? એ મિત્રો આ વાત ભાગ્યે જ સમજતા હશે કે તેણે શું કહ્યું ? ધાર્મિક માણસ એ નથીજે તમારી સાથે છે. ધાર્મીક માણસ એ છે જે પોતાની સાથે છે. એક ગહન અર્થમાં જોતાં તે તમારી પણ સાથે થઈ જાય છે પરંતુ આર્થિક અર્થમાં એ કોઈ સંગઠન નથી, સંમેલન છે. સંગઠનમાં આપણે અલગ અલગ હોઈએ છીએ અને કોઈ નફરત ધૃણાના તાંતણે બંધાયેલા હોઈએ છીએ. જે માણસ પોતાની સાથે હોય છે તમારી સાથે થઈ જાય છે. સંમેલનના અર્થમાં કારણ કે હવે તેની અને દુનિયાની વચ્ચે વિભાજન કરતો મનનો પડદો અદ્રશ્ય થઈ જાય છે અને પરીણામે તે સમગ્ર સૃષ્ટી સાથે એકાકાર થઈ જાય છે. હવે તે એકલો નહીં, પરંતુ પુરૂં બ્રહ્માંડ તેની સાથે જ નહીં પરંતુ તે પોતે છે ! આને જ ‘યોગા’ કહેવાય છે. ‘યોગ’ મુળે સંસ્કૃત શબ્દ છેઅને તેનો અર્થ યુગ્મ થવું અથવા જોડાણ સાધવું એવો થાય છે. સમગ્ર બ્રહ્માંડ સાથે એકત્વ સધાય કે અનુભવાય તે માટે નોન ડયુલીઝમ જેવો અંગ્રેજીમાં શબ્દ છે.

એકલતા અને એકતા બંને જુદા શબ્દો છે. એકલાપણું એ કોઈપણ વ્યક્તિનું માત્ર એકલા હોવું અને કોઈની સાથે ન હોવું તેવો થાય છે પરંતુ એકત્વ એટલે એકલતા નહીં પરંતુ સમગ્ર બ્રહ્માંડ સાથે ઐકય સાધવું અથવા પરમાત્મા સાથે એકતા સ્થપાવી. અહીં માણસ તેના આત્મ, પરમ આત્મતત્વની સાથે જોડાયેલો અથવા એક જ હોય છે અને તે બ્રહ્માંડમાં કે સમગ્ર બ્રહ્માંડ જ હોય છે. જ્યારે બીજી બાજુ ઘણી વાર માણસ એકલો ન હોય અને અન્ય વ્યક્તિઓની સાથે હોય ત્યારે પણ તે ઘણી વાર યાંત્રિક રીતે જ તેમની સાથે હોય છે.

તેનું ધ્યાન ભુતકાળ કે ભવિષ્યકાળના કોઈને કોઈ વિચારોમાં ખોવાયેલું હોય છે અને આવો માણસ બધાની પાસે હોવા છતાં તેનું મન તેની અને અન્યોની વચ્ચે દિવાલ કે પડદાનું કામ કરી તેને અન્યોથી અલગ રાખે છે. મન વિભાજન કરે છે આવું વિભાજન કરતું મન અથવા ‘હું’ એ એકલતાનું સર્જન કરે છે અને આવી એકલતા (ભલે બાહ્ય રીતે તેની આસપાસ અન્યોનું ટોળું જ કેમ ન હોય ) માણસને દુઃખી, અશાંત અને વિષાદગ્રસ્ત બનાવે છે પરંતુ પરમતત્વ સાથેનું સતત જોડાણ એ જ માત્ર પરમાનંદમય હોય છે. **ડૉ. પ્રવિણ પટેલ**

## બગીચામાં ગુલાબને સૂંઘવાથી સ્વસ્થ,ખુશ રહી શકાય છે : અભ્યાસ

(જી.એન.એસ) લંડન

આપણે કુદરતી વાતાવરણમાં ફરવું જોઇએ એવું માનીને બગીચામાં ફરવા તો નીકળી પડીએ છીએ, પરંતુ એ પછી જો આપણું ધ્યાન કુદરતના કરિશ્મા સમા સૌંદર્ય પર ન હોય તો બગીચામાં ગયેલું ધૂળમાં મળ્યું કહેવાય. આવું કોઇ ફિલોસોફર નહીં, વૈજ્ઞાનિકો જ કહે છે. જો તમે તમારી આસપાસની કુદરતને માણવાનો સમય નથી કાઢતા તો કુદરતી વાતાવરણનો કોઇ ફાયદો નથી થતો. કેનેડાની યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલમ્બિયાના રિસર્ચરોનું કહેવું છે કે પ્રકૃતિને મન ભરીને જોવી, ફૂલોની સુગંધને માણવી એ બહુ જ મહત્વની ક્રિયા છે. જે લોકો કુદરતના ખોળે જઈને પ્રકૃતિને બધી જ રીતે માણવાની કોશિશ કરે છે તેઓ મેન્ટલી હેપી અને શરીરથી સ્વસ્થ રહે છે. પોઝિટિવ સાઇકોલોજી નામની જર્નલમાં છપાયેલા અભ્યાસમાં નોંધાયુ છે કે કુદરત અને આસપાસના વાતાવરણની હકારાત્મક બાબતોને સંવેદવાની આદત ધરાવતા લોકો શારિરીક-માનસિક બન્ને રીતે વધુ સ્વસ્થ રહે છે. ટૂંકમાં, હવે જયારે તમે ચાલવા નીકળો કે ઘરની બારીમાં બેસીને બહાર જોતા હો ત્યારે કલરવ કરતાં પંખીઓને જોવાનું રંગબેરંગી ફુલોને સુંઘવાનું, મસ્તી કરતાં ગલૂડિયાંઓને જોઇને હળવા થવાનું ભૂલશો નહી.

## મગફળી ખાવાથી હેલ્ધી રહેવાય છે : અભ્યાસ

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

સીંગદાણાને સસ્તી બદામ કહેવામાં આવે છે. તેમાં લગભગ બધા જ પોષકતત્વ હોય છે જે બદામમાં મળે છે. બદામ મોંઘી હોય જયારે મગફળી સસ્તી હોય છે અને સ્વાસ્થ્ય માટે પણ તે ખૂબ જ ફાયદાકારક છે. શિયાળામાં તેની માંગ ખાસ વધી જાય છે.

સો ગ્રામ કાચી મગફળીમાં ૧ લીટર જેટલું પ્રોટીન હોય છે. મગફળીને શેકીને ખાવાથી જેટલી માત્રામાં ખનીજ મળે છે તેટલું તો ૨૫૦ ગ્રામ મીટમાં પણ નથી મળતું. મગફળીનું તેલ પણ અનેક રીતે ફાયદાકારક છે.

મગફળી તમારી ત્વચા પરના જીવાણુઓનો ખાત્મો બોલાવી દે છે. મગફળી સાચા અર્થમાં પોષક તત્વોનો ખજાનો છે અને તે ખાવાથી અનેકાનેક લાભ થાય છે. તેમાંથી મળતુ પ્રોટીન એટલુ ફાયદાકારક હોય છે કે આયુર્વેદમાં મગફળીના તેલનો ઉપયોગ અનેક દવા બનાવવામાં કરવામાં આવે છે.

અઠવાડિયામાં પાંચ દિવસ જો તમે સીંગદાણાનું સેવન કરો તો તેનાથી હૃદયરોગની શકયતા ઘટે છે. આ ઉપરાંત તે કોલેસ્ટ્રોલ કાબુમાં રાખવામાં પણ મદદ કરે છે.

મગફળીના સેવનથી હાડકા મજબૂત બને છે. તેનું કારણ છે મગફળીમાં ઉપસ્થિત કેલ્શિયમ અને વિટામિન ડી. આ હાડકા માટે એક ખૂબ જ અસરકારક અને સસ્તો ઈલાજ છે. શરીરની અલગ અલગ પ્રક્રિયાઓને સારી રીતે ચલાવવા માટે હોર્મોન્સનું બેલેન્સ શરીરમાં રહે તે જરૂરી છે. રોજ મગફળી ખાવાથી પુરૂષ અને સ્ત્રીઓ બંનેમાં હોર્મોન્સનું સંતુલન જળવાઈ રહે છે.

## વજન ઘટાડવા રનિંગ એક્સરસાઈઝથી ફાયદો થાય નહિ : અભ્યાસ

રનિંગ બેસ્ટ એકસર્સાઈઝ છે. એનાથી શરૂઆતમાં કેલરી બર્ન થવાનું પ્રમાણ સારું એવું રહે છે અને વજન ઘટવામાં પણ મદદ થાય છે. જોકે રોજ રનિંગ કરીને તમે સતત વજન ઘટાડવા ઈચ્છતા હોય તો એક તબક્કા પછી એનો લાભ નહીં મળે. લંડનના ફિટનેસ-એકસપર્ટસની એક ટીમનું કહેવું કે દોડવાથી શરૂઆતમાં વજન ઘટે છે અને શરીરની સ્ફૂર્તિ કે સ્ટેમિના વધે છે, પરંતુ એક તબક્કા પછી વજન ઘટાડવામાં ફાયદો નથી થતો. તમે નિયમિત જેટલું દોડો છો એનાથી શરીર તરત જ ટેવાઈ જાય છે. એટલે જ તમને એક વાર આદત પડી જાય એટલે શરીરની એનર્જી ખર્ચાવાનું પણ ઓછું થઈ જાય છે.લંડનના નિષ્ણાતોનું કહેવુ છે કે રનિંગમાં એકની એક જ મૂવમેન્ટ સતત કરવાની હોય છે અને દરેક વખતે બોડીનું વેઈટ સાંધાઓ પર જ આવે છે. દોડવાથી સારી કાર્ડિયો એકસર્સાઈઝ મળે છે અને વજન મેન્ટેઈન થાય છે.

## હોમીયોપેથીક

### અનુસંધાન ૫ નુ ચાલુ...

દર્દી આખો દિવસ મુંઝાયેલો રહે, ગભરાયેલો, ડરી ગયેલો લાગે. બોલવામાં, વહેવારમાં, ધંધામાં ભુલો કરે, ભણવામાં ભુલો કરે, યુવાન એટલી બધી ભુલો કરે, કે જીંદગી જીવવામાં કોઈ જ રસ ન પડે અને ભવિષ્યમાં લગ્ન કરવાની પણ ના પાડે ત્યારે આ દવા ઉપયોગી બને છે.

**નેટ્રમન્યુરીએટીકમ :** રાત્રીના ઉંઘ આવે નહીં અને મોડી રાત્રે નીંદર આવે ત્યારે ચોર લુંટારાનાં સપનાં આવે, પરિણામે આખી રાત ડર ભય લાગે, મુંઝવણમાં મુકાય,ડિપ્રેશનમાં આવે પરિણામે ઉશ્કેરાટ, ગુસ્સો આવે, કોઈ પણ વ્યક્તિ તેને સાંત્વના આપે, સહાનુભૂતિ બતાવે તો તેના ઉપર ભયંકર ગુસ્સો કરે ત્યારે આ દવા આપવામાં આવે છે.

આ સિવાય હોમિયોપેથીમાં સપનાં પ્રમાણે દવાઓ આપવામાં આવે છે જે આગામી અંકમમાં માહિતી મેળવીશું.

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## આરોગ્ય

### અનુસંધાન ૫ નુ ચાલુ...

એક ગ્રુપને એ ભોજન છે એમ કહીને સિરેમિકની પ્લેટમાં પીરસવામાં આવ્યા. બીજા ગ્રુપને પ્લાસ્ટિકની પ્લેટ અને ચમચી સાથે નાસ્તો છે એમ કહીને પીરસવામાં આવ્યા. આ દરમ્યાન તેમણે કેટલુ ખાધુ એની નોંધ લેવાઈ. એ ખાધા પછી થોડીક વારે બધાને બીજા એક રૂમમાં લઈને જઈને હેલ્ધી-અનહેલ્ધી ઘણી બધી વાનગીઓનું ટેસ્ટીંગ કરવાનું કહેવામાં આવ્યું. તેમણે ટેસ્ટ કરેલ વાનગીઓની પણ કેલરીવાઈઝ ગણતરી રાખવામાં આવી. આખા પ્રયોગના અંતે જેમને પહેલા નાસ્તો આપવામાં આવ્યો હતો તેઓ બધું જ ચાખ્યા અને ખાધા પછીયે સંતૃપ્ત નહોતા, જયારે ભોજન સમજીને જેમણે ખાધું હતું તેમણે ટેસ્ટીંગ દરમ્યાન આચરકૂચર ઓછું ખાધુ હતું અને ભૂખનો સંતોષ પણ થયો હતો.

## અમીરગઢમાં યુવકની...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

(સીપીઆઈ ડીસા)ની સીધી દોરવણી હેઠળ પી.સી. દેસાઈ(પોલીસ સબ ઈન્સ્પેકટર,અમીરગઢ) સ્ટાફના હસમુખભાઈ, બલવંતસિંહ, રોહિતભાઈ, અફઝલખાન તથા શ્રી જે.એચ.સિંધવ

(પોલીસ ઈન્સ્પેકટર એલસીબી,પાલનપુર) તથા એસ.એ.ડાભી, (પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી. પાલનપુર) તથા એચ.કે. સોલંકી,(પોસઈ) તથા બી.કે ગોસ્વામી,(પોસઇ પાલનપુર) સહીત અધિકારીઓની ટીમોને મળેલ હકીકત અન્વયે સંયુક્ત ઓપરેશન હાથ ધરી મુખ્ય આરોપી શકાભાઈ ઉર્ફે શંકરભાઇ સંગ્રામભાઈ પરમાર રહે.ખાપાવાળાને તથા અન્ય આરોપીઓ જેમાં બાબુભાઇ સાંકલા ભાઈ પરમાર , રમેશભાઈ મંછાભાઈ પરમાર, જોરાભાઈ સોમિડાભાઈ પરમાર તમામ રહે. ખાપાવાળાઓને પકડી પાડયા હતા. પોલીસની ટીમોએ સતત ડુંગરાળ વિસ્તારમાં અંદરના ભાગે ૫ થી ૭ કિલોમીટર ચાલતા જઇ આરોપીઓની માહિતી મેળવી આરોપી ઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## મન બિલોરી કાચ

### અનુસંધાન ૫ નુ ચાલુ...

મહિલાને માત્ર ‘સેક્સ’ ની નજરે જ જોવાની પુરૂષ સમાજની દ્રષ્ટિ ભલા ક્યારે બદલાશે ? શું મહિલા ફક્ત પુરૂષનો સતત શારીરિક સુખ આપનાર એક રમકડું છે ? સમાજની રચના અને નિર્માણમાં સરખો હિસ્સો ધરાવતી મહિલા અડધો અડધ એટલે કે પુરૂષને જે માનમરતબો, આદર અને વર્ચસ્વ મળે છે તે શા માટે પ્રાપ્ત કરી શકતી નથી ? અહીં કદાચ જવાબ એ છે કે તેમાંપુરૂષનો ગરાસ અને અહમ લૂંટાય છે.

કોઈપણ ક્ષેત્રમાં કામ કરતી મહિલાને પુરૂષ વર્ગ તરફથી અશોભનિય વ્યવહારનો અનુભવ ના થયા હોય તેવું કદી બન્યું નથી. શારીરિક અડપલાં તો સાવ સામાન્ય બાબત બની ચૂકી છે. સરકારી કચેરી હોય કે ખાનગી ઓફિસો માથે પડેલી કુંટુબની જવાબદારી નિભાવવા નોકરી કરતી મહિલાને પુરૂષોના અત્યાચારો સહન કરવા જ પડે છે કેમ કે મહિલા લાચાર છે અને તેની લાચારીનો ગેરલાભ ઉઠાવી શકાશે તેવી લાળ પુરૂષો ટપકાવતા જ રહે છે.

મહિલાને સમાજમાં પુરૂષ સમાન દરજાજો વર્ચસ્વ, અને આદર પ્રદાન કરવા ચોક્કસ પ્રકારનો કાનૂન અને નીતિનિયમો કડકાઈ પૂર્વક અમલમાં લાવવા જોઈએ પુરૂષોએ એ સનાતન સત્ય હમેશા યાદ રાખવું પડશે કે તેઓ સ્ત્રીની કૂખેથી જ અવતર્યા છે.

**- મંજુ પ્રજાપતિ**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**હેપ્પી બર્થ ડે આશા**



દાદા : તેજાભાઈ ચૌધરી / દાદી : વાલીબેન
પિતા : જામાભાઈ / માતા : અમરબેન
કાકા : ચેલાભાઈ, અમરાભાઈ, વાઘાભાઈ
ભાઈ : મહેશભાઈ (પી.એસ.આઈ), આર્ય, વિપુલ, ધાર્મિક
બહેનો : હેતલ, હિના, ક્રિષ્ના, મોનિકા, જાનકી, નિકિતા, નિધિ
ભાભી : ઉન્નતીબેન
જન્મ તા.૬-૧૧-૨૦૦૪
મુ.નવા,તા.દીઓદર,જી.બનાસકાંઠા

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....




પિતા : અલ્પેશભાઈ ભાનુભાઈ ત્રિવેદી
માતા : ઈલાબેન અલ્પેશભાઈ ત્રિવેદી
દાદા : ભાનુભાઈ વિઠ્ઠલદાસ ત્રિવેદી
દાદી :પુષ્પાબેન ભાનુભાઈ ત્રિવેદી
કાકા : સંદીપકુમાર ભાનુભાઈ ત્રિવેદી
કાકી : અંકીતાબેન સંદીપભાઈ ત્રિવેદી
ફઈ - ફુઆ : શ્વેતાબેન રાકેશકુમાર રાવલ
ભાઈ-બેન : પ્રાંજલ, હિતાર્થ, સ્વરીત
જન્મ તા.૦૬-૧૧-૨૦૦૯ (ઉ.વ.૮)
સરનામું :- મુ. શ્રીનગર, જગાણા તા. પાલનપુર જી.બ.કાં.

## થરા નગરે ..

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

શ્રી ટ્રસ્ટીમંડળ તથા નવીન કારોબારી મંડળ દ્વારા પાઠશાળા ભવનમાં થયું પૂ.સા.શ્રી સિધ્ધગુણાશ્રી મ.સાહેબે પોતાના વ્યક્તવ્યમાં પૂર્ણિમાનો મહિમા સમજાવ્યો હતો અને સતત ધર્મ આરાધના કરતા રહેવા પૂ.સાધુ- સાધ્વી ભગવંતના સમીપે રહી જિનવાણી દ્વારા આત્મ કલ્યાણ કરવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ અંતે ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિ દ્વારા રૂા. ૧૦/- ની તથા જૈન શિક્ષણ સંઘ તરફથી રૂા. ૫ ની પ્રભાવના કરવામાં આવી. પાવાપુરીમાં પૂ.સા. સિધ્ધગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ પરિવર્તનનો લાભ સોની હંસાબેન નવિનચંદ્ર શાંતિલાલ પરિવારે લીધો તથા ભક્તિનગરમાં પૂ.સા શિલગુણાશ્રીજી મ.સા. આદિઠાણાના ચાતુર્માસ પરિવર્તનનો લાભ સોની મનોજકુમાર કાંતિલાલ વાસણવાળાએ લીધો હતો. બન્ને જગ્યાએ વ્યાખ્યાન બાદ સારી પ્રભાવના થઈ. ત્યારબાદ શ્રી સંઘની પરંપરા મુજબ શ્રી શાંતિનાથ જિનાલયથી વાજતે ગાજતે શ્રી શત્રુંજય મહાતીર્થના પટ્ટ લઈને દાદાવાડીમાં સંઘ દ્વારા નૂતન નિર્મિત પટ્ટના દર્શન સોની શાન્તાબેન ચંપકલાલ મફતલાલ પરિવાર તથા બીજા પટ્ટના દર્શન કરાવવાનો લાભ સોની મધુબેન શાંતિલાલ નેમચંદ પરિવારે લીધો હતો. પૂ.શાસનરસા મ.સા.એ શ્રી સંઘને સુંદર ભાવયાત્રા કરાવી. ત્યારબાદ શ્રી સંઘ સ્વામી વાત્સલ્ય કાયમી દાતાઓ શેઠ ચંદુલાલ નેમચંદભાઈ ધાણધારા પરિવાર, સોની ઉષાબેન ચંપકલાલ, શેઠ કીર્તિલાલ રતિલાલ શાહ પરિવાર, શેઠ પરિવાર સુરેશકુમાર રમણીકલાલ ગાંધી પરિવાર તથા સુરાણી રાઈબેન અમૃતલાલ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું.

## નૂતન વર્ષ ....

**અનુસંધાન ૩ નુ ચાલુ....**

જી આ ઈ ડી સી ના નવનિયુક્ત ચેરમેન બલવંતસિંહ રાજપુત, કરણસિંહ ચાવડાને ફુલહાર, સાલ, પાઘડી અર્પણ કરી વિશિષ્ટ સન્માન કર્યું હતું. ઉપરાંત સમાજના તમામ સંગઠનોએ બન્ને મહાનુભાવોને સત્કારી સન્માન કર્યું હતું.

તા.પં.પૂર્વ પ્રમુખ પી.ડી.હડિયોલ (પિલુચા), ડૉ.રતુજી રાણા, ભિખુસિંહ પરમાર, ભરતસિંહ જી.સોલંકી, નાથુજી એમ. સોલંકી, મુળરાજસિંહ સોલંકી (વરવાડીયા), ડી.વી.સોલંકી, દિગ્ધવિજયસિંહ સોલંકી, સામંતસિંહ સોલંકી સહિત રાજપુત સમાજના તમામ અગ્રણીઓ, યુવાનોએ કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આભારવિધિ અગ્રણી જવાનસિંહ રાજપુતે (મહોબતગઢ) કરી હતી.

## ભાભરની સીસોદરા....

**અનુસંધાન ૩ નુ ચાલુ....**

અને ગૌભક્તોમાં આનંદની લાગણી જન્મી છે. ગૌશાળામાં ગૌમુત્રમાંથી જંતુનાશક દવા બનાવવાનો પ્લાન ચાલુ કરાયો છે. જેમાં દૈનિક ૨૦૦ લીટર જંતુનાશક દવા બને છે. શરૂઆતમાં નાના આયોજનરૂપે ગૌશાળાની ગાયોનું મુત્ર ઉપરાંત સીસોદરા અને ગોસણ ગામના ખેડુત - ગોપાલકની ગાયોનું ગૌમૂત્ર પાંચ રૂપિયે લીટર ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. આ નવતર અભિયાનથી ગૌપાલનમાં વધારો થશે અને ખેતપેદાશમાં રસાયણિક જંતુનાશક દવામાંથી મુક્તિ મળશે. તેવો ઉદ્દેશથી કામ કરવામાં આવી રહ્યું છે. બાદમાં ભાભર તાલુકાના ૫૩ ગામોમાંથી ગૌમૂત્રની ખરીદી કરવામાં આવશે. જેના કારણે ખેડુતો વધુને વધુ દેશી ગાયો રાખવા તરફ વળશે. ભાભરની આ ગૌશાળાએ ગૌમુત્ર ખરીદવાની પહેલ કરી છે. ખેડુતો અને ગૌપાલકોને આર્થિક ફાયદો કરાવશે તે ઉપરાંત આ વિસ્તારના લોકો વધુને વધુ ગાયનુ દુધ અને ઘી ખાઈને પોતાનુ આરોગ્ય જાળવવામાં સફળ થશે. ગાયનું દુધ અને ઘી અનેક જીવલેણ રોગો મટાડે છે. ગૌ મુત્રમાંથી બનતી જંતુનાશક દવાઓ તાલુકાના તમામ ગામોમાં વેચાશે અને રસાયણિક જંતુનાશક દવાઓમાંથી મુક્તિ મળશે. તેવા ઉદ્દેશ સાથે નવતર અભિયાન ચાલુ કરવામાં આવતા ગૌપ્રેમીઓ અને ખેડુતોમાં આનંદની લાગણી જન્મી છે. સીસોદરા શક્તિધામ ગૌશાળામાં ૨૦૦ પરિવારોને ગૌમૂત્રના માધ્યમથી મોટો આર્થિક ફાયદો થઈ રહ્યો છે. ભવિષ્યમાં તાલુકાના ખેડુતોને ગૌમૂત્રમાંથી લાભો મળતા થશે. તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્તમાન સમયમાં આ પ્લાન્ટમાં ૧૨ લોકો રોજગારી મેળવી કામ કરી રહ્યા છે.

## મેમદપુર રેફરલ ....

**અનુસંધાન ૩ નુ ચાલુ....**

સામુહીક આરોગ્ય કેન્દ્ર આશીર્વાદ સમાન છે. મેમદપુરના જૈન શ્રેષ્ઠી ટોરેન્ટ ગૃપના માલિક સુશ્રી શારદાબેન લાખ્ખો રૂપિયાના ખર્ચે માદરે વતનમાં રેફરલ હોસ્પિટલનું નિર્માણ કર્યું હતુ. જેના ફળ સ્વરૂપ વડગામ પંથકના લોકોની આરોગ્ય સેવા ઘરઆંગણે ઉપલબ્ધ થઈ છે. અત્યારે ફરજ બજાવતા અધિક્ષક ડો.રણજીતસિંહ ગઢવીની પ્રસંશનિય સેવાના ફળસ્વરૂપ મેમદપુર સામુહીક આરોગ્ય કેન્દ્રને રાજ્યકક્ષાના એવોર્ડ પ્રાપ્ત થયા છે.

દરમિયાન તા.૨/૧૧/૧૭ ગુરૂવારે ટોરેન્ટ ગૃપના માલિક સુશ્રી શારદાબેન ઉત્તમલાલ મહેતા અને મેમદપુર રેફરલ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત લઈ આરોગ્ય સેવાઓની માહિતી પ્રાપ્ત કરી હતી. અને મેમદપુર રેફરલ હોસ્પિટલની રાજ્યકક્ષાએ ખ્યાતી વધારનાર અધિક્ષક ડો.રણજીતસિંહ ગઢવીને રૂા.એક લાખનો ચેક અર્પણ કરી વિશિષ્ટ સન્માન કર્યું હતું તથા સ્ટાફગણને પણ સત્કાર્યા હતા. આ પ્રસંગે મહેન્દ્રભાઈ એમ.દેસાઈ લલીતભાઈ એમ.મહેતા, એમ.ડી.રાઠોડ, દેવલભાઈ ઝવેરી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સામુહિક આરોગ્ય કેન્દ્ર મેમદપુર તરફથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## જિલ્લામાં દારૂ...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

અધિકારી તરીકે છાપ ધરાવતા અને સિંઘમનું બિરૂદ મેળવનાર યુવા એસ.પી. નિરજ બડગુજર રાત્રિ સમયે વિવિધ પોલીસ મથકના ફરજ પરના અધિકારીઓ તેમજ પેટ્રોલીંગ કરતા પોલીસ કર્મીઓની પણ તપાસ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં લૂંટ છેતરપીંડી અને હત્યા જેવા ગુનાઓનું પણ પ્રમાણ સબસલામત વચ્ચે વધવા પામ્યું છે તે કડવું સત્ય બની રહ્યું છે

## અક્ષરધામ હુમલો : અજમેરી અંતે સાબરમતી જેલ હવાલે

અમદાવાદ

દેશ અને દુનિયામાં જબરદસ્ત ખળભળાટ મચાવ નારા અક્ષરધામ હુમલાના માસ્ટર માઈન્ડ એવા આંતકવાદી અબ્દુલ રશીદ અજમેરીને શહેર ક્રાઈમબ્રાંચે આજે અરજન્ટ ચાર્જના ન્યાયાધીશ પી.બી.દેસાઈના નિવાસસ્થાને રજૂ કર્યો હતો અને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જો કે, કોર્ટે આરોપી અબ્દુલ રશીદ અજમેરીના રિમાન્ડ નામંજૂર કર્યા હતા અને તેને જ્યુડીશીલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કર્યો હતો.

# બાઈક-ડમ્પર અથડાતા બે સગા ભાઈના મોત

મેઘરજ

મેઘરજના વાઘમહુડી નજીક શુક્રવારના રોજ પુરઝડપે આવતાં ડમ્પર ચાલકે પલ્સર બાઈક સવાર ત્રણ શખસોને અડફેટે લેતાં બે સગા ભાઈઓનાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. માલપુર તાલુકાના ધોળેશ્વર ગામના ત્રણ શખસો પલ્સર બાઈક લઈને મેઘરજ જી.ઈ.બી. બોર્ડમાં કામ અર્થે આવ્યા હતા અને કામ પૂર્ણ કરીને પોતાના ઘર તરફ જતા હતા. તે અરસામાં વાઘમહુડી ડેરી પાસે સામેથી પુરઝડપે આવતાં ડમ્પરે પલ્સર બાઈક સવારના ત્રણ શખસોને અડફેટે લેતાં બે સગા ભાઈઓ કટારા ભેમાભાઈ મંગળાભાઈ (ઉ.વ. ૩૫) અને કટારા સોમાભાઈ મંગળાભાઈ (ઉં.વ.આ. ૪૫) રહે. ધોલેશ્વર, તા. માલપુરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.જ્યારે અન્ય એક શખસ કિશન રમણલાલા કટારાનો આબાદ બચાવ થયો હતો.

## ગુરૂ નાનક જયંતિ નિમિત્તે પાટણમાં શોભાયાત્રા નીકળી : શીખ સિંધી પરિવારો જોડાયા

પાટણ

શહેરના ગોળશેરી ગુરૂ નાનકજીના મંદિર પરિસરમાં શનિવારના રોજ ગુરૂ નાનકજી જયંતિ પર્વની શીખ અને સિંધી પરિવારજનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂ નાનકજીની જયંતિ પર્વને અનુલક્ષી મંદિર પરિસરને શણગારવામાં આવેલ સવારે પૂજા- વિધી બાદ ગુરૂ નાનકજીની શણગારેથી બગીમાં ભવ્ય શોભાયાત્રા મંદિર પરીસરથી પ્રસ્થાન પામી ત્રણ દરવાજા ધી બજાર દોડશીવટ બજાર ઝવેરી બજાર થઈ સોનીવાડામાં આવેલ વાઘેશ્વરી માતાજીના મંદિરે સંપન્ન બની હતી. જ્યાં શોભાયાત્રાનું ભવ્ય સામૈયું કર્યુ હતું. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શીખ અને સિંધી પરિસરના સભ્યોએ પોતાના અસલી પહેરવેશ ધારણ કરી જોડાતા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. રાત્રે ૧૨ વાગ્યે ગુરૂ નાનકજીની કેક કાપી ઉપસ્થિત ભાવિક ભક્તોએ પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરી પર્વની ઉજવણીને યાદગાર બનાવી હતી.

# પાટણમાંથી ઘર આગળ પાર્ક કરેલા બાઈકની ઊઠાંતરી

પાટણ

પાટણના ગોકુળવિલા સોસાયટીમાં મકાન આગળ પાર્ક કરેલા બાઈકને રાત્રી અંધકારનો લાભ લઈને કોઈ ચોર શખસ ચોરી કરી લઈ પાટણ. પાટણના ગોકુળવિલા સોસાયટીમાં મકાન આગળ પાર્ક કરેલા બાઈકને રાત્રી અંધકારનો લાભ લઈને કોઈ ચોર શખસ ચોરી કરી લઈ ગયો હતો. પાટણ શહેરના ગોકુળવિલા સોસાયટી મકાનમાં રહેતા રામાભાઈ જેમલભાઈ જોષી તેમનું મોટર સાયકલ જીજે ૨૪ ૬૧૭૧નું તેમના ઘર આગળ મુકેલ જે કોઈ અજાણ્યો ૨-૦૪-૧૭ રાત્રે ઉઠાંતરી કરી લઈ ગયેલા જેની શુક્રવારના રોજ પાટણ બી ડીવીઝન પોલીસ મથકે આવી બાઈકની ચોરી કર્યા હોવાની ગુન્હો નોંધાયો હતો.

# કડીમાંથી સગીરાને ભગાડી જનાર યુવક વિરૂધ્ધ ફરિયાદ

મહેસાણા

કડી ખાતે સપ્તાહ પૂર્વે એક સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો, આ અંગે સગીરાની માતાએ યુવક વિરૂધ્ધ કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ ચલાવેલ છે. જાણવા મળતી વિગતો અનુસાર કડી ખાતે શુકન સોસાયટીમાં રહેતા અખુજી નાથાજી ઠાકોર સામે એક મહિલાએ ગત ગુરુવારે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે આરોપી યુવક પોતાની સગીર વયની પુત્રીને ગત ૧૪ ઓક્ટોબરે લગ્નની લાલચે ભગાડી ગયો હતો, આ બાબતે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પૂરગસ્ત ગામોના સમુદાયો માટે ખેડૂત શિબિર યોજાઈ

સાંતલપુર

વિકસતસંસ્થા દ્વારા સુજલોન ફાઉન્ડેશન આર્થિક સહયોગથી પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના પૂરગ્રસ્ત ગામોના સામુદાયો માટે કૃષિ આધારિત પુનઃઆજિવિકા સુધારણા અંગે જીરૂ પાકની વૈજ્ઞાનીક ખેતિ પદ્ધતિ અંગેની એક દિવસીય ખેડૂત શિબિર નલીયા, કમાલપુરા, ગોખાંતર, ગામડી અને નવ બનાસ ગામે યોજવામાં આવી હતી. શિબિરમાં તજજ્ઞો ડૉ.દિનેશભાઈ ગૌસ્વામી કૃષિ સંશોધન વૈજ્ઞાનિક, વેસ્ટન એગ્રો બાયોસીડ રાંધેજા તેમજ રવિન્દ્રભાઈ વાઘ પ્રોગ્રામ કોઓ ડિરેકટર વિકસત અને પરેશભાઈ પટેલ સહિત જીરૂની ખેતિ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવા વિશે ખેડુતોને માર્ગદર્શન આપ્યુ હતું. ખેડૂતોએ જીરૂ બિનપિયત અને ઓછા પિયતથી જાતનું કિટસ શિયાળું સીજનમાં વાવેતર કરવા માટે કિટસ વિતરણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ આયોજન જલાભાઈ રથવી ફિલ્ડ કો- ઓડિનેટર વિકસત ફિલ્ડ ઓફિસ રાધનપુર દ્વારા કર્યુ હતું.

## ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૨ મી જન્મ્ જયંતિએ પાટણ પોલીસ ગ્રાઉન્ડ ખાતેરન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

પાટણ

અખંડ ભારતના શિલ્પીલોહપુરુષસરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૨ મી જન્મ જયંતીએ કૃતજ્ઞ પાટણ જિલ્લાએ ભારત રત્ન સરદારસાહેબને તેમના મહાન કાર્યોબદલ માંનાજલી પાઠવી હતી .જીલ્લા ભરમાં "રાષ્ટ્રીય ઐકય "ને પ્રેરક "રન ફોર યુનિટી "કાર્યક્રમમાં યુવાનોએ ભાગ લઈ રાષ્ટ્રીય એકતાને શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને માંનાજલી અર્પી હતી .રન ફોર યુંનીતીમાં પોલીસ જવાનો સહીત યુવાનો સહભાગી બન્યા હતા .

# બાયડમાં પાલિકા દ્વારા લાખોના ખર્ચે લગાવેલા સીસીટીવી કેમેરા છ માસથી બંધ

બાયડ

બાયડ નગરપાલિકાની મનમાનીને પગલે શહેરીજ નોની મુશ્કેલીઓ વધી રહી છે એટલુ તો ઠીક પરંતુ ચીફઓફિસરની અણ આવડ તના કારણે શહેરીજ નોની સલામતી માટે રૂા.૧૫ લાખના ખર્ચે લગાવેલા સીસીટીવી કેમેરા હાલ શોભાના ગાંઠીયા સમાન બન્યા છે. આ કેમેરા છેલ્લા છ માસથી બંધ હાલતમાં છે અને ધૂળ ખાઈ રહ્યા છે.

ચેઈન સ્નેચિંગના કેસની તપાસમાં પોલીસે કેમેરા તપાસતા બંધ માલુમ પડતા પોલીસ પણ નિરાશ થઈ હતી બંધ કેમેરાના મુદે ચીફ ઓફિસર ફિરોજ રાઠેડે જણાવેલ કે કેમેરા રિપેર કરવા મેન્ટેનન્સ નથી, ચૂંટણી પછી વાત. આવા બે જવાબદારી ભર્યા નિવેદન આપતા પાલિકાના અંધેર વહીવટની સામે ફિટકાર વરસી રહ્યો છે.

# મહેસાણાઃ પિતાનું બાઈક લઈને દુધ લેવા ગયેલા કિશોરની લાશ કેનાલમાંથી મળી

મહેસાણા

મહેસાણા શહેરમાં ઘરેથી દૂધ લેવા જવાનું કહી બાઈક લઈને નીકળેલો ધોરણ-૧૦નો વિદ્યાર્થી ગુમ થયાના ૨૪ કલાક બાદ મોઢેરા પાસે નર્મદા કેનાલમાંથી શનિવારે બપોરે લાશ મળી આવવાની ઘટનાએ ચકચાર જગાવી છે. કિશોરના મૃત્યુના રહસ્ય વચ્ચે મહેસાણા તાલુકા પોલીસે લાશનું પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ મહેસાણા તાલુકાના પાલજ ગામના અને શહેરના મોઢેરા રોડ પર અવસર પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા પ્રાર્થના બંગ્લોઝમાં રહેતા ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલા કલ્પેશભાઈ ભરતભાઈ પટેલ શુક્રવારે ઘરે જમવા ગયા ત્યારે રાબેતા મુજબ અર્બન હાઈસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો તેમનો પુત્ર ધ્રુવ (૧૪) તેમનું બાઈક (જીજે ૨ એએમ ૯૪૫૩) લઈને ઘરેથી દૂધ લેવા ગયો હતો. જમીને ઊઠ્યાના બે કલાક સુધી પુત્ર ઘરે પરત ન ફરતાં કરેલી તપાસમાં ધ્રુવ દૂધ પાર્લરે ગયો જ ન હોવાનું ખુલતાં તેની શોધખોળ હાથ ધરાઈ હતી.

કલાકોની શોધખોળ વચ્ચે રાત્રે ૯-૧૫ કલાકે મોઢેરા પાસે કેનાલ પાસેથી પોલીસને બાઈક મળી આવતાં ધ્રુવ કેનાલના પાણીમાં હોવાની આશંકા વચ્ચે શોધખોળ હાથ ધરાઈ હતી. જેમાં શનિવારે બપોરે ૧૨-૪૫ વાગે અમદાવાદ ફાયરબ્રિગેડ અને તરવૈયાઓની મદદથી ધ્રુવની લાશ કેનાલમાંથી મળતાં જ હાજર પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. કિશોરના મૃત્યુ પાછળનું કારણ ઘટનાના ૨૪ કલાક બાદ પણ રહસ્યમય રહ્યું છે. ત્યારે મહેસાણા તાલુકા પોલીસે લાશનું પીએમ કરાવી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**આવું પગલું કેમ ભર્યુ તેની ખબર પડતી નથી : માતા**

**પુત્રના મૃત્યુએ પટેલ દંપતીને હચમચાવી મૂક્યું છે. એકનો એક પુત્ર ગુમાવ્યાની વેદના સાથે ધ્રુવની માતાએ કહ્યું કે, ઘરેથી જ્યારે દૂધ લેવા નીકળ્યો ત્યારે હસતો રમતો નીકળ્યો હતો. તેના ચહેરા પર કોઈ જ દુઃખ જણાતું ન હતું. તેણે આવું પગલુ કેમ ભર્યુ તે જ ખબર પડતી નથી. નોંધનીય છે કે, ધ્રુવના પરિવારે તેની શાળા, ટ્યૂશનમાં જ નહીં મિત્રોમાં પણ પૂછપરછ કરી તેને કોઈ તકલીફ હતી કે કેમ તે જાણવા પ્રયાસ કર્યો હતો.**

# ચાણસ્મા એસટી ડેપોનો મુખ્ય પ્રવેશ દ્વાર બંધ કરવામાં આવતા મુસાફરોમાં રોષ

ચાણસ્મા

ચાણસ્મા એસટી ડેપો દ્વારા મુસાફરોની અવરજવર માટેનું મુખ્ય પ્રવેશદ્વાર છેલ્લા કેટલાક સમયથી બંધ કરી દેવામાં આવતા લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે. જ્યારે બીજી બાજુ એસટી નિગમના નિયમ મુજબ જે બસના કિલોમીટર પૂરા થઈ ગયા હોય તેવી સાતેક જેટલી બસોનું સંચાલન આજે પણ ચાલુ રાખવામાં આવતાં મુસાફરોની સલામતી સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. ઉપરાંત, નવા ડેપોના ઉદ્દઘાટન બાદ આજે પણ જુના ડેપોના મકાનમાં એટીઆઈ અને ટીઆઈની ઓફિસ ચાલુ રાખવામાં આવતા મુસાફરો બે કચેરીઓ વચ્ચે જરૂરી માહિતી મેળવવા ચક્કર કાપી રહ્યા છે. તેમ છતાં તાલુકાના અધિકારી દ્વારા સબ સલામત હોવાની કેસેટ વગાડવામાં આવી રહી છે.



ચાણસ્મા એસટી ડેપોમાં એસટીના અપ- ડાઉન બે પ્રવેશદ્વાર હાલમાં ચાલુ છે, પરંતુ તેની બાજુમાં આવેલો મુસાફરો માટેનો પ્રવેશદ્વાર છેલ્લા કેટલાય સમયથી બંધ કરી દેવામાં આવ્યો છે. પરિણામે એસટીના પ્રવેશ દ્વારમાંથી જ મુસાફરોની અવર- જવર ક્યારેક ગંભીર અકસ્માત સર્જી શકે તેમ છે. આજથી ત્રણેક માસ પહેલાં રૂા. દોઢ કરોડના ખર્ચે સંપૂર્ણ સુવિધા સજ્જ એસટી ડેપો જનતાને સમર્પિત કરવામાં આવ્યો છે એન તેમાં એટીઆઈ અને ટીઆઈ સહિતના કર્મચારી ઓને બેસવા માટે અલગ ઓફિસ હોવા છતાં આ બંને અધિકારીઓ કામચલાઉ જુના ડેપોમાં આજે પણ તેમની ફરજ બજાવે છે. જેથી અજાણ્યા મુસાફરો એસટીના ટાઈમ માટે ભૂલની તેમની ઓફિસે પહોંચી જાય છે. અન્ય તમામ સ્ટાફ જુના ડેપોમાં ફરજ બજાવે છે ત્યારે આ બંને કર્મચારીઓના ઓફિસના સ્થળાંતર માટે કયા મુહુર્તની રાહ જોવાય છે તે સમજાતું નથી.

એસટી નિગમના નિયમ મુજબ, જે એસટીના કિલોમીટર પૂરા થઈ ગયા હોય તેવી એસટી મુસાફરોની સલામતી ખાતર બંધ કરી દેવામાં આવે છે. પરંતુ એસટીની અપૂરતી સંખ્યાના બહાના નીચે આ ડેપો દ્વારા સાતેક જેટલી બસોનો ઉપયોગ મુસાફરોની હેરફેર માટે કરવામાં આવે છે, જે ક્યારેક ગંભીર અકસ્માત નોંતરી શકે તેમ છે. પરંતુ આ પ્રશ્નના નિરાકરણ માટે નિગમ દ્વારા વધારાની બસ ફાળવી આપવામાં આવતી નથી. સૌથી ગંભીર બાબત તો એ છે કે કંડક્ટર/ ડ્રાઈવરની ડ્યૂટી લિસ્ટ એટીઆઈ/ ટીઆઈ દ્વારા લખવાનું ફરજિયાત છે ત્યારે અહીંનંના ડેપોમાં ડ્યુટ- ીલિસ્ટની તમામ જવાબદારી અન્ય કર્મચારી પાસેથી લેવામાં આવે છે. જે લિસ્ટના હસ્તાક્ષર પરથી સાબિત થઈ શકે તેમ છે. પોતાની ફરજ ચુકી અન્ય કર્મચારીને આ મહત્વની જવાબદારી આપી દઈ ખુલ્લેઆમ નિયમોનો ભંગ થઈ રહ્યો છે અને ડ્યૂટીલિસ્ટ બનાવનાર કર્મચારીની હાજરી પૂરી દેવામાં આવે છે. જ્યારે જેમની ફરજમાં આવે છે તેવા જવાબદાર કર્મચારીઓ તેમની ફરજ બજાવવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે. આ અંગે સ્થાનિક યુનિયનને ડેપો મેનેજરને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવામાં આવતા નથી. સાથે જ , ચાણસ્મા ડેપો ભૂતકાળમાં મોખરાનું સ્થાન ધરાવતો હતો, પરંતુ તેના વહીવટમાં ક્યાંકને ક્યાંક ક્ષતિઓ બહાર આવી રહી છે.

# પાટણમાં કિલાચંદ શોપીંગ સેન્ટરમાં ઠેરઠેર કચરાના ઢગલાથી વેપારીઓ ત્રસ્ત

પાટણ

પાટણ ખાતે રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ કિલાચંદ શોપીંગ સેન્ટરની અંદર અસંખ્ય દુકાનો આવેલ છે. આ શોપીંગ સેન્ટર જવાનો મુખ્ય રોડ છેલ્લા કેટલાય સમયથી ઉબડખાબડ બની ગયેલ છે. એટલે નાના દ્વિચક્રી વાહનોને ટેકનીકલ દ્રષ્ટિએ ખુબ જ નુકસાન થાય છે. ત્યારે શોપીંગ સેન્ટરની અંદર જયાં ત્યાં કચરાના ઢગલા પડ્યા હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. શોપીંગની અંદર પણ કેટલાક રસ્તા તુટી ગયા છે. તેથી દ્વિચક્રી વાહનને નિકળવું મુશ્કેલ બને છે.

સદર શોપીંગ સેન્ટર બન્યુ ત્યારથી નગરપાલિકા દ્વારા મહિને બે મહિને કચરાની સફાઈ થાય છે. આથી વેપારીઓ ત્રાસી ઉઠ્યા છે. સફાઈ કર્મચારીઓ કચરો એકત્ર કરી ત્યાં તે સળગાવી નાંખતા વાતાવરણ પણ દુષિત બને છે. શહેરોમાં મોટાભાગે કચરો ઉપાડવામાં આવતો જ નથી. સ્ટેશન રોડ પર અનેક જગ્યાએ કચરો સળગાવી દેવામાં આવે છે.

# બહુચરાજીમાં પાટીદારોનું સ્નેહસંમેલન યોજાયા બાદ જાહેરનામાના ભંગની ફરિયાદ નોંધાઈ

ચાણસ્મા

ગઈ ૩૧ મી ઓક્ટોબરના રોજ બહુચરાજીમાં ખાનગી જગ્યામાં પાટીદાર સ્નેહ સંમેલન યોજાયું હતું. જેના પાંચ દિવસ બાદ સફાળા જાગેલા વહીવટીતંત્રએ ૪ થી તારીખને સાંજે જાહેરનામા ભંગની બહુચરાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પાટીદાર સમાજમાં રોષની લાગણી ભભૂકી ઉઠી છે. સમાજના સ્નેહ સંમેલન યોજાયાના ૫-૫ દિવસ બાદ ફરિયાદ કરવા પાછળ રાજકીય પૂર્વગ્રહ રખાયો હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે અને તેના અવળા પડઘા આગામી ચુંટણીમાં પડી શકે છે.

બહુચરાજી તાલુકા પાટીદાર સમાજ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગઈ ૩૧ મી ઓક્ટોબરના રોજ બહુચરાજી ખાતે મણિધર વિલેજમાં રાત્રે સમાજનું સ્નેહમિલન યોજાયું હતું. જેમાં સમાજના ભાઈઓ અને બહેનોએ હાજરી આપી હતી. આ સંમેલન યોજાયાના ૫ દિવસ બાદ શનિવારે સાંજે બહુચરાજી તાલુકા વિકાસ અધિકારી પટેલ અણદાભાઈ કાનાજી દ્વારા પટેલ હસમુખભાઈ આત્મારામભાઈ સહિત અન્ય માણસો વિરૂદ્ધ જાહેરનામા ભંગની કલમ આઈપીસી કલમ ૧૮૮ અને ૧૧૪ મુજબ બહુચરાજી પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુ.ર.નં. ૭૮/૧૭ થી ગુનો નોંધાવવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, વહીવટીતંત્ર દ્વારા ૩૧ મી તારીખે રક્તદાન કેમ્પ અને સરદાર શોભાયાત્રાની જ મંજૂરી આપવામાં આવી હતી. આમ છતાં આયોજકો દ્વારા પૂર્વ મંજુરી વિના સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું અને તેમાં હાર્દિક પટેલની વાંધાજનક ક્લીપો પ્રદર્શિત કરી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરાયો હોવાની ઉલ્લેખ કરાયો છે.

બીજી બાજુ, પાટીદાર સમાજના સ્નેહ સંમેલનના આયોજન સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું જાહેર થતાં પાટીદાર સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આયોજક અને જેમની વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે તેવા હસમુખભાઈ પટેલે જણાવ્યું કે, ટીડીઓ દ્વારા ફરિયાદ રાજકીય પ્રેશર હેઠળ અને પૂર્વગ્રહ રાખીને જ નોંધાવવામાં આવી છે. પ્રેશર હેઠળ અને પૂર્વગ્રહ રાખીને જ નોંધાવવામાં આવી છે. આ સંમેલન કોઈ રાજકીય નહીં; પણ સામાજિક આયોજન હતું અને તે પણ ખાનગી જગ્યામાં તેના માલિકની મંજુરીથી યોજવામાં આવ્યું હતું.

જાહેરનામાનો ભંગ થતો જ હતો. જે તે દિવસે પોલીસતંત્ર પણ ફરિયાદ કરી શકતુ હતું. પરંતુ પોલીસને બદલે ચૂંટણી આચારસંહિતા અધિકારી ફરિયાદ નોંધાવે તે બાબત રાજકીય પૂર્વગ્રહ પર આંગળી ચીંધે છે.

સ્થાનિક વર્તુળોમાં થતી ચર્ચા મુજબ, આ ફરિયાદ પાછળ જિલ્લાના એક કદાવર રાજકીય નેતાનો દોરી સંચાર છે અને તેમના દ્વારા જિલ્લા વહીવટીતંત્ર ઉપર દબાણ કરવામાં આવતા તાલુકા વિકાસ અધિકારી શનિવારે બપોરે છેક બનાસકાંઠાના તેમના વતન લાખણીથી મારતા ઘોડે બહુચરાજી પહોંચી ફરિયાદ નોંધાવી હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.

# કાર્તિકી પૂર્ણિમા : શામળાજી - ખેડબ્રહ્મામાં માનવ મહેરામણ ઉમટ્યું

શામળાજી

શામળાજી ખાતે શુક્રવારથી કારતકી પૂર્ણિમાનાં મેળાનો પ્રારંભ થયો છે. ત્યારે આ મેળાના પૂર્ણિમાના બીજા અને અંતિમ દિવસે લાખો ભક્તોએ ભગવાન શામળાજીનાં દર્શન કર્યા હતાં. હજારો ભક્તોએ નાગધરા કુંડમાં આસ્થાની ડૂબકી માર્યા બાદ ભગવાન શામળાજીના દર્શન કરી પોતાની માનતાઓ પૂરી કરી હતી. આ ઉપરાંત મેળામાં ભરાયેલ બજારોમાં પણ આસપાસના વિસ્તારના લોકોની ખરીદી માટે ભીડ જોવા મળી રહી હતી. લોકોએ મેળામાં વિસ્તારના આદુ રતાળુ અને શેરડીની મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી. ખેડબ્રહ્મામાં હરણાવ, કોસંબી અને ભીમાક્ષી નદીઓના ત્રિવેણી સંગમ કિનારેના ભૃગુઋષિ મહાદેવના મંદિર દિવસે મેળો ભરાયો હતો. ભીમાક્ષી નદીમાં માત્ર કારતકી પૂનમના દિવસે જ સવારે ગંગા નદી પ્રગટ થતી હોવાની શ્રધ્ધા અને આસ્થાના કારણે હજારો ભક્તો નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. ભીમાક્ષી નદીમાં પિતૃઓના અસ્થિ વિસર્જન કરતા તે ઓગળી જતા હોય છે. તેથી વહેલી સવારે પાંચ વાગ્યાના સુમારે ઘણા પરિવાર અસ્થિ વિસર્જન કરવા તથા મોક્ષની વિધિ કરવા માટે ઉમટી પડ્યા હતાં.

# દેવદિવાળીએ અંબાજી, બહુચરાજી અને મોઢેરા મંદિરે દર્શન માટે શ્રદ્ધાળુઓની ભીડ

મહેસાણા

કારતક સુદ પૂર્ણિમા અને દેવદિવાળીના તહેવારને લઈ યાત્રાધામ અંબાજી મંદિરમાં દર્શન માટે યાત્રિકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શનિવારે સવારથી જ ચાચરચોકમાં બાવન ગજની લાંબી ધજાઓ લઈ યાત્રિકો ઉમટતા સમગ્ર ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મહેસાણા જિલ્લાના મોઢેરાના મોઢેશ્વરી માતા જીના મંદિરમાં માતાજીને અન્નકૂટનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. તેમજ આ પ્રસંગે મહાઆરતી યોજાઈ હતી.

**શ્રદ્ધાળુઓ મા બહુચરના દર્શને ઊમટી પડ્યા**

**આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. બહુચરાજીમાં પણ ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ મા બહુચરના દર્શને ઊમટી પડ્યા હતા. માતાજીને અન્નકૂટ પ્રસાદ ધરાવાયો હતો. વહેલી સવારથી જ માના દર્શન માટે ભક્તોની લાઈન લાગી હતી. અનેક પગપાળા સંઘોએ માના મંદિરે ધજા અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. રાત્રે માતાજીની શોભાયાત્રામાં પણ મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા.**

# મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બહુચરાજીમાં મહિલા કાર્યકરોનું સંમેલન યોજાયું

ચાણસ્મા

બહુચરાજી ખાતે ગતરોજ મહસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉમિયાવાડીમાં મહિલા કાર્યકરોનું સંમેલન યોજાયું હતું. પરંતુ આ સંમેલન એક મહિલા દાવેદારનું શક્તિ પ્રદર્શન બની રહેતાં પક્ષમાં આંતરિક ખટરાગ બહાર આવ્યો છે. આયોજક દ્વારા ૫ હજાર મહિલાઓ ભેગી કરવાના દાવા વચ્ચે માંડ પાંચસો મહિલાઓ હાજર રહી હતી. જેમાં ૬ લકઝરીમાં અમદાવાદથી મહિલાઓને લવાઈ હતી. બીજી બાજુ સ્થાનિક મહિલાઓની બાદબાકી સ્પષ્ટ જોવા મળી હતી. અહીંની ઉમિયાવાડીમાં યોજાયેલા જિલ્લા કક્ષાના મહિલા સંમેલનમાં ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સુમનદેવ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા પાંખના પ્રમુખ સોનલબેન પટેલ, ગુજરાતપ્રદેશના પ્રભારી શોભનાબેન શાહ સહિતે હાજર રહી સ્ટેજ પરથી મહિલા સશક્તિકરણનાં ગાણાં ગાયા હતા. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ સુમનદેવે જણાવ્યું કે, ગુજરાત મહિલાઓને વધુ ટિકિટ આપશે. સાથે અમારા માટે ગુજરાતની ચૂંટણી જીતવી પણ એટલી જ જરૂરી હોઈ એવી જ મહિલાઓને ટિકિટ અપાશે કે જે ચૂંટણી જીતી શકે તેમ હોય. બીજી બાજુ આ કાર્યક્રમ બહુચરાજી વિધાનસભા બેઠક માટે દાવેદારી કરનાર મહિલા માટેનું શક્તિપ્રદર્શન હોવાનું બહાર આવતા ખુદ કાર્યકરો પણ ચોંકી ગયા હતા. ચોંકાવનારી હકીકત એ હતી કે, આ સંમેલનમાં વર્ષોથી પક્ષમાં સક્રિય સ્થાનિક મહિલા કાર્યકરોની બાદબાકી કરવામાં આવી હતી. જ્યારે સંખ્યા બતાવવા અમદાવાદથી ૬ લક્ઝરી બસો ભરીને મહિલાઓને લાવવામાં આવી હતી. જે બાબત પક્ષના કાર્યકરોમાં ચર્ચાનું કારણ બની હતી.

**ગણ્યા ગાંઠ્યા દાવેદારો જ બોલાવાયા**

**જિલ્લા કક્ષાનું મહિલા કાર્યકર સંમેલન હોવા છતાં આયોજક દ્વારા જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો પર ટિકિટ માગનારા ૧૫૦ થી વધુ દાવેદારો પૈકી ગણ્યા- ગાંઠ્યા મળતિયાઓને જ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેને લઈ જેમને બોલાવવામાં આવ્યા ન હતા તેવા આગેવાનોમાં પણ રોષ ભભૂકી ઉઠ્યો છે.**

**મહિલા આયાતી ઉમેદવાર સામે વિરોધ**

**કોંગ્રેસ પક્ષ દ્વારા આ ચૂંટણીમાંદરેક જિલ્લામાંથી એક મહિલાને આપવાની ગણતરી રાખવામાં આવી રહી છે. ત્યારે જિલ્લાની બહુચરાજી વિધાનસભા બેઠક કે જે હાલ ભાજપ પાસે છે. તેની ઉપર મહિલાને લડાવવાની અને તે પણ એક મહિલા આયાતી ઉમેદવારને ટિકિટ આપવાની ચર્ચાએ જોર પકડતાં સ્થાનિક કાર્યકરોમાં ઉગ્ર વિરોધ ઉઠ્યો છે. જો આ બેઠક આયાતી મહિલાને ફાળવવામાં આવશે તો આ વખતે કોંગ્રેસને જીતવાનો પૂરતો ચાન્સ છે. ત્યારે હાથમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જવાની પૂરેપૂરી શક્યતા નકારી શકાતી નથી.**